بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

**બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-એપ્રિલ-૨૦૧૦**

**રબીઉલ આખર શરીફ-જમાદિઉલ અવ્વલ**

**હિજરી સન : ૧૪૩૧**

**વર્ષ : ૦૭, અંક : ૦૪, સળંગ અંક : ૭૬**



**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક) C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## અનુક્રમણિકા


૦૧ ગુસ્તાખે ખ્વાજા મે'રાજ રબ્બાની વિરુદ્ધ ક઼ાનૂની કાર્યવાહી ૦૨

૦૨ **દેવબંદીઓના અક઼ીદા દેખાડવાના જૂદા ને રાખવાના જૂદા !** ......*(તંત્રી લેખ)* ૦૩

૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૧૨

૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૪

૦૫ શિફ઼ા શરીફ઼ ૧૬

૦૬ હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین ૧૮

૦૭ હ઼દાઈક઼ે બખ્શિશ ૨૦

૦૮ દુનિયાના પ્રથમ મોઅઝ્ઝિન હઝરત બિલાલ ૨૧

૦૯ એવો કિરદાર અપનાવ કે જમાનો જેને મિટાવી ન શકે ૨૪

૧૦ અહલે સુન્નતમાં વિભાજન તથા અધોગતિના સબબો અને તેનું નિવારણ ૩૦

૧૧ સામાજિક ઝઘડા અને ઈસ્લામી તા'લીમાત ૩૭

૧૨ ઈસ્લામી તલબામાં રચનાત્મકવૃત્તિ કેવી રીતે પેદા કરવામાં આવે ? ૪૩

૧૩ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૬


## દિલ કો ઉનસે ખુદા જુદા ન કરે

કલામ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

દિલ કો ઉનસે ખુદા જુદા ન કરે
બેકસી લૂટ લે ખુદા ન કરે
યહ વહી હૈં કે બખ્શ દેતે હૈં
કૌન ઈસ જુર્મોં પર સજા ન કરે

દિલ કહાં લે ચલા હરમસે મુઝે
અરે તેરા બુરા ખુદા ન કરે
હશ્રમેં હમ ભી સૈર દેખેંગે
મુન્કિર આજ ઉનસે ઈલ્તેઝા ન કરે

ઝો'ફ માના મગર પે ઝાલિમ દિલ
ઉનકે રસ્તે મેં તો થકા ન કરે
જબ તેરી ખૂ હે સબકા જી રખના
વહી અચ્છા જો દિલ બુરા ન કરે

દિલ સે એક ઝૌકે મય કા તાલિબ હૂં
કૌન કહતા હે ઈત્તેક઼ા ન કરે
લે **''રઝા''** સબ ચલે મદીને કો
મૈં ન જાઉં અરે ખુદા ન કરે

# ગુસ્તાખે ખ્વાજા મે'રાજ રબ્બાની વિરુદ્ધ ક઼ાનૂની કાર્યવાહી

કાર્યાલય

ફેબ્રુ.માં મુંબઈ ખાતે સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ હઝરત મુઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી رحمۃ اللہ علیہની શાને પાકમાં તેમજ અન્ય બુઝુર્ગોની શાનમાં અપમાનજનક શબ્દો પોતાના બયાનમાં બોલીને તથા Web. પર ચઢાવી કુખ્યાત થયેલ મૌલાના મે'રાજ રબ્બાની પર ચોતરફથી ફિટકાર વરસી રહ્યો છે. આ મલઊન વહાબી "અહલે ખબીષ"માંથી છે. મહારાષ્ટ્રમાં તેના પર પ્રતિબંધ મૂકવા માટે તથા તેની તક઼રીર પર પાબંદી તથા તેની ધરપકડ કરી તેને યોગ્ય શિક્ષા આપવાની માંગ સાથે રઝા એકેડમી–મુંબઈ તથા અન્ય સુન્ની સંસ્થાઓએ તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ મુંબઈ બંધનું એલાન આપ્યું હતું, પણ પોલીસ કમિશ્નર–મુંબઈ સાથે સુન્ની ઉલમા તથા લીડરોની મિટિંગ બાદ મે'રાજ રબ્બાની સામે યોગ્ય ક઼ાયદેસર કાર્યવાહી કરવાની ખાત્રી મળતાં મુંબઈ બંધનો પ્રોગ્રામ મુલ્તવી રહ્યો હતો. *(સહાફત ઉર્દૂ દૈનિક પત્ર–મુંબઈ, તા. ૨૩–૨–૨૦૧૦)*

મે'અરાજ રબ્બાનીની ગુસ્તાખીપૂર્ણ બકવાસ પર સમગ્ર સુન્ની આલમમાં એક ઉશ્કેરાટ તથા અજંપાની લહેર દોડી ગઈ હતી અને ખાસ કરીને મુંબઈમાં ખૂબ જ હંગામો ખડો થઈ ગયો હતો. મુંબઈમાં એ બકવાસ કરનાર મોલ્વી વિરુદ્ધ ઘાટકોપર પોલીસ સ્ટેશનમાં પોલીસ કેસ દાખલ કરવામાં આવ્યો તો જેલથી બચવા માટે તેણે આગોતરા જામિન માટે કોર્ટમાં વકીલ મારફતે અરજી કરી તથા માફીનામા રૂપે એક પત્ર પણ પેશ કર્યો. પણ ફરિયાદીના વકીલ રિઝવાન મર્ચન્ટે અદાલતને બતાવ્યું કે, અસલમાં આ માફીનામુ છે જ નથી, કેમ કે એ મૌલાનાએ પોતાના આખા પત્રમાં ક્યાંય પણ પોતે ભૂલ કરી છે એવું સ્વીકાર્યું જ નથી જેથી એ માફીનામુ સ્વીકાર્ય નથી. એડવોકેટ મરચન્ટની ચર્ચાને સાંભળ્યા બાદ અદાલતે એ બેઅદબ મોલવીનું માફીનામું તેના વકીલને પરત કરી દીધું.

વધુમાં એડવોકેટ મર્ચન્ટે અદાલતને જણાવ્યું કે પાકિસ્તાની Web. પર મૂકેલ તકરીરમાં બુઝુર્ગાને દીનની ગુસ્તાખી ઉપરાંત મૌલાના મે'રાજે જેહાદની સમજૂતી ઉશ્કેરણીજનક અંદાઝમાં કરી છે. જ્યારે કે જેહાદનો અર્થ તદ્દન એ નથી કે કોઈ મુસલમાન કોઈ ગેર મુસ્લિમને ક઼ત્લ કરી નાખે. એમની તક઼રીરોથી કોઈપણ ઉશ્કેરાય શકે છે, તેની અસર કેવળ આ રાજ્ય પર જ નહીં બલ્કે આખા દેશમાં પડી શકે છે. આ મૌલાનાએ પાકિસ્તાની Web.પર મૂકેલ પોતાની એક તક઼રીરમાં એ પણ કહ્યું કે, "કેવળ પોતાની સરહદોની રક્ષા નહીં બલ્કે આપણે આગળ વધીને દુશ્મનોની સરહદ પર હુમ્લો કરીને તેમની સરહદોને મિલાવવાની છે." એવો શખ્સ જે સરહદોને પાર કરીને પડોશી દેશ સાથે યુદ્ધ કરવાની વાત કરી રહ્યો હોય તે ચોક્કસપણે આપણા દેશની સલામતી માટે ખતરો છે. મરચન્ટે કહ્યું, કોઈ શખ્સ દેશ બહાર પણ તક઼રીર કરી રહ્યો હોય અને તે અહીં સાંભળવામાં આવતી હોય તો તેની વિરુદ્ધ આઈ.પી.સી.ની ક઼લમ ૩ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. સરકારી વકીલે અદાલતને જણાવ્યું કે આરોપી મૌલાના મે'રાજની ધરપકડ કરી પોલીસ થકી જાંચ થવી જોઈએ કેમ કે એ જાણવું જોઈએ કે તેને કોની મદદ મળી રહી છે ? કેમ કે તેની તક઼રીર શંકાસ્પદ છે અને હાલમાં પુનામાં બોંબ વિસ્ફોટ પણ થયો છે. તથા એડવોકેટ હલ્વાસિયાએ એડવોકેટ મરચન્ટની વાતોને સમર્થન આપતાં કહ્યું કે, "ઈસ્લામ આપણને પ્યાર શીખવાડે છે જ્યારે કે મૌલાના મે'રાજની તક઼રીરથી હિંદુ મુસ્લિમનું તોફાન ખડુ થઈ શકે છે, કેમ કે તેમણે કૃષ્ણ તથા શીવલિંગના વિશે પણ ઉશ્કેરણીજનક બયાન આપ્યું છે. ઈસ્લામને ત્રાસવાદ સાથે કોઈ સંબંધ નથી જેથી સ્પષ્ટતા જરૂરી છે કે એમનો શું પ્લાન છે અને એની પાછળ કોણ છે ?" બંને પક્ષે ચર્ચા સાંભળ્યા બાદ જજ સાહબે મૌલાના મે'રાજની આગોતરા જામીનની અરજી ફગાવી દીધી સાથોસાથ તેની ધરપકડ સામે બે દિવસ માટે સ્ટે લગાડયો છે. *(ઉર્દૂ ટાઈમ્સ, ૧૦–૩–૨૦૧૦)*

૧૦ માર્ચના ઉર્દૂ અખ્બાર "સહાફત"માં છે કે વકીલ સંદીપ પાસવાને જણાવ્યું કે મે'રાજ રબ્બાનીના બયાનની CDમાં એમણે દરગાહો તથા મંદિરોને નુકસાન પહોંચાડવાની વાત કરી છે જેથી આ બાબતે પણ તપાસ થવી જોઈએ. સારાંશ કે ઉશ્કેરણીજનક વાતો કરનાર મજકૂર મૌલાનાના બયાનનું તેવર જણાવે છે કે આ મોલ્વી કોઈ આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલ છે.

જંબુસરના દેવબંદી 'અલ બલાગ' (માસિક)ના પ્રપંચનો પર્દાફાશ !

# દેવબંદીઓના અક઼ીદા દેખાડવાના જૂદા ને રાખવાના જૂદા !

તંત્રી લેખ

અત્યારે મારા હાથમાં દેવબંદી ફિર્કાનું માસિક **''અલ-બલાગ''** *(જાન્યુઆરી-૨૦૧૦, પ્રકાશક : જામિઆ ઉલૂમુલ કુર્આન-જંબુસર)* મૌજૂદ છે જેના પેજ નં. ૧૯ પર **''ઉલમાએ દેવબંદના અક઼ાઈદ''** નામનુ પ્રકરણ છે જેનો અભ્યાસ કરવાથી પુરવાર થાય છે કે ''હાથીના દાંત દેખાડવાના જૂદા અને ચાવવાના જૂદા'' આ કહેવત દેવબંદીઓ પર ૧૦૦% ફીટ થાય છે અને સાચે જ કહેવું પડશે કે ''દેવબંદીઓના અક઼ીદા દેખાડવાના જૂદા ને રાખવાના જૂદા!''

આ પ્રકરણની શરૂઆતમાં દેવબંદી લેખક મહાશય લખે છે કે ''અમુક બાબતો એવી છે જેના વિશે ઉલમાએ દેવબંદ વિશે ભ્રામકતાઓ પ્રસરાવવામાં આવે છે, એમના પ્રતિ ગલતફહમી ફેલાવવામાં આવે છે, આ અનુસંધાને આવી અમુક બાબતો વિશે ઉલમાએ દેવબંદના અક઼ીદાઓના સાર અત્રે રજૂ કરવામાં આવે છે.'' *(અલ-બલાગ, પેજ-૧૯)* પછી એના હેઠળમાં કેટલાક અક઼ીદા આ લેખક મહાશયે દેવબંદી ઉલમાના દર્શાવ્યા છે જેનો આપણે અભ્યાસ કરી એનું વિશ્લેષણ કરી એમની વાતોની સચ્ચાઈ ચકાસી લઈએ.

### ★ રવઝએ પાકની ઝિયારત અને મદીના મુનવ્વરાની સફર ★

આ બાબતે દેવબંદી દેખાડવાનો અક઼ીદો આ અલ બલાગ (માસિક)માં લખે છે કે :-

*''સૈયદુલ મુરસલીન ﷺના રવઝએ પાકની ઝિયારત કરવી મોટા સવાબનું કાર્ય છે, બલ્કે વાજિબ જેવું મહત્વ ધરાવે છે ચાહે એ માટે સફર કરવો પડે અને જાન-માલ ખર્ચ કરવાં પડે.''*

*''મદીના મુનવ્વરાની સફરમાં આપ ﷺની ઝિયારતની નિય્યત કરે, સાથે જ મસ્જિદે નબવી અને અન્ય પવિત્ર સ્થળોની ઝિયારતની નિય્યત કરે તો એ પણ દુરુસ્ત છે, પણ* ***બેહતર એ છે કે ફક્ત ક઼બ્ર શરીફની ઝિયારતની નિય્યત કરે,*** *કારણ કે એમાં નબીએ કરીમ ﷺનું સન્માન (તાઝીમ) વધારે છે.'' (અલ્-બલાગ માસિક, પેજ-૧૯, જાન્યુઆરી-૨૦૧૦)*

કેટલી રૂડી રૂપાળી ભ્રમમાં નાખતી વાતો છે ! જાણે આ કોઈ આશિકે રસૂલની જ વાણી છે ! પણ આવો એમની અસલિયત અહીં ખબર પડી જશે. આ છે એમના ધર્મની બંધારણીય કિતાબ ''તક઼વિયતુલ ઈમાન'' જે એમના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની લખેલી અને હસન ભડકોદ્રવીએ ગુજરાતી કરી છે જેના પ્રકાશક દારુલ ઉલૂમ-કંથારીયા (તા.જિ. ભરૂચ) છે, તેના પેજ નં. ૪૦-૪૧ ના લખાણમાં 'શિર્ક ફિલ ઈબાદત' (ઈબાદતોમાં શિર્ક)નું વર્ણન છે તેમાં વર્ણવેલ વાતોમાં આ પણ છે કે :-

***જો નબી કે વલીની કબરોની ઝિયારત માટે દૂર દૂરથી પ્રવાસ ખેડી જાય, એની સામે હાથ બાંધીને ઉભો થઈ જાય, ત્યાં જઈને રોશનીની વ્યવસ્થા કરે, કબર પર ચાદર ઓઢાડે, એમની સામે હાથ બાંધીને દુઆ માંગે......*** *સારાંશ કે આ પ્રકારની બીજી વાતો કરે તો એણે ''ખુલ્લુ શિર્ક'' કર્યું કહેવાશે. (તક્વિયતુલ ઈમાન ગુજરાતી, પેજ–૪૦–૪૧)*

આ 'તક્વિયતુલ ઈમાન' જેના પરથી બની તે 'કિતાબુત્તૌહીદ'માં નજદી વહાબી પેશવા મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ લખે છે કે :–

*''નબી વલીની કબર તરફ સફર કરવી અને બુતો (મૂર્તિઓ) તરફ સફર કરવી* ***''બધાથી વધીને શિર્ક''*** *છે.'' (કિતાબુત્તૌહીદ)*

ઉપર દર્શાવ્યું તેમ જંબુસરના દેવબંદી અલ–બલાગ માસિકમાં તો દેવબંદી અકીદો દેખાડવાનો એ જાહેર કર્યો કે, ''રવઝએ પાકની ઝિયારત મોટા સવાબનું કામ બલ્કે વાજિબના સ્થાને છે ચાહે એ માટે સફર કરવી પડે, જાન તથા માલ ખર્ચવાં પડે ! અને કબ્ર શરીફની ઝિયારતની જ નિય્યત કરે.'' જ્યારે એમના જ પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી **''તક્વિયતુલ ઈમાન''**માં તથા મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ નજદી **''કિતાબુત્તૌહીદ''**માં એનાથી તદ્દન ઉલ્ટી વાત લખે છે કે એ **''ખુલ્લુ શિર્ક''** તથા તેને મૂર્તિની ઝિયારત (દર્શન) સાથે સરખાવી તેને **''સૌથી વધીને શિર્ક''** કહે છે. હવે 'અલ–બલાગ' માસિકવાળા ભાઈ જણાવે કે તેમના આ વહાબી દેવબંદી પેશવાઓ જે શિર્ક નથી તેને શિર્ક કહીને ગુમરાહ થયા કે નહીં ? છતાં તમે તેમને પેશવા ગણીને તમે શું બન્યા ? વિચારો ! જો ખરેખર 'અલ બલાગ' માસિકમાં છાપ્યું તે જ સાચુ છે તો આ વહાબી દેવબંદી પેશવા ગુમરાહ હોવાનું પણ જાહેર કરી આપો ! નહીં તો તમે પબ્લિક સાથે ધોકો કરી રહ્યા છો એ પુરવાર થશે.

## ★ વસીલા તથા શફાઅતની માન્યતા ★

એ જ ''અલ–બલાગ'' માસિકમાં દેવબંદી જંબુસરીએ દેખાડવાનો અકીદો લખ્યો છે કે :–

*''દુઆમાં અંબિયા (عَلَيْهِمُ السَّلَام) અને અવલિયાએ કિરામનો* ***વસીલો જાઈઝ છે, એમના જીવનમાં પણ અને વફાત પછી પણ.*** *દા.ત. આમ દુઆ કરે કે* ***હે અલ્લાહ ! હું ફલાણા નબી–બુઝુર્ગના વસીલાથી દુઆની કુબૂલિયાત માગું છું''***

*આગળ લખે છે :–*

*''આપ ﷺની કબ્ર શરીફ ઉપર હાજર થઈને શફાઅતની દરખાસ્ત કરવી અને આમ કહેવું પણ જાઈઝ છે કે* ***''હુઝૂર ! મારી મગફિરતની શફાઅત ફર્માવો.''*** *(અલ–બલાગ માસિક, પેજ–૧૯, જાન્યુઆરી–૨૦૧૦)*

હવે વિચારો ! કે જ્યારે શફાઅત માટે નબી કરીમ ﷺની કબ્ર શરીફ પર હાજર થઈને શફાઅતની દરખાસ્ત હુઝૂરને જે કરશે તે એટલું તો વિચારશે જ કે **હુઝૂર ﷺને મારા આગમનની તથા શફાઅતની ભીખ માંગવાની ખબર થાય છે, હુઝૂર મને તથા હું કોણ, ક્યાંનો, કોનો પુત્ર છું તે જાણે છે, તો જ શફાઅત ફર્માવશે કે ફલાણાના પુત્ર ફલાણાની શફાઅત કરવાની છે.** વળી એ જાણીને જ શફાઅતની દરખાસ્ત થશે કે **એમનામાં શફાઅતનો ઈખ્તિયાર છે.** અને નબી–વલીનો વસીલો લેવાથી સાબિત થાય છે કે રબની બારગાહમાં આ હસ્તીઓના મકામ તથા હોદ્દા તથા હૈસિયત

(વિસાત) ઉચ્ચ છે. **આટલું તો ઈલ્મે ગયબ હોવુ તથા ઈખ્તિયાર હોવું તેમજ રબની બારગાહમાં આપની કાંઈ વિસાત (હૈસિયત) તથા માન છે એવું માનવું જ પડશે ને !** જો એવું ન માનીએ તો પછી વસીલાની તથા શફાઅતની દરખાસ્તનો શો મતલબ ?! અલ્હમ્દુલિલ્લાહ ! આપણે સુન્નીઓ તો માનીએ જ છીએ, પણ આ દેવબંદીઓની અસલી માન્યતા શું છે તે તેમના જ શબ્દોમાં જોઈ લો !

દેવબંદી ધર્મની બંધારણીય એ જ 'તકૃવિયતુલ ઈમાન' (ગુજરાતી કિતાબ)ના પેજ નં. ૭૪ ઉપર અલ્લાહના રસૂલ ﷺ માટે કેવી માન્યતા રાખવી તે સમજાવવા કુર્આન શરીફની આયતનું મન માન્યુ અર્થઘટન કરતાં દેવબંદી મોલ્વી લખે છે કે :–

*"અલ્લાહ તઆલાએ આપને જ હુકમ ફર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત (હૈસિયત) વર્ણવી દો કે, **મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી** અને હું ઈલ્મ ગૈબ પણ જાણતો નથી. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાવી લો કે **હું સ્વજાત માટેય નફા નુકસાનનો માલિક નથી !** તો બીજાઓને તો શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?........." (તકૃવિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૭૪)*

વળી દુઆ માંગનાર વિશે લખે છે કે જો નબી–વલીને પોકારીને તે એવું સમજે કે :–

*"જે વાત મારી જીભેથી નીકળે છે તે એને સાંભળી લે છે અને મારા દિલના વિચારો અને કલ્પનાઓથી માહિતગાર રહે છે, **આ બધી વાતોથી શિર્ક સાબિત થાય છે.** (છેવટમાં લખે છે) એમનું આ ઈલ્મ ઝાતી આપબળે મળેલું યા ખુદાપાકે આપેલુ સમજવામાં આવે, દરેક સૂરતમાં આ **શિર્કભરી માન્યતા** લખાશે." (તકૃવિયતુલ ઈમાન, ગુજરાતી, પેજ–૪૧)*

વળી એ જ દેવબંદીઓની પાયાની બંધારણીય કિતાબમાં **મૂર્તિઓ વિશે ઉતરેલી આયતોને અલ્લાહના નબી, વલીઓ પર ફીટ કરીને** લોકોના ઈમાનને તબાહ કરવા માટે લખે છે કે :–

*"જે લોકો બુઝુર્ગોને દૂર દૂરથી પોકારે છે. **અને એમને પોકારીને માત્ર આટલું જ કહે છે કે, યા હઝરત ! આપ દુઆ ફર્માવો કે અલ્લાહ તઆલા અમારી હાજત પૂરી કરી આપે,** તો **આ પણ શિર્ક** ગણાશે. (આગળ જતાં લખે છે કે) તેઓ એમની પોકારથી બેખબર છે. કિ઼યામત સુધી બૂમાબૂમ કરતા રહે તો પણ **તેઓ પોકારનારાઓની પોકારને સાંભળી શકતા નથી.***

*(તકૃવિયતુલ ઈમાન, પેજ–૭૩, ગુજરાતી પ્રત)*

દેવબંદી પેશવા કા઼રી મુહમ્મદ તૈયબ મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ આગલા સર્વ બુઝુર્ગો વિરુદ્ધ જઈને ૧૪૦૦ વરસ પછી જાણે કોઈ નવી શોધ ઈસ્લામી અકી઼દામાં કરી હોય તેમ ઉત્સાહમાં આવીને કુર્આની એક આયતનું ગલત અર્થઘટન કરીને જણાવે છે કે :–

*"આ આયત કયામત સુધી એ એલાન કરતી રહેશે કે આપને ઈલ્મે ગયબ ન હતો. એનો અર્થ એ છે કે કયામત સુધી આપને ઈલ્મે ગયબ ન થશે." ("ફારાન" તૌહીદ નંબર, પેજ–૧૨૬, બહવાલા ઝલ્ઝલા)*

**આ છે દેવબંદીઓનો અસલ અને માનીતો અકી઼દો !** અને અલ બલાગ માસિક, જાન્યુઆરી–૨૦૧૦ માં જે દર્શાવ્યો તે દેખાડવાનો અને લોકોને છેતરવા માટે લખેલો અકી઼દો છે ! જો એવું નથી તો અલ બલાગ (માસિક)વાળા જંબુસરી દેવબંદીઓ જાહેર કરી આપે કે અમે આ તકૃવિયતુલ ઈમાની અકી઼દા તથા એના લેખક, અનુવાદક, પ્રકાશક મોલ્વીઓને ગુમરાહ જાણીએ છીએ ! કેમ કે

તેઓ સાફ લખે છે કે **"રસૂલ ﷺને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી અને એ તો પોતાની જાત માટે નફા નુકશાનના માલિક નથી તો બીજાને શો ફાયદો કરી શકે !"** અને હદ તો એ કે **રબની અતાથી પણ એમનામાં** કોઈ ગયબનો ઈલ્મ કે અધિકાર નથી, એવું સાફ લખે છે ! તથા અન્ય શું શું છે તે ફરી વાંચી લો. અને **નબીપાક ﷺ માટે ઈલ્મે ગયબ કે અધિકાર વિશે માનનાર મુશ્રિક ગણાશે એવું એઓ જણાવે છે.** તો હવે **હુઝૂર ﷺ પાસે શફાઅતના તથા વસીલાના જો પોતે ઉમ્મીદવાર હોય તો** 'અલ બલાગ' માસિકવાળા જંબુસરીઓ આ તકુવિયતુલ ઈમાની અકીદાનો **સ્પષ્ટ ઈન્કાર** કરી આપે. નહીં તો સ્પષ્ટ થશે કે તેમના અકીદા લોકોને દેખાડવાના જૂદા છે અને રાખવાના જૂદા છે.

## ★ ખત્મે નબુવ્વતનો અકીદો ★

"અલ બલાગ" (માસિક) જંબુસરવાળા જો પોતાની વાતમાં ખરેખર સાચા તથા નિખાલસ હોય તો આ અકીદા બાબતની ચર્ચા પર પણ નિષ્પક્ષ વિચારણા કરે. પોતાના "અલ બલાગ" માસિકમાં તો પોતે લખે છે કે :–

> *"આપ ﷺ **અંતિમ નબી છે, આપના પછી કોઈ નબી નથી** અને જે કોઈ આ વાત નથી માનતો **તે મુસલમાન નથી.**" (અલ બલાગ માસિક, પેજ–૨૧, જાન્યુઆરી–૨૦૧૦)*

તથા નબુવ્વતના દાવેદાર કાદયાની માટે લખે છે :–

> *"મસીહ અને **નબી હોવાનો દાવો કરવાથી** તેમજ ઈસા عليه السلام ના આસ્માન ઉપર ઉઠાવી લેવાયા હોવાનો ઈન્કાર કરવાથી **મિરઝા ગુલામ અહમદ કાદયાનીના અકીદાનું ખોટું હોવું** અને એનું **અધર્મી હોવું** પુરવાર થઈ ગયું છે, માટે આપણા બુઝુર્ગોએ એના **કાફિર–ગેરમુસ્લિમ હોવાનું એલાન કર્યું છે.**" (અલ બલાગ માસિક, પેજ–૨૧, જાન્યુઆરી–૨૦૧૦)*

દેવબંદી માસિક 'અલ બલાગ'માં લોકોને ભ્રમમાં રાખવા તો ઉપર દર્શાવ્યું કે દેવબંદી ઉલમાનો અકીદો છે કે : **"આપ અંતિમ** નબી છે, **આપના પછી કોઈ નબી નથી** અને **જે એ વાત ન માને તે "કાફિર" છે."** હવે એમના જ "પેશવા" **દેવબંદી મોલ્વી કાસિમ નાનોત્વીનો** અકીદો જુઓ, પોતાની કિતાબ 'તહઝીરુન્નાસ'માં લખે છે કે :–

> *"જો હુઝૂરના જમાનામાં કોઈ **બીજો નબી પેદા થઈ જાય** તો પણ આપનુ ખાતિમ (અંતિમ) હોવુ દસ્તૂર મુજબ બાકી રહે છે. બલ્કે જો **આપના જમાના પછી કોઈ નબી પેદા થઈ જાય** તો પણ ખાત્મિયતે મુહમ્મદીમાં કાંઈ ફરક આવશે નહીં." (તહઝીરુન્નાસ, પેજ–૧૪,૨૮)*

હવે વાંચકો જ ફેંસલો કરે કે એક તરફ "અલ બલાગ" (માસિક)માં દેવબંદીઓ કહે છે કે **"આપ ﷺ પછી કોઈ નબી નથી" એ વાત ન માને તે 'કાફિર' છે** અને અહીં સાફ મોલ્વી કાસિમ નાનોત્વી લખે છે કે "બીજો નબી પેદા થઈ જાય !" એટલે કે શક્યતા બાકી રહી. **તો મોલ્વી કાસિમ નાનોત્વી એ અકીદો જાહેર કરી રહેલ છે કે આપ ﷺ પછી નબી થઈ શકે છે.** જ્યારે કે **એ અકીદો રાખનાર તો કાફિર છે** એવું ખૂદ 'અલ બલાગ' માસિકમાં દર્શાવ્યું છે. તો જો 'અલ બલાગ' વાળાઓ ખરેખર પેજ નં. ૨૧ પર લખેલ એ અકીદામાં સાચા છે અને એ જ નિયમ પાળે છે, તો જાહેર કરી આપે કે અમો મોલ્વી કાસિમ નાનોત્વીને કાફિર સમજીએ છીએ ! નહીં તો પછી પબ્લિક સાથે

એઓ ધોકો કરી રહ્યા છે એ પુરવાર થશે.

આશ્ચર્યની વાત તો એ છે કે, "આપ ﷺ પછી નબી થાય તો પણ આપ જ અંતિમ નબી કહેવાશે ! "એવું લખીને કાસિમ નાનોત્વીએ પોતાની બુધ્ધિનું દેવાળુ કાઢી નાખ્યું. કેમ કે **અંતિમ તે કહેવાશે જે છેલ્લે હોય**, કોઈ છેલ્લો છે તો હવે એના પછી જે આવે તે છેલ્લો કહેવાય, પછી તેના પછી કોઈ આવે તો તે છેલ્લો ગણાશે. છતાં હઠધર્મી તો જુઓ કે લખે છે કે, "હુઝૂર પછી **બીજો નબી પેદા થઈ જાય** તો પણ આપનું અંતિમ હોવું યથાવત ગણાશે !"

વળી ઉપરથી 'અલ બલાગ' દેવબંદીઓના (માસિક)માં લખ્યું છે કે "કાદયાનીએ નબી હોવાનો દાવો કર્યો એટલે" તેને કાફિર જાહેર કર્યો છે. પણ જો અલ બલાગ (માસિક)વાળા પેજ નં. ૨૧ પર લખેલા એ અકીદામાં સાચા હોય કે "આપના પછી કોઈ નબી નથી અને એવું જે ન માને તે કાફિર છે, મુસલમાન નથી." તો એ નિયમ હેઠળ કાસિમ નાનોત્વીને પણ કાફિર જાહેર કરી આપે, કારણ કે **સૌ પ્રથમ કુફ્ર તો કાસિમ નાનોત્વીએ કર્યું કે એમણે કહ્યું કે "હુઝૂરના જમાનામાં તથા આપના બાદ નબી પેદા થાય છતાં આપ જ અંતિમ નબી ગણાશે."** સારાંશ કે નબુવ્વતનો દરવાજો તો એમણે જ ખોલ્યો ! અને નવા નબી માટે શક્યતા દર્શાવી પ્લેટફોર્મ બનાવી આપ્યું અને પછી એના પર ઉભા રહીને મિરઝા ગુલામ અહમદ કાદયાનીએ તક ઝડપી નબી હોવાનો દાવો કરી આપ્યો ! આ કેવો ન્યાય કે ઘરના બુઝુર્ગોને કાફિર કહેવાથી આંખ આડા કાન કરીને એમના જ નિયમ પર અમલ કરી નબુવ્વતનો દાવો કરનારને જ ફક્ત કાફિર કહી દીધો !

કુર્આને પાકમાં રબનું સ્પષ્ટ ફર્માન છે કે :–

**مَا كَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِنْ رِجَالِكُمْ وَلٰكِن رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ** "મુહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ નથી, હા ! અલ્લાહના રસૂલ છે અને બધા નબીઓમાં છેલ્લા." *(સૂ. અહઝાબ–૨૧)*

એની તફસીરમાં છે કે, "અર્થાત અંતિમ નબી. નબુવ્વત આપના પર સમાપ્ત થઈ ગઈ. આપની નબુવ્વત પછી કોઈને નબુવ્વત પ્રાપ્ત થઈ શકતી નથી. હુઝૂરનું અંતિમ નબી હોવું કતઈ (યકીની) છે. કુર્આનની સ્પષ્ટ આયતો એ બાબતે છે તેમજ એટલી બધી સહીહ હદીષો એ બાબતે છે કે જે તવાતૂરની હદે પહોંચેલી છે. તે તમામથી એ વાત સાબિત છે કે હુઝૂર બધામાં અંતિમ નબી છે, આપના પછી કોઈ નબી આવનાર નથી. જે **હુઝૂરની નબુવ્વત પછી કોઈને નબુવ્વત મળવી શક્ય જાણે તે ખત્મે નબુવ્વતનો નકારનાર અને કાફિર તેમજ ઈસ્લામથી નીકળી ગયેલ છે.** *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, અઝ : નઈમુદ્દીન મુરાદાબાદી)*

વળી 'તહઝીરુન્નાસ'માં નાનોત્વી મહાશયે 'ખાતમુન્નબીય્યિન' નો અર્થ છેલ્લા નબી કહેનારાઓને અવામ (નાદાન, સામાન્ય કક્ષાના લોકો) બેફહમ (બુધ્ધિહીન) કહ્યા અને પત્રમાં 'ઝાહિર પરસ્ત' (ઉપલકીઆ દૃષ્ટિવાળા) કહ્યું. જ્યારે કે **'ખાતમુન્નબીય્યિન'** નો અર્થ **છેલ્લા–અંતિમ નબી** હોવું ખૂદ હુઝૂર ﷺએ કહ્યું, સહાબાએ પણ એનો એ જ અર્થ કર્યો, તાબઈન અને સમગ્ર ઉમ્મતે એનો એ જ અર્થ કર્યો. મતલબ એ કે **(નાનોત્વી મહાશયના મતાનુસાર) હુઝૂર ﷺ પોતે, બધા જ સહાબા અને તાબઈન, તેમજ આખી ઉમ્મત એ નાદાન પબ્લિક, સામાન્ય કક્ષાના તથા બુધ્ધિહીન અને ઉપલકીયા દૃષ્ટિવાળા છે !** શું હુઝૂર ﷺને નાદાન, સામાન્ય કક્ષાના બુધ્ધિહીન અને ઉપલકીયા દૃષ્ટિવાળા કહ્યા પછી પણ મોલ્વી નાનોત્વી સાહબનું ઈમાન સલામત રહ્યું ?! *(વધુ માટે દયાદરાથી કિતાબ મંગાવો 'સુન્ની દેવબંદી મતભેદની ન્યાયી તપાસ')*

## ★ નબી ﷺના ઈલ્મનું અપમાન કુફ્ર છે ! ★

એ જ અલ બલાગ (માસિક)માં છે કે :–

*''જે માણસ એમ સમજે કે ફલાણા (દા.ત. શયતાન)ની જાણકારી અને ઈલ્મ આપ ﷺથી વધારે છે, એ માણસ મુસલમાન નથી.''* (અલ બલાગ, પેજ–૨૧, જાન્યુઆરી–૨૦૧૦)

દેવબંદી માસિક 'અલ બલાગ' આમ તો ઉપર મુજબ અક઼ીદો લોકોને ભ્રમમાં રાખવા જાહેર કરે છે પણ હક઼ીક઼તમાં એમનો શું અક઼ીદો છે તે દેવબંદી પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહીની કિતાબ ''બરાહીને કાતિઆ''માં જોઈ લો ! લખે છે :–

*''શૈતાન અને મૌતના ફરિશ્તાને આ ઈલ્મી વિશાળતા નસ (કુર્આન–હદીષ)થી સાબિત થઈ. ફખ્રે આલમ (નબી ﷺ)ની ઈલ્મી વિશાળતાની કઈ નસ્સે ક઼તઈ (કુર્આન–હદીષથી દલીલ) છે જેનાથી તમામ નસો (દલીલો) રદ કરીને એક શિર્ક સાબિત કરે છે ?''* (બરાહીને કાતિઆ, પેજ–૫૦)

જયારે કે હુઝૂર ﷺના ઈલ્મની ઉચ્ચતા દર્શાવતી કુર્આની આયતો છે જ. પણ અહીં એ ચર્ચા નથી છેડવી. અહીં અમારું કહેવું છે કે ઉપરોક્ત લખાણમાં વાક્ય ''ફખ્રે આલમની ઈલ્મી વિશાળતાની કઈ નસ્સે ક઼તઈ (દલીલ) છે ?'' એ વાક્ય સ્પષ્ટ એલાન કરી રહેલ છે કે આ વાક્ય લખનાર **હુઝૂરે અકરમ ﷺ માટે ઈલ્મી વિશાળતાનો તદ્દન ઈન્કાર કરી રહ્યો છે,** અને કહી રહેલ છે કે, ''હુઝૂર ﷺની ઈલ્મી વિશાળતા કુર્આન હદીષથી સાબિત નથી જયારે **શૈતાન** તથા મલકુલ મૌતની ઈલ્મી વિશાળતા કુર્આન હદીષથી સાબિત છે.'' અર્થ જાહેર છે કે **''ગંગોહી મહાશય શૈતાનના ઈલ્મને હુઝૂર ﷺના ઈલ્મ કરતાં વધારે માને છે !''** જેથી દેવબંદીઓના અલ બલાગ (માસિક) જંબુસરવાળા જો એમના એ દર્શાવેલ અક઼ીદામાં સાચા છે કે, **''જે શૈતાનના ઈલ્મને આપ ﷺથી વધારે એ મુસલમાન નથી એટલે કે કાફિર છે''** તો એના પર અમલ કરીને જાહેર કરી આપે કે **દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહી શૈતાન માટે હુઝૂર ﷺ કરતાં અધિક ઈલ્મ માનનાર હોવાથી કાફિર છે,** જો એવું નથી કરતા તો પબ્લિક સાથે પોતાના અક઼ીદા બાબતે ધોકો ન કરે.

વળી શૈતાનને માણસના ઈરાદાની જાણ થઈ જાય છે જેથી જ તે નેક ઈરાદો કરે તો તેને વસવસો નાખવાનુ કામ શૈતાન કરવા માંડે છે. દિલની વાત જાણી લેવી એને જ ઈલ્મે ગયબ કહેવાય છે અને એ ઈલ્મ મોલ્વી ગંગોહીએ શૈતાન માટે માની લીધો, જે ઉપરોક્ત લખાણ સ્પષ્ટ કરે છે. હવે એ જ રશીદ અહમદ ગંગોહી પોતાની કિતાબ 'ફતાવા રશીદિયા'માં લખે છે કે :–

*''જે માણસ અલ્લાહ સિવાય ઈલ્મે ગયબ બીજા માટે સાબિત કરે તે નિઃશંક ! કાફિર છે, તેની ઈમામત, તેનાથી મેળ મેળાપ, મહોબ્બત રાખવી હરામ છે.* (ફતાવા રશીદિયા, ભાગ–૨)

હવે શૈતાનના માટે ઈલ્મે ગયબ હોવાનું માનીને તથા સાબિત કરીને ગંગોહી મહાશય શું બન્યા ? વાંચકો ખૂદ ફેંસલો કરી લે.

વળી 'અલ બલાગ' (માસિક) જંબુસરવાળા દેવબંદીઓના બીજા પેશવા મોલ્વી અશરફ અલી થાનવી હુઝૂર ﷺના ઈલ્મ બાબતે શું અક઼ીદો ધરાવે છે તે જોઈ લો. લખે છે :–

*''પછી એ કે આપની મુક઼દ્દસ ઝાત પર ઈલ્મે ગયબનો હુકમ કરવો 'ઝયદ'ના કહ્યાનુસાર સહીહ હોય તો પૂછવાની વાત એ છે કે એ ગયબથી મુરાદ અમુક ગયબ છે કે કુલ ગયબ. જો અમુક ગયબી*

*ઈલ્મ મુરાદ છે તો એમાં હુઝૂરની જ શું વિશિષ્ટતા છે ! **એવો ઈલ્મે ગયબ** તો **ઝયદ, અમર** તથા **બકર** બલ્કે **દરેક બાળક, પાગલ** બલ્કે **સર્વ જાનવરો** તથા **ચોપગાંઓના** માટે પણ હાંસલ છે."* (હિફ્ઝુલ ઈમાન, પેજ–૭)

હવે વિચારો કે ઝયદ, અમર, બકર એટલે કોઈ પણ ઐરા ગૈરા, નથ્થુ ખૈરા અને જાનવરોમાં કૂતરાં, ગધેડા, બિલાડાં, સુવ્વરો વગેરે સામેલ છે. હવે કોઈને પણ કહેવામાં આવે કે, "તારા જેવો ઈલ્મ તો નાના બાળકો, પાગલો, કૂતરાં, ગધેડાં, સુવ્વરમાં પણ છે." તો આ તેનું અપમાન નથી ?! તો પછી આ જ શબ્દો હુઝૂરે અકરમ, અલ્લાહના નબી, સૈયદુલ અંબિયા ﷺ માટે કહેવાથી શું એમનું અપમાન ન થશે ? યક઼ીનન ! થશે જ. તો જો અલ બલાગ (માસિક)વાળા એમના આ માસિકના પેજ–૨૧માં દર્શાવેલ નિયમમાં સાચા હોય તો કબૂલી લે કે આમાં હુઝૂર ﷺના ઈલ્મનું અપમાન છે અને તે અપમાનજનક શબ્દો લખનાર મોલ્વી અશરફઅલી થાનવી કાફિર છે. અને જો એવું જાહેર નથી કરવું તો આવા દેખાડવાના અક઼ીદા અલ બલાગમાં છાપીને પબ્લિકને છેતરવાની કોશિશ ન કરે.

## ★ આપ ﷺની મીલાદનું વર્ણન ★

આ દેવબંદી અલ બલાગ (માસિક)માં આ પણ છે કે :–

*"આપ ﷺથી સંબંધિત કોઈ પણ વસ્તુનું વર્ણન ઘણુ આવશ્યક, ઈચ્છિત અને ઉચ્ચ પ્રકારનું **મુસ્તહબ કાર્ય છે, ચાહે આપ ﷺના જન્મ (મીલાદ)નું વર્ણન હોય** કે અન્ય હાલતનું.*
–(અલ બલાગ, પેજ–૨૧, ૨૨, જાન્યુઆરી–૨૦૧૦)

આ હતો પબ્લિકને દેખાડવાનો અક઼ીદો ! હવે એમનો અસલ અક઼ીદો શું છે તે પણ જોઈ લો ! મજલિસે મીલાદ વિશેનો અતિ સ્પષ્ટતાવાળો સવાલ અને તેનો જવાબ દેવબંદી મોલ્વી થાનવીનો વાંચી લો :–

**સવાલ** : *મજલિસે મીલાદ રાખવી જેમાં ક઼યામ પણ ન હોય તથા સહીહ રિવાયતોથી બયાન થાય તે દુરુસ્ત છે કે નહીં ?*

**જવાબ** : *મીલાદની મજલિસ દરેક હાલતમાં નાજાઈઝ છે, જે મુબાહ કામમાં નિમંત્રણ થતુ હોવાથી મના છે.* (ફતાવા રશીદિયા, ભાગ–૨, પેજ–૮૩)

તેમજ મોલ્વી ગંગોહીની તસ્દીકવાળી તથા અંબેઠવીની લખેલી "બરાહીને કાતિઆ" કિતાબમાં છે કે :–

*"હવે દરરોજ કેવી વિલાદત થાય છે, તો પછી આ દરરોજ વિલાદતનું દોહરાવવું (મીલાદ પઢવું) તો એવું છે જેમ કે **હિંદુઓ કનૈયાના જન્મ દિનનો સ્વાંગ** દર વર્ષે રચે છે. (પછી એક લીટી બાદ લખે છે) કે આ **ખોટી ક્રિયા, નિંદાને પાત્ર** તથા **હરામ** તથા **ફિસ્ક (ગુનોહ)** છે."*
–(બરાહીને કાતિઆ, પેજ–૧૫૨)

ઉપરોક્ત અલ બલાગ (માસિક)ના લખાણમાં **મીલાદનું વર્ણન** કરવું જાઈઝ જ નહીં, બલ્કે **મુસ્તહબ કાર્ય** દર્શાવ્યું, **ઘણુ આવશ્યક** દર્શાવ્યું છે, જ્યારે એમના જ પેશવા દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી કહે છે કે "મીલાદની મેહફિલ હર હાલતમાં નાજાઈઝ !" તેમજ "કનૈયાનો સ્વાંગ રચવું તથા ખોટી ક્રિયા, નિંદાને પાત્ર, હરામ તથા ગુનાહનું કામ" છે. હવે અલ બલાગ (માસિક)વાળા સાચા છે તો પછી પોતાના આ પેશવા થાનવી તથા અંબેઠવી મહાશય જૂઠા છે એવું જાહેર કરી આપે. અને એવું નથી કરવું તો અલ બલાગમાં આવા લખાણો લખી લોકોને ધોકો ન આપે.

## શું અલ્લાહ જૂઠુ બોલી શકે ?

એના બાબતે દેવબંદીઓએ અલ બલાગ (માસિક)માં દેખાડવાનો અક઼ીદો વર્ણવ્યો તેમાં તો લખ્યું છે કે :–

*"અલ્લાહ તઆલાની વાતોમાં **"જૂઠની શક્યતા જુએ"** એ **કાફિર અધર્મી** અને **ઝિંદીક** (નાસ્તિક) છે, એમાં ઈમાનનો એક અંશ પણ નથી." (અલ બલાગ માસિક, પેજ–૨૨, જાન્યુઆરી–૨૦૧૦)*

હવે આવો તેમનો અસલ અક઼ીદો આ રહ્યો ! :–

*તેમના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે : **"અલ્લાહ જૂઠુ બોલી શકે છે."** (યકરોઝા ફ઼ારસી, પેજ–૧૭,૧૮)*

તથા દેવબંદી મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી લખે છે :–

*"અગાઉના તમામ આલિમો આ હક઼ીક઼ત કે અલ્લાહ જૂઠુ બોલી શકે તેની ચર્ચામાં પડેલા હતા. ........... તેમાં અગાઉથી વિવાદ રહેલો છે." (બરાહીને કાતિઆ)*

જો કે હક઼ીક઼ત એ છે કે ક્યાંય કોઈ આ બાબતે વિવાદ આગલા બુઝુર્ગોમાં હતો જ નહીં, પણ લોકોને શંકાઓના વમળમાં નાખવા જૂઠુ લખે છે. અરે ! જે અલ્લાહના જ માટે "જૂઠુ બોલી શકે" તેમ લખે તે પોતે કેટલા જૂઠા હોઈ શકે છે !

એક જૂઠ જ નહીં પણ દેવબંદીઓનો અસલ અક઼ીદો તો આ છે ! જુઓ ! મોલ્વી મેહમૂદ હસન દેવબંદી લખે છે :–

***"અલ્લાહને બધી ખરાબ વસ્તુઓની સત્તા છે."*** *(અલજહદુલ મિક્લ, પેજ–૪૧)*

હવે વિચારો ! ખરાબ કામો કયાં છે ? જૂઠ ઉપરાંત લાંચ, ચોરી, દગાબાજી, ઝિના, બળાત્કાર, ગુંડાગીરી, ગાળ ગલોચ, જુલ્મ......વગેરે. આ છે દેવબંદી અક઼ીદા !

સાથે સાથે આ પણ જાણી લો ! :–

*મોલ્વી ષનાઉલ્લાહ અમૃતસરી કહેવાતા અહલે હદીષના પેશવા લખે છે કે : "અલ્લાહ તઆલા જૂઠુ બોલે તેવું કહેવું ઈમાનનો ભાગ છે." (અહલે હદીષનું અખ્બાર, અમૃતસર, પેજ–૨, ૨૭–૮–૧૯૧૫)*

હવે અમારો દેવબંદી અલ બલાગ (માસિક)વાળા જંબુસરીઓને પ્રશ્ન છે કે જો તમો તમારા માસિકના પેજ નં. ૨૨ પર લખેલ અક઼ીદા પર સાચે જ ઈમાન ધરાવો છો તો તમે લખ્યા મુજબ જ કહી આપો કે અમારા આ પેશવાઓ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી, મોલ્વી મેહમૂદ હસન દેવબંદી વગેરે...... અલ્લાહ માટે જૂઠની શક્યતા દર્શાવી કાફિર, અધર્મી તથા ઝિન્દીક થઈ ગયા, એમનામાં ઈમાનનો એક અંશ પણ નથી." અને જો એવું નથી જાહેર કરતા તો સ્પષ્ટ છે કે "ઉલમાએ દેવબંદના અક઼ાઈદ"ના ટાઈટલ હેઠળ અલ બલાગ (માસિક) જાન્યુઆરી–૨૦૧૦ માં તમે જે લખ્યું એ ફ઼ક્ત પબ્લિક સાથે ધોકો જ છે.

ન્યાય પ્રિય વાંચકો ! તમે જોઈ લીધું કે દેવબંદી અલ બલાગ (માસિક) જાન્યુઆરી–૨૦૧૦ના અંકમાં જે અક઼ીદા દેવબંદી આલિમોના "ઉલમાએ દેવબંદના અક઼ાઈદ" ટાઈટલ હેઠળ લખ્યા એ સૌ પબ્લિક સાથે ધોકો પુરવાર થયા છે, જેમ કે એમના જ ઉલમાની કિતાબોના હવાલાથી અમે સાબિત કરી આપ્યું છે. તથા એ અક઼ીદા એમણે જે કિતાબ 'ખુલાસતુલ્ મુહન્નદ'માંથી લખ્યા છે, તો એ કિતાબ 'અલ

મુહન્નદ' શું છે તે પણ સંક્ષિપ્તમાં જાણી લો.

### ★ અસલ હકીકત શું છે ? શાથી આવું એમણે છાપ્યું ? ★

એને સમજવા માટે આપણે થોડા વરસો પાછળ હટવું પડશે. હિ.સ. ૧૩૨૪માં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ હજ્જ તથા ઝિયારત માટે હરમૈન શરીફૈન (મક્કા–મદીના) ગયા ત્યારે ત્યાંના ટોચના ઉલ્મા સમક્ષ દેવબંદી મોલ્વીઓની એ નબી–વલીની ગુસ્તાખી પૂર્ણ કિતાબોનાં લખાણો પેશ કર્યા જેના પર **હરમૈન શરીફૈનના ઉલમાએ તે દેવબંદી મોલ્વીઓને કાફિર જાહેર કર્યા, અને જે તેઓના કુફ્રમાં શંકા કરે તેમને પણ કાફિર ઠરાવ્યા.** જે ફતાવા **"હુસ્સામુલ હરમૈન"**ના નામથી પ્રસિધ્ધ થયા જેથી દેવબંદીઓના કિલ્લામાં માતમ રચાઈ ગયું ! તો પછી લોકોને છેતરવા માટે અને અલ્લાહ عزوجل તથા તેના મહબૂબ صلی اللہ علیہ وسلمની ગુસ્તાખી અને અપમાન પર પર્દો પાડવા માટે મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી એવી ચાલ ચાલ્યા કે પોતે જ ૨૬ સવાલો બનાવ્યા અને પોતે જ તેના ટેકામાં જવાબો લખ્યા અને પછી જાતે જ પોતાના ઉલમા પાસે તેના ટેકામાં સહીઓ કરાવી અને તેને "અલ મુહન્નદ"ના નામથી કિતાબરૂપે પ્રસિધ્ધ કર્યું. તેના પર ઈધર ઉધરથી આવીને હરમૈન શરીફૈનમાં વસી ગયેલા કહેવાતા આલિમો પાસે સહીઓ પણ કરાવી અને **આવા પ્રપંચથી એવી છાપ ઉપજાવી કે હરમૈન શરીફૈનના આલિમો અમારી સાથે છે.** અસલ હકીકતને છુપાવવા ખાતર એવું જાહેર કર્યું કે આ ૨૬ સવાલો મદીના શરીફના આલિમો તરફથી હકીકતની પુચ્છા કરવા મોકલવામાં આવ્યા છે. આ કિતાબ "અલ મુહન્નદ"ની સંપૂર્ણ સાચી હકીકત જાણવા માટે સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા શાહ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની કિતાબ ''અત્તહકીકાત લિદફઈલ તલબીસાત'' તેમજ શેરબેશએ એહલે સુન્નત હઝરત અલ્લામા હશ્મત અલીખાં પીલીભીતી رحمۃ اللہ علیہની કિતાબ 'રદ્દે અલમુહન્નદ'નો અભ્યાસ કરવો.

અંતમાં મુસલમાનોને વિનંતિ કે દેવબંદી અલ બલાગ (માસિક)ના પ્રપંચી લેખથી કોઈ ધોકો ન ખાય એ આશયથી અસલ હકીકત અત્રે રજૂ કરી આપી છે. આ પરથી વાંચકો ખૂદ વિચારે કે **જે મઝહબવાળા પોતાના અકીદાઓ બાબતે ઢાંકપિછોડ કરતા હોય ! તે કેવા મુનાફિક તથા જૂઠા ધર્મવાળા ગણાશે !** અસલમાં હાલમાં પણ સુન્નીઓ તરફથી તેમના કુફ્રી અકીદાઓ ખૂબ કિતાબો, પરચાઓ થકી ગુજરાતમાં એકદમ ઉઘાડા થઈ ગયા તો આ લેખ પણ પબ્લિકની આંખોમાં ધૂળ નાખવા જ તેમણે અલ બલાગમાં છાપ્યો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمના સદકામાં વહાબી દેવબંદીઓના ધોકાથી સૌને બચાવે. *(આમીન)*

**નોંધ** : દેવબંદીઓની અસલિયત જાણવા માટે મંગાવો કિતાબ 'ઝલઝલા' *(અઝ : અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ)* તથા 'અકાઈદે ઉલમાએ દેવબંદ' *(અઝ : હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ)* તેમજ રહનુમાએ હક્ક, હક્ક તથા નાહક્કની પહેચાન, સુન્ની કોણ ? વગેરે દયાદરાથી મળશે.

બીજી ખાસ વિનંતિ એ કે અત્રે દર્શાવ્યા તેમ **વહાબી દેવબંદીઓના અકીદા અલ્લાહની શાનમાં તેમજ નબી–વલીની શાનમાં કેટલા ગુસ્તાખીપૂર્ણ છે તેને સમજી લીધા બાદ પણ તમે જો તેમનાથી ઉઠક બેઠક, દોસ્તી, સગાઈ સંબંધ, શાદી વહેવાર, મૌત મૈયતમાં તેમનાથી વહેવાર રાખો તો તમે ક્યા મોઢે પોતાને "સુન્ની" કહો છો !** ખુદારા ઈમાની ગૈરત, ઈમાની શરમ પેદા કરો અને ખુદાના વાસ્તે જો તમે આખેરત પર ઈમાન રાખો છો તો સમજો અને એવા ગુસ્તાખ ફિર્કાવાળાથી સંબંધિત લોકોથી સંબંધો કટ કરો એમાં જ તમારી બંને જહાનમાં ભલાઈ તથા ઈજ્જત છે. *–તંત્રી*

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

اَيَوَدُّ اَحَدُكُمْ اَنْ تَكُوْنَ لَهٗ جَنَّةٌ مِّنْ نَّخِيْلٍ وَّ
اَعْنَابٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُۙ لَهٗ فِيْهَا
مِنْ كُلِّ الثَّمَرٰتِۙ وَاَصَابَهُ الْكِبَرُ وَلَهٗ ذُرِّيَّةٌ
ضُعَفَآءُ ۖۚ فَاَصَابَهَاۤ اِعْصَارٌ فِيْهِ نَارٌ فَاحْتَرَقَتْ ؕ
كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ۝٢٦٦
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ
وَمِمَّاۤ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ ۪ وَلَا تَيَمَّمُوا
الْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ وَلَسْتُمْ بِاٰخِذِيْهِ اِلَّاۤ اَنْ
تُغْمِضُوْا فِيْهِ ؕ وَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ غَنِيٌّ حَمِيْدٌ ۝٢٦٧
اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ وَيَاْمُرُكُمْ بِالْفَحْشَآءِ ۚ
وَاللّٰهُ يَعِدُكُمْ مَّغْفِرَةً مِّنْهُ وَفَضْلًا ؕ وَاللّٰهُ
وَاسِعٌ عَلِيْمٌ ۝٢٦٨ يُّؤْتِي الْحِكْمَةَ مَنْ يَّشَآءُ ۚ وَمَنْ
يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِيَ خَيْرًا كَثِيْرًا ؕ وَمَا
يَذَّكَّرُ اِلَّاۤ اُولُوا الْاَلْبَابِ ۝٢٦٩

### ત.....ર્જુ.....મો.....

શું પસંદ કરે છે તમારામાંથી[૩૬૧] કોઈ કે હોય તેનો એક બાગ ખજૂરો તથા દ્રાક્ષનો, વહેતી હોય એની નીચે નહેરો (ખજૂર તથા દ્રાક્ષ સિવાય) એના માટે એમાં દરેક પ્રકારનાં અન્ય ફળો પણ હોય અને તેને ઘડપણ આવી ચૂક્યું હોય અને તેની ઔલાદ પણ કમજોર હોય (તો શું એ પસંદ કરે છે કે) પહોંચે તેના બાગને અગ્નિમય વંટોળ જેમાં આગ હોય પછી તે બાગ સળગીને ખાખ થઈ જાય, એવી જ રીતે ખોલીને બયાન કરે છે અલ્લાહ તઆલા તમારા માટે (પોતાની) આયતો જેથી તમે ચિંતન મનન કરો. હે ઈમાનવાળાઓ ! ખર્ચ કર્યા કરો ઉમદા ચીજોથી જે તમે કમાયી છે[૩૬૨] અને એમાંથી જે કાઢયું છે અમે તમારા માટે જમીનથી. અને ન ઈરાદો કરો[૩૬૩] રદ્દી ચીજનો તમારી કમાઈથી કે (તમે એને) ખર્ચ કરો, જ્યારે કે (જો તમને કોઈ રદ્દી ચીજ આપે તો ) તમે ન લો અને એ સિવાય કે આંખ આડા કાન કરી લો એમાં. અને (ખૂબ) સારી પેઠે જાણી લો કે અલ્લાહ તઆલા ગની છે દરેક પ્રશંસાને પાત્ર છે. શૈતાન[૩૬૪] ડરાવે છે તમને તંગદસ્તીથી અને હુકમ કરે છે તમને બેહયાઈનો અને અલ્લાહ તઆલા[૩૬૫] વાયદો કરે છે તમારાથી પોતાની બખ્શિશનો અને ફઝ્‌લ (તથા કરમ)નો. અલ્લાહ તઆલા ઘણી વિશાળતાવાળો સર્વ કાંઈ જાણનાર છે, અતા ફર્માવે છે દાનાઈ (શાણપણ)[૩૬૬] જેને ઈચ્છે છે, અને જેને અતા કરવામાં આવી દાનાઈ તો યક઼ીનન ! તેને આપી દેવામાં આવી ઘણી જ ભલાઈ. અને નસીહત ક઼બૂલ નથી કરતા પણ બુધ્ધિશાળીઓ.

### તફસીર..............

**૩૬૧.** નિય્યતની નિખાલસતા (નિઃસ્વાર્થપણા)ના મહત્વને એક દષ્ટાંત થકી એ રીતે સ્પષ્ટ કરવામાં આવેલ છે કે કોઈ હોશવાળો માણસ એમાં ગફલત નથી વર્તી શકતો. એક માણસ એક બાગ લગાડે છે, તેની દિવસ રાતની મહેનત અને પુષ્કળ રૂપિયા ખર્ચ કર્યા બાદ એમાં ભરચક ફળદાર ઝાડ ઉગી આવે છે.

મીઠા અને સાફ સુથરા પાણીની નહેરો ઝાડોની લાઈનોમાં વહી રહી છે. ઘડપણમાં તે સપડાયો છે, તેની શક્તિ ક્રમે ક્રમે જવાબ આપી રહી છે, તેનાં બાળકો પણ નાનાં છે. તે સંતુષ્ઠ છે કે હવે તે પોતાની જીવનભરની મહેનતનું ફળ ખાશે. તેના ફળદાર બાગની આવકથી તેના વૃધ્ધાવસ્થાના દિવસો આરામથી કપાશે અને તેને પોતાનાં બાળ બચ્ચાંની રોજીના માટે હવે કોઈ ચિંતા રહેશે નહીં. તમે વિચારો કે આવો ઘરડો માણસ આવી વૃધ્ધાવસ્થામાં કદી એ માન્ય કરી શકે છે કે અગ્નિમય વંટોળ આવે અને તેની જીવનભરની કમાઈને સળગાવીને રાખનો ઢગલો કરી આપે ?! બસ, તદ્દન એ જ પ્રમાણે સમજી લો કે પોતાની જિંદગીભરના નેક અમલોને કયામતના દિવસે જ્યારે તમે ખૂદ કાંઈ કમાઈ નથી શકતા અને બીજો તમારી કાંઈ મદદ નથી કરી શકતો તે દિવસે તમને તમારા જીવનભરના નેક અમલોની કેટલી સખ્ત જરૂરત હશે ?! જો રિયાકારી (દેખાડા)ના અગ્નિમય વંટોળ વડે તમે તેને જો સળગાવીને કાળા કરી દીધા તો કયામતના દિવસે તમારા અફસોસ, શર્મિંદગી તથા દિલી રંજની શું હાલત હશે ? જો તમે આ ભયાનક સ્થિતિથી ભેટવા નથી ચાહતા તો પોતાના અમલોને રિયા તથા દિખાવાથી બચાવો. સુબ્હાનલ્લાહ ! શું અસરકારક તથા હૃદયાકર્ષક દષ્ટાંત છે !

**૩૬૨.** طَيِّبٰتِ થી એ ચીજો મુરાદ છે જે ઉમદા પણ હોય, હલાલ પણ હોય અને હલાલ તરીકાથી કમાવામાં પણ આવી હોય. કેમ કે આ રીતે ખર્ચ કરવાના ત્રણ હેતુઓ છે : ગરીબનો ફાયદો, પોતાના નફસની સુધારણા તથા અલ્લાહ તઆલાની રઝા. અને આ હેતુઓ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે કે ઉમદા તથા પાકીઝા ચીજ ખર્ચ કરવામાં આવે. જો રદ્દી ચીજ ખર્ચ કરી તો ગરીબને ન કાંઈ ફાયદો પહોંચ્યો, ન કંજૂસાઈની ગંદકીથી નફસની સફાઈ થઈ અને અલ્લાહ તઆલાના રાજી થવાનો તો સવાલ જ પેદા નથી થતો, કેમ કે તે જાત જ પોતાના બેહતરથી બેહતર ઈનામોની વર્ષા તમારા પર વરસાવી રહેલ છે તો તેના નામ પર જ્યારે આપવાનો સમય આવ્યો તો સૌથી નકામી ચીજ તમે તેની રાહમાં આપી દીધી તો તે કઈ રીતે તમારાથી રાજી થશે ?!

**૩૬૩.** કેમ કે જ્યારે રદ્દી ચીજ તમે તમારા પોતાના માટે પસંદ નથી કરતા તો અલ્લાહ તઆલા રદ્દી ચીજોને કેવી રીતે પસંદ કરશે ?!

**૩૬૪.** શૈતાન જાત જાતના વસવસા નાખીને ખુદાના માર્ગમાં ખર્ચ કરવાથી રોકે છે, તે કહે છે કે જો આ ખર્ચ કરી નાખ્યો તો ખૂદ શું ખાશો ! બાળકોનું પેટ કેવી રીતે ભરશો ! દર દરની ભીખ માંગવાની બેઈજ્જતી વેઠવી પડશે. અને કંજૂસાઈને યોગ્ય સમજ, દૂરંદેશી વગેરેના રંગીન કવરમાં રજૂ કરે છે. એ ચીજ વિચારને પાત્ર છે કે કુર્આને કંજૂસપણાને ફહશા (સખત બેહયાઈ)ના શબ્દ થકી ગણાવ્યું છે અને એ પણ હકીકત છે કે **એનાથી વધીને બેહયાઈની વાત શું હોઈ શકે છે કે માણસ ખૂદ એશ કરી રહ્યો હોય અને કોઈ ગરીબ ભાઈની મદદનો તેને કદી ખયાલ પણ ન આવતો હોય.**

**૩૬૫.** પણ અલ્લાહ તઆલા તમને નેકીના કામોમાં ખર્ચ કરવા પ્રોત્સાહિત કરે છે કે એવું કરવાથી તમારા ગુનાહ માફ કરી દેવામાં આવશે અને **ગરીબો તથા કંગાળોની ઈમદાદ કરવાથી તમારા પર રોજી તથા નેઅમતના દરવાજા ખોલી દેવામાં આવશે.**

**૩૬૬.** 'હિકમત'થી મુરાદ તે સહીહ ઈલ્મ છે જે એટલો મજબૂત તથા શક્તિવાન હોય કે તે માનવી ઈરાદાને હુકમની રીતે નેક અમલ તરફ ધ્યાનિત કરી આપે. અને એ અલ્લાહ તઆલાનું તે એહસાન છે જેને કુર્આને "ખયરે કષીર" ફર્માવ્યું છે અને દુનિયા તથા એમાં જે કાંઈ છે તેને મતાએ કલીલ (થોડી મૂડી) કહી છે. હવે જો કોઈ ઈલ્મવાળો અમીરો તથા માલદારો કરતાં પોતાને કમતર તથા ઉતરતો સમજે તો એ તેની પોતાની દષ્ટિની ઉણપ જ છે, નહીં તો જે નેઅમત તથા દૌલત તેને અતા ફર્માવવામાં આવી છે તેની સમક્ષ કારૂનની દૌલત અને ફરીદૂનના જાહોજલાલની શું વિસાત છે ?!

**હદીષ** : હઝરત અમ્ર ઈબ્ને ઔફથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે દીન હિજાઝની તરફ એવો સમેટાઈ આવશે જેવી રીતે સાપ પોતાના દરોની તરફ[૧] અને દીન હિજાઝથી એવો બંધાઈ જશે જેવી રીતે પહાડી બકરી પહાડની ટોચથી[૨]. યકીનન ! દીન ગરીબ જ શરૂ થયો અને જેવો શરૂ થયો એવો પરત થશે, જેથી ગરીબોને ખુશખબરી થાય. આ ગરીબો તે છે જેઓ મારા પછી મારી એ સુન્નતને સુધારશે જેને લોકોએ બગાડી નાખી હશે[૩]. –*(તિર્મિઝી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે, ફર્માવે છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારી ઉમ્મત પર તદન એ જ પ્રમાણે સંજોગો આવશે જેવા બની ઈસ્રાઈલ પર આવ્યા જેમ કે જ્યોતથી જ્યોતની બરાબરી[૪], ત્યાં સુધી કે કોઈએ પોતાની માં સાથે જાહેરમાં ઝિના કર્યો તો મારી ઉમ્મતમાં પણ તેવો થશે જે એવું કરશે[૫]. યકીનન ! બની ઈસ્રાઈલ ૭૨ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા હતા અને મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાઈ જશે[૬] સિવાય એક મિલ્લતના સર્વ જહન્નમી. લોકોએ પૂછયું, યા રસૂલલ્લાહ ! તે એક કયો ફિર્કો છે ? ફર્માવ્યું, જેના પર હું તથા મારા સહાબા છીએ[૭]. એને તિર્મિઝીએ રિવાયત કરી અને અહમદ તથા અબૂ દાઊદમાં મુઆવિયાની રિવાયતથી એવું છે કે, ૭૨ જહન્નમી અને એક જન્નતી છે, અને તે મોટો ગિરોહ મુસલમાનોની જમાઅત છે[૮]. મારી ઉમ્મતમાં એવી કૌમો નીકળશે જેમનામાં બિદઅતો એવી પ્રવેશી જશે જેવો કે પાગલ કૂતરાનું ઝહેર કરડેલ છે કે જેની કોઈ રગ કે અંગમાં પ્રવેશ્યા વિના નથી બચતુ[૯].

## સ....મ....જૂ....તી....

એટલે કે આખર જમાનામાં મુસલમાનોને હિજાઝ સિવાય ક્યાંય શરણ મળશે નહીં એટલા માટે સર્વ ત્યાં જ ભેગા થઈ જશે. હિજાઝ અરબસ્તાનનું તે રાજ્ય છે જેમાં મક્કા મોઅઝ્ઝમા, મદીના મુનવ્વરા, તાઈફ વગેરે છે. યાદ રાખશો કે શરૂમાં મુસલમાન હિજાઝમાં પનાહ લેશે અને ફરી ત્યાં પણ શાંતિ નહીં પામે તો મદીના મુનવ્વરામાં સમેટાઈ આવશે. જેથી આ હદીષ આગલી હદીષની વિરૂધ્ધ નથી કે દીન મદીનામાં સમેટાઈ આવશે. મદીના મુનવ્વરામાં જ નબુવ્વતનો આફતાબ (સૂરજ) ગુરૂબ થયો અને અહીંથી જ એનાં કિરણો એટલે શરીઅત ગાલિબ થઈ.

**૨.** કે પહાડી બકરીઓ દિવસભર દરેક જગાએ ફરે છે અને સાંજે પોતાના રહેઠાણ (વાડો) એટલે પહાડની ટોચ પર બાંધી દેવામાં આવે છે જ્યાં તે જંગલી પ્રાણીઓથી સુરક્ષિત રહે છે. હિજાઝ અને ખાસ કરીને મદીના મુનવ્વરા ઈસ્લામનું રહેઠાણ છે એમાં નિર્દેશ રૂપે એ ફર્માવવામાં આવ્યું કે ઈસ્લામ હરમૈન શરીફૈનથી કદી નીકળશે નહીં અને સર્વ મુસલમાનોનો સંબંધ એની સાથે કાયમ રહેશે જેવી રીતે કે સાપનો સંબંધ પોતાના દર સાથે અને બકરીનો સંબંધ પોતાના વાડા સાથે દરેક સમયે રહે છે. એનો એ અર્થ નથી જે 'બરાહીને કાતિઆ' વગેરેએ સમજ્યો કે ત્યાં ઈસ્લામ કયામતની નજીક પહોંચશે, એનાથી પહેલાં દુનિયામાં અન્ય જગાએ ઈસ્લામ હશે, હિજાઝ તથા મદીના મુનવ્વરામાં ન હશે.

**૩.** એની સમજૂતી અગાઉ વર્ણન થઈ ચૂકી છે. એ પણ કયામતની નજીક જ થશે જેવી રીતે પહેલાં થોડા મિસ્કીન (ગરીબ) લોકોએ ઈસ્લામ સ્વકાર્યો એવી જ રીતે કયામતની નજીક થોડા ગરીબ જ ઈસ્લામ પર કાયમ રહી જશે. તે આગલા ગરીબ પણ મુબારક હતા અને પાછલા પણ મુબારક થશે. બાકી દુનિયામાં કુફ્ર જ કુફ્ર હશે. એનો એ મતલબ નથી કે ઈસ્લામમાં જે નવો ફિર્કો નીકળે અને તેના માનવાવાળા થોડા હોય તેઓ જ હક્ક પર હશે, જેમ કે કાદયાનીઓ તથા વહાબીઓએ સમજ્યું આગળ હદીષ આવી રહી છે જેનો મતલબ એ

સમજ્યું. આગળ હદીષ આવી રહી છે જેનો મતલબ એ છે કે મુસલમાનોની મોટી જમાઅતની સાથે રહો.

૪. સુબ્હાનલ્લાહ ! આ ગયબોના જાણકાર મહબૂબ ﷺએ કેવી સાચી ખબર આપી અને કેવા ઉમદા દષ્ટાંતથી સમજાવ્યું કે જેવી રીતે જમણા પગના જોડા ડાબા પગના જોડાથી લંબાઈ, પહોળાઈ, દેખાવ તથા ઘાટમાં એક જ હોય છે એવી જ રીતે મારી ઉમ્મતની જાહેરી તથા બાતિની (આંત્રિક) હાલતો, અક્રીદા તથા અમલો બની ઈસ્રાઈલની જેમ થઈ જશે.


૫. આ અમલોના મળતાપણાનું વર્ણન છે કે બદતરથી બદતર ગુનાહ પણ મારી ઉમ્મતની અંદર જોવા મળશે. આપણે જોયું કે અંગ્રેજો દાઢીઓ મૂંડે, મૂછો વધારે છે તો મુસલમાનોની પણ એ જ શક્લ બની ગઈ. પછી અંગ્રેજોએ નાકની નીચે મૂછ માખીની જેમ રાખી તો મુસલમાનો પણ એના પર અમલ કરતા થઈ ગયા. પછી દૌર આવ્યો કે દાઢીની સાથે મૂછોની પણ તદ્દન સફાઈ થઈ ગઈ તો મુસલમાન પણ એવા થઈ ગયા. જો કોઈ અંગ્રેજ નાક કપાવી લેતો તો યક્રીનન ! મુસલમાનોમાં સેંકડો નાકો કપાઈ જતાં ! એ આ હદીષનું જાહેર થવું છે.

૬. એ રીતે કે બની ઈસ્રાઈલના સર્વ ૭૨ ફિર્કા ગુમરાહ થઈ ગયા પણ મુસલમાનોમાં ૭૨ ફિર્કા ગુમરાહ થશે અને એક હિદાયત પર. યાદ રાખશો કે જેવી રીતે અમુક બની ઈસ્રાઈલ નબીઓના દુશ્મન છે એવી જ રીતે મુસલમાનોમાં અમુક ફિર્કા સૈયદુલ અંબિયાના દુશ્મન છે અને જેવી રીતે અમુક બની ઈસ્રાઈલ અંબિયાને ખુદાના પુત્ર માની બેઠા તેમ મુસલમાનોમાં પણ અમુક જાહિલ ફક્રીર નબી ﷺને અયન ખુદા કે ખુદાનો જુઝ માને છે. સારાંશ કે આ હદીષનો ઝહૂર આ રીતે પૂર્ણપણે થઈ રહ્યો છે.

૭. એટલે કે હું અને મારા સહાબીઓ ઈમાનની કસોટી પર છે, જેમનું ઈમાન એમના જેવું હોય તેઓ મોમિન અને એ સિવાયના બેદીન છે. રબ તઆલા ફર્માવે છે : فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَا اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا યાદ રાખશો કે مَا થી મુરાદ અક્રીદા અને આમાલના ઉસૂલ છે ન કે ફુરૂઈ અફઆલ. એટલે કે જેમના અક્રીદા સહાબાના જેવા હોય અને તેમના અમલોની અસ્લ સહાબાના દૌરમાં મૌજૂદ હોય તે જન્નતી, નહીં તો ફુરૂઈ અમલો આજે લાખો એવા છે જે સહાબાના જમાનામાં ન હતા, તો એના કરનારા દોઝખી નથી. સહાબાએ કિરામ હનફી, શાફઈ કે કાદરી ન હતા પણ આપણે છીએ. તેમણે બુખારી, મુસ્લિમ લખી ન હતી, ઈસ્લામી મદ્રસા બાંધ્યા ન હતા, પ્લેનો તથા રોકેટોથી જેહાદ કર્યો ન હતો અને હવે એ સર્વ કરવામાં આવે છે, જેથી આ હદીષ વહાબીઓની દલીલ નથી બની શક્તી કે અક્રીદા તે જ સહાબીઓવાળા છે અને એ સર્વ અમલોની અસ્લ ત્યાં મૌજૂદ છે. સારાંશ કે ઈસ્લામનું ઝાડ નબવી યુગમાં રોપાયું, સહાબાના યુગમાં ફૂલ્યુ ફાલ્યુ, કયામત સુધી ફળો લાગતાં રહેશે ખાતા રહો, શર્ત એ કે એ જ ઝાડનાં ફળ હોય.

૮. એમાં બતાવવામાં આવ્યું કે **જન્નતી હોવાના માટે બે ચીજોની જરૂરત** છે. **સુન્નતની પયરવી અને મુસ્લિમોની જમાઅત સાથે** રહેવું, એટલા માટે આપણા મઝહબનું નામ **'અહલે સુન્નત વ જમાઅત'** છે. જમાઅતથી મુરાદ મુસલમાનોનો મોટો ગિરોહ છે જેમાં ફક્રીહો, આલિમો, સૂફીઓ અને અવલિયા અલ્લાહ છે. અલ્હમ્દુલિલ્લાહ ! આ બુઝુર્ગી પણ અહલે સુન્નતને જ મયસ્સર છે. **અહલે સુન્નત સિવાય અલ્લાહના વલીઓ કોઈ ફિર્કામાં નથી.** યાદ રાખશો કે આ ૭૩ની સંખ્યા ઉસૂલી ફિર્કાઓની છે કે ઉસૂલી ફિર્કો એક જન્નતી અને ૭૨ જહન્નમી. જેમ કે અહલે સુન્નતમાં હનફી, શાફઈ, માલિકી, હંબલી, ચિશ્તી, કાદરી, નક્શબંદી, સુહરવર્દી એવી જ રીતે અશાએરી કે મતુરીદી એ સર્વ સામેલ છે, કેમ કે **અક્રીદા સૌના સમાન જ છે** અને સર્વની ગણત્રી એક જ ફિર્કામાં છે. એવી જ રીતે ૭૨ જહન્નમી ફિર્કાઓનો હાલ છે કે એમાં એક એક ફિર્કાની ઘણી બધી ટોળીઓ છે. દા.ત. એક ફિર્કા રાફઝીની ટોળીઓ ઘણી છે ૧૨ ઈમામિયા, ૬ ઈમામિયા, ૩ ઈમામિયા એવી જ રીતે અન્ય ફિર્કાઓનો હાલ છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે ઈસ્લામી ફિર્કા કેટલાયે સેંકડો છે. એની તફસીલ મિર્કાત વગેરેમાં જુઓ.

૯. એટલે કે બુરા અક્રીદા અને બિદઅતો તેમના ખયાલો તથા અમલોમાં છવાઈ જશે. યાદ રાખશો કે હુઝૂરે સાપ કરડવાનુ ઉદાહરણ ન આપ્યું, કેમ કે તેનું ઝહેર દિલ કે દિમાગ પર પહોંચતાં જ મૃત્યુ થઈ જાય છે, તે (સાપનો કરડેલો) અન્યોને નથી કરડતો, પણ પાગલ કૂતરાનો કરડેલ એક અરસા સુધી ભટકતો રહે છે જાણે કે એ કરડી ખાશે, તેને પણ પોતાના જેવો કરી લે છે, એ જ બદ્મઝહબોનો હાલ છે.



# શિફા શરીફ

વિભાગ : ૨


**મૂળ લેખક :** ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمة الله عليه

**ગુજરાતી અનુવાદક :** ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)


## શાને મુસ્તફા صلى الله عليه وسلمનો ઝહૂર હશ્રના મેદાનમાં

ક઼ાઝી અયાઝ માલિકી رحمة الله عليه ફર્માવે છે : અમારાથી ક઼ાઝી અબૂ અલી رحمة الله عليه એ પોતાની સનદના સાથે જ હઝરત અનસ رضي الله عنهથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે બધા જ લોકોને ક઼બ્રોમાંથી ઉઠાડવામાં આવશે ત્યારે સૌ પ્રથમ હું ઉઠીશ. અને તેઓ બધા એક પ્રતિનિધિમંડળના સ્વરૂપમાં બની જશે ત્યારે તેમને સંબોધન કરનાર હું હોઈશ. જ્યારે તેઓ હતાશ થઈ જશે ત્યારે તેઓને ખુશ ખબરી સંભળાવનાર હું હોઈશ. લવાએ હમ્દ (પ્રશંસાનો ધ્વજ) મારા હાથમાં હશે. પોતાના રબની નજીક આદમ عليه السلامની તમામ ઔલાદથી પ્રતિષ્ઠિત છું અને આ ગર્વ સાથે કહેતો નથી.

ઈબ્ને ઝહીર رحمة الله عليهની તે રિવાયત જે તેઓએ રબીઅ બિન અનસ رضي الله عنهથી કરી છે તેમાં આ શબ્દો પણ છે કે જ્યારે તેઓ ક઼બ્રોમાંથી ઉઠશે ત્યારે સૌ પ્રથમ હું હોઈશ. અને તેઓને એકત્ર કરવામાં આવશે ત્યારે તેમનો નેતા હું હોઈશ. અને જ્યારે તેઓ ચૂપ થઈ જશે ત્યારે તેમનો ખતીબ (તેમના તરફથી બોલવાવાળો) હું હોઈશ, અને જ્યારે તેઓ હતાશ થઈ જશે ત્યારે તેઓને ખુશખબરી સંભળાવનાર હું હોઈશ. લવાએ હમ્દ તે દિવસે મારા હાથમાં હશે અને હું પોતાના રબની બારગાહમાં આદમની ઔલાદના સમૂહથી વધુ ઈજ્જતવાળો હોઈશ, અને હું આ ગર્વથી કહેતો નથી. તે દિવસે એક હજાર સેવક મારી આજુબાજુ ફરતા હશે જેઓ એ ઉમ્મતો જેવા છે જેમને છુપાવીને રાખવામાં આવે છે.

તિર્મિઝીમાં અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું છે, મને જન્નતના પોશાકમાંથી એક ઝબ્બો પહેરાવવામાં આવશે. પછી અર્શની જમણી બાજુ ઉભો થઈ જઈશ. મખ્લૂક઼માંથી મારા સિવાય ત્યાં કોઈપણ ઉભો રહેશે નહીં. હઝરત અબૂ સઈદ ખુદરી رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું ક઼યામતના દિવસે આદમની ઔલાદનો સરદાર હું હોઈશ અને હમ્દનો ધ્વજ તે દિવસે મારા હાથમાં હશે, અને આ ગર્વથી કહેતો નથી. તે દિવસે એવા નબી નહીં હોય, ચાહે તે હઝરત આદમ عليه السلام હોય અથવા તેમના સિવાય બીજા કોઈ નબી, પરંતુ તેઓ મારા ધ્વજના નીચે હશે. સૌથી પ્રથમ મારી ક઼બ્ર ફાટી જશે અને આ કેવળ ગર્વના કારણે કહેતો નથી. (એટલે હક઼ીક઼તનું પ્રગટીકરણ કરતાં ફર્માવ્યું છે. નેઅમતની જાણકારીની રીતે) હું તે છું જે સૌથી પ્રથમ જન્નતનો દરવાજો ખટખટાવીશ. જેથી મારા માટે જન્નતનો દરવાજો ખોલી દેવામાં આવશે અને હું જન્નતમાં દાખલ થઈ જઈશ, મારા સાથે ગરીબ મુસલમાનો પણ જન્નતમાં દાખલ થઈ જશે, આ ઘમંડથી કહેતો નથી. અને હું તમામ આગળના પાછળનાથી ખૂબ જ ઈજ્જતદાર છું અને આ વાત ગર્વથી કહેતો નથી.

હઝરત અનસ رضي الله عنهની રિવાયતમાં છે કે સૌથી પ્રથમ હું લોકોની જન્નત માટે શફાઅત કરીશ અને મને અનુસરનારાઓની સંખ્યા બધા જ અનુસરનારાના કરતાં વધારે હશે. અનસ رضي الله عنهથી આ પણ રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, ક઼યામતના દિવસે તમામ મનુષ્યોનો સરદાર હું હોઈશ. શું તમે જાણો છો આ કેવી રીતે થશે ? (પછી જાતે જ ફર્માવ્યું) કે અલ્લાહ તઆલા આગળ અને પાછળના મનુષ્યોને (તે દિવસે) એકઠા કરશે. પછી પૂરી હદીષ કહી સંભળાવી.

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, હું આશા રાખું છું કે ક઼યામતના રોજ તમામ અંબિયાએ કિરામ عليهم السلامથી સવાબમાં વધારે હું હોઈશ. બીજી હદીષમાં છે કે શું તમે રાજી થશો

નહીં કે કયામતના દિવસે હઝરત ઈબ્રાહીમ عليه السلام અને હઝરત ઈસા عليه السلام તમારામાં હશે. તેના પછી ફર્માવ્યું કે, કયામતના દિવસે તેઓ મારી ઉમ્મતમાં હશે. હઝરત ઈબ્રાહીમ عليه السلام ફર્માવશે કે આપ મારી દુઆ અને મારી ઔલાદમાંથી છો. રહ્યા હઝરત ઈસા عليه السلام તો અંબિયાએ કિરામના સમૂહ આપસમાં ભાઈ છે એટલે કે તેમના પિતા એક છે અને મા જુદી છે. હઝરત ઈસા عليه السلام મારા ભાઈ (એ રીતે વધારે) છે કે મારા અને તેમના દરમ્યાન કોઈ નબી નથી અને હું બીજાના સંબંધે તેમનાથી વધુ નજીક છું.

રિસાલતનું આ ફર્માન કે કયામતના દિવસે મનુષ્યના સમૂહનો સરદાર હું હોઈશ. જો કે આપ દુનિયામાં પણ તમામ ઈન્સાનોના સરદાર છે અને કયામતમાં પણ આપ જ સરદાર હશે. ત્યારે કેવળ કયામતની સરદારીનું વર્ણન કેમ ફર્માવ્યું. એનું કારણ એ છે કે ત્યાં આપની સરદારી અને શફાઅતની જલ્વાગરી હશે ન કે બીજાઓની, અને તે સમયે આપના સિવાય લોકોને કોઈના પાસે પનાહ મળી શકશે નહીં. સરદાર તે જ થાય છે જેના પાસે લોકો પોતાની જરૂરિયાતો લઈ જવા પર લાચાર બની જાય છે. તે દિવસે બીજી એવી કોઈ હસ્તી હશે નહીં જે સરદારીનો દાવો કરે. આ વિષયને એમ સમજી લો કે અલ્લાહ جل جلاله કયામતના દિવસે ફર્માવશે, لِمَنِ الْمُلْكُ الْيَوْمَ ۖ لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ "આજે કોની બાદશાહત છે ? એક અલ્લાહ દરેક પર પ્રભાવી છે."

જો કે દુનિયા તથા આખેરતમાં અલ્લાહ તઆલાની બાદશાહત છે, પરંતુ આખેરતમાં કેમ કે એ લોકોના દાવાઓ પણ ખંડિત થઈ જશે જેઓ દુનિયામાં થોડા સમયના અધિકારના કારણે બાદશાહી કરતા હતા. જો કે આખેરતમાં તમામ ઈન્સાન આ મહબૂબે બારી صلى الله عليه وسلمની શફાઅતના મોહતાજ હશે અને તમામ આપની પનાહગાહ (શરણ) શોધ્યા કરતા હશે, જેથી આખેરતમાં તમામ ઈન્સાનોના સરદાર કેવળ આપ જ હશે.

હઝરત અનસ رضي الله عنهની રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, હું કયામતના દિવસે જન્નતના દરવાજા પર આવીશ અને દરવાજો ખોલવા માટે કહીશ. (એટલે દરવાજો ખટખટાવીશ) ત્યારે જન્નતનો રક્ષક પૂછશે, આપ કોણ છો ? હું જવાબ આપીશ કે હું મુહમ્મદ છું ! તે અરજ કરશે કે મને આ જ હુકમ મળ્યો છે કે કેવળ આપના માટે દરવાજો ખોલી દઉં અને આપના સિવાય બીજા કોઈના માટે દરવાજો ખોલવામાં ન આવે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, મારી હૌઝનું અંતર એક માસ જેટલું છે અને તેનું પાણી ચાંદથી વધુ સફેદ છે, તેની સુગંધ મુશ્કથી વધુ સુવાસ ફેલાવનાર અને તેની કુલડી (પાણી પીવાનું માટીનું વાસણ) આસમાનના તારાઓની જેમ અસંખ્ય છે. જે એક વખત તેનું પાણી પી લેશે તેને કયારેય તરસ નહીં લાગે.

આ હદીષના સંબંધે હઝરત અબૂ ઝર ગિફારી رضي الله عنه (વફાત : હિ.સ. ૩૨, ઈ.સ. ૬૫૨)થી પણ મરવી છે, પરંતુ આ રિવાયતમાં એ પણ છે કે આ (હૌઝે કૌષર)ની લંબાઈ એટલી છે જેટલું અમ્માનથી ઈલા વચ્ચેનું અંતર છે અને તેમાં જન્નતના બે પરનાળાં પડે છે.

આના જેવી હદીષ હઝરત ષૌબાન رضي الله عنهથી પણ મરવી છે અને એમની એ રિવાયત પણ છે કે તેનું એક પરનાળુ સોનાનું છે અને બીજું ચાંદીનું છે. (સુબ્હાનલ્લાહ !)

હઝરત હારિષ બિન વહબ رضي الله عنهની રિવાયત છે કે (હૌઝે કૌષરની લંબાઈ એટલી છે જેટલું મદીના મુનવ્વરાથી સનઆનું અંતર)

હઝરત અનસ رضي الله عنهની રિવાયતમાં ઈલાથી સનઆ છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهથી છે કે જેટલું કૂફાથી હજરે અસ્વદ છે. હૌઝે કૌષરની હદીષ અનસ, જાબિર, જાબિર બિન સમૂરા, ઈબ્ને ઉમર, ઉત્બા બિન આમિર, હારિષા બિન વહબ, અલ્ખઝાઈ મસ્તૂરદ, અબૂ બુરઝતુલ્અસ્લમી, હુઝૈયફા બિન અલ્યમાન, અબૂ અમામહ, ઝયદ બિન અરકમ, ઈબ્ને મસઊદ, અબ્દુલ્લાહ બિન ઝયદ, સહલ બિન સઅદ, સુવૈદ બિન જબ્લહ, અબૂબક્ર, ઉમર ઈબ્ને ખત્તાબ, ઈબ્ને બુરૈદાહ, અબૂ સઈદ ખુદરી, અબ્દુલ્લાહ અલ સના બહી, અબૂ હુરૈરહ, બરાઅ બિન આઝિબ, જુન્દુબ, આઈશા, અસ્મા બિન્તે અબૂબક્ર, અબૂ બક્ર જુન્દુબ, ખોલા બિન્તે કૂબીસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ વિગેરેથી રિવાયત છે.



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### (મજલિસ-3) શહેરોની તબાહી વિશે

શહેરોની તબાહીના બારામાં ચર્ચા ચાલી. (હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ) ફર્માવ્યું કે આખરી જમાનામાં શહેર ગુનાહોની ખરાબીના સમયે બર્બાદ થઈ જશે. જેમ કે મેં ખ્વાજા યુસુફ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે એકવાર હું સમરકંદની તરફ જઈ રહ્યો હતો તો મેં ખ્વાજા યહ્યા સમરકંદીની ઝબાની સાંભળ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ રિવાયત કરી છે કે આ આયત નાઝિલ થઈ :–

وَاِنْ مِّنْ قَرْيَةٍ اِنْ نَّحْنُ مُهْلِكُوْهَا قَبْلَ يَوْمِ الْقِيٰمَةِ اَوْمُعَذِّبُوْهَا عَذَابًاشَدِيْدًا كَانَ ذٰلِكَ فِى الْكِتٰبِ مَسْطُوْرًا

''કોઈ શહેર એવું નથી જેના પર ક઼યામતથી પહેલાં અમે મુસીબત તથા અઝાબ તથા તબાહી નાઝિલ ન કરીએ, અને શહેર વિરાન ન થાય.'' અને પછી ફર્માવ્યું કે, આખરી જમાનામાં ગુનાહ પુષ્કળ પ્રમાણમાં થશે. મક્કાને હબ્શી લોકો વિરાન કરશે અને મદીના મુનવ્વરા દુકાળથી બર્બાદ થઈ જશે અને ભૂખના માર્યા મખ્લૂક઼ મૃત્યુ પામશે અને બસરા, ઈરાક તથા મશ્હદ શરાબખોરોના અમલોની ખરાબીના કારણે ખરાબ થશે. અને એ વરસે મુસીબત ખૂબ નાઝિલ થશે અને સ્ત્રીઓના બદઅમલોના કારણે પણ ખરાબ થશે. અને મુલ્કે શામ (સીરિયા) બાદશાહના જુલ્મના કારણે ખરાબ થશે. અને કરોળિયો આકાશેથી ઉતરશે અને રોમ પુષ્કળ સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્યના કારણે તબાહ થશે. અને આકાશેથી હવા ચાલશે જેનાથી સર્વ માણસો સૂઈ જશે અને તબાહ થઈ જશે. અને ખુરાસાન તથા બલ્ખ વેપારીઓની ખયાનતના કારણે વેરાન થઈ જશે અને મુસલમાન તેની ખરાબીના કારણે મુરદાર થઈ જશે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં ખ્વાજા મૌદૂદ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે ખ્વારઝમ અને તેની આસપાસ અમુક શહેરો આવેલાં છે તે રંગ રાગ તથા મના કરેલ બાબતોના કારણે ખરાબ થશે અને એકબીજાને બર્બાદ કરશે અને પોતે પણ નષ્ટ થઈ જશે. સીવિસ્તાન સખત મુસીબતો, અંધકારો તથા ધરતીકંપોથી ટુકડે ટુકડા થઈ જશે, અને જે જમીનમાં રહેતા હશે તે નસ્તો નાબૂદ થઈ જશે. પરંતુ મિસ્ર તથા અન્ય શહેરોની ખરાબીનું એ કારણ હશે કે આખર જમાનામાં સ્ત્રીઓને ક઼ત્લ કરશે અને કહેશે આ ફાતિમા છે. એમના મોંમાં ધૂળ ! પછી અલ્લાહ તઆલા તેમને જમીનમાં ગર્ક કરી દેશે અને સિંધ તથા હિંદુસ્તાન પણ વિરાન થઈ જશે, પછી ફર્માવ્યું કે ઝિના તથા શરાબખોરીના સબબે વેરાન થઈ જશે. પછી ફર્માવ્યું કે પૂર્વ રحمة الله تعالى عليهم اجمعين કે પશ્ચિમમાં જે શહેર છે સૌથી ફસાદોની બલા હિંદમાં પડશે.

પછી ફર્માવ્યું કે જ્યારે શહેરો આવી રીતે ખરાબ થશે તો મેહદી જાહેર થશે અને પૂર્વથી પશ્ચિમ સુધી એમના ન્યાયની ધૂમ મચી જશે અને હઝરત ઈસા علیہ السلام આસ્માનથી નીચે ઉતરશે અને એ બંનેવને મુસલમાની હદ ઉપરાંત પ્રિય હશે અને એ વખતે દિવસ ખૂબ જ ટૂંકા હશે જેમ કે એક દિવસમાં એક નમાઝ અદા થશે .

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા હાજી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે એમના યુગમાં વરસ મહિનાઓ જેમ અને મહિના અઠવાડિયાં જેમ અને અઠવાડિયાં દિવસો જેમ હશે અને દિવસ એક વખતમાં પસાર થઈ જશે. ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે હે દરવેશ ! માણસે જોઈએ કે આ જ (હાલમાં) સાલ તથા મહિનાઓને તે સાલ તથા મહિના ખયાલ કરવા જોઈએ, કેમ કે આ જ દિવસો શરૂઆતના દિવસ છે. રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારા બાદ કૂતરીનાં બચ્ચાં પેદા થશે ન કે માનવીનાં. હવે ખૂદ લોકો ક઼યાસ કરે કેમ કે લાંબો સમય ગુજરી ચૂક્યો છે. જેવા ખ્વાજા સાહબે આ ફવાઈદ ખત્મ કર્યા આપ યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને દુઆગો પરત ચાલ્યો આવ્યો.

الحمد الله على ذٰلك

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

### મન્કબત દર શાને ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ

**વાહ ક્યા મર્તબા અય ગૌષ હૈ બાલા તેરા**
**ઊંચે ઊંચોં કે સરોં સે કદમ આ'લા તેરા**

**અર્થ** : (ગૌષ = રૂહાની દુનિયાનો ઊંચો મકામ જેનો અર્થ મદદ કરનાર છે અને શૈખ અબ્દુલ કાદિર જીલાનીનો લકબ) અય ગૌષે પાક ! رحمۃ اللہ علیہ આપના મર્તબાનું કહેવું જ શું ? આપનો મર્તબો ઘણો ઊંચો અને બુલંદ છે કે આપના કદમ (પગ) મુબારક ઊંચા ઊંચા લોકોના માથાથી પણ ઊંચા છે. આ શેઅરમાં ગૌષે પાક رحمۃ اللہ علیہના ફર્માનની તરફ ઈશારો છે કે આપ બગદાદની જામે મસ્જિદના મિમ્બર પર ઈર્શાદ ફર્માવ્યું, "મારા કદમ દરેક વલીની ગરદન પર છે."

**સર ભલા ક્યા કોઈ જાને કે હૈ કૈસા તેરા**
**અવલિયા મલતે હૈં આંખેં વો હૈ તલવા તેરા**

**અર્થ** : અય અવલિયાના સરદાર ! આપના સર મુબારકની ઉચ્ચતાને કોઈ સમજી શક્તુ નથી કે ખુદા પાકે શું મકામ આપ્યો છે ?! કારણ કે આપના કદમ મુબારક એટલા ઊંચા મર્તબાવાળા છે કે વલીઓ આપના તળીયાને આંખોથી લગાડી બરકતો હાંસલ કરે છે, અને આપના કદમનો મર્તબો ઊંચો કેમ ન હોય કે ખૂદ મુહમ્મદ મુસ્તફા ﷺએ તેને ઊંચો મકામ આપ્યો.

રિવાયતોમાં છે કે મેઅરાજની રાત્રે જ્યારે સરકાર ﷺ બુરાક પર સવાર થઈ રહ્યા હતા ત્યારે ગૌષ પાકની રૂહ હાજર થઈ. હુઝૂર ﷺ ગૌષ પાક رضی اللہ عنہના ખભા પર કદમ મુબારક મૂકી બુરાક પર સવાર થયા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "અય અબ્દુલકાદિર ! મારા કદમ તારી ગરદન પર છે અને તારા કદમ તમામ વલીઓની ગરદન પર હશે." *(તફરીહુલ ખાતિર, ફતવાએ રઝવિય્યા વગેરે)*

**ક્યા દબે જિસપે હિમાયતકા હો પંજા તેરા**
**શેર કો ખતરે મેં લાતા નહીં કુત્તા તેરા**

**અર્થ** : અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ જેના માથા પર આપની હિમાયત, તરફદારીનો હાથ હોય, જેને આપનુ પીઠબળ નસીબ હોય તે દુશ્મનોથી શું કામ ડરે અને ગભરાય ?! જ્યારે આપની બારગાહનો કૂતરો પણ વાઘ, સિંહની પરવા નથી કરતો ! ગૌષે પાક رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

મારા મુરીદ (ગુલામ) ડર નહીં ! અલ્લાહ મારો રબ છે તેણે મને ઊંચો મર્તબો અતા કર્યો છે અને હું મારી ઉમ્મીદોએ પહોંચ્યો છું.

કયામતના દિવસ સુધી મારા દોસ્તો, પ્રેમીઓ, અને મુરીદોમાંથી કોઈ ઠોકર ખાશે તો હું તેનો હાથ પકડી લઈશ. *(કલાઈદુલ જવાહિર)*

મને ખુદાની ઈજ્જત તથા જલાલની કસમ ! કે મારો હાથ મારા મુરીદો પર એવો છે જેવી રીતે જમીન પર આકાશનો સાયો છે, જો મારો મુરીદ ઊંચા મર્તબાવાળો નથી તો શું થયું, હું તો ઊંચા મર્તબાવાળો છું. (સુબ્હાનલ્લાહ !)

મારો મુરીદ પૂર્વમાં બેપર્દા થાય અને હું પશ્ચિમમાં હોઉં તો પણ હું તેની પર્દાપોશી કરું છું. *(બેહજતુલ અસ્રાર, પેજ–૯૯)*

**તૂ હુસૈની હસની ક્યૂં ન મુહિયુદ્દીન હો**
**અય ખિઝર ! મજમએ બહરૈન હૈ ચશ્મા તેરા**

જેનું પેઢીનામુ (વંશ) ઈમામ હુસૈન رضی اللہ عنہ સુધી પહોંચે તેને હુસૈની અને ઈમામ હસન સુધી પહોંચે તો તેને હસની કહેવામાં આવે છે. ગૌષે પાક رحمۃ اللہ علیہનું નસબ વાલિદ સાહબ (બાપ) તરફથી ઈમામ હસન

સુધી અને માં તરફથી ઈમામ હુસૈન સુધી પહોંચે છે એટલે કે આપ હસની હુસૈની સૈયદ છે. આ'લા હઝરત ફર્માવે છે, "અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ આપ હુસૈની અને હસની, મુહિયુદ્દીન (દીનને જીવન આપનાર) અય ખિઝર (ગુમરાહને રસ્તો દેખાડનાર) આપનો ખાનદાન બે સમંદરનો સંગમ છે."

**ક઼સ્મેં દે દે કે ખિલાતા હૈ પિલાતા હૈ તુઝે**
**પ્યારા અલ્લાહ તેરા ચાહનેવાલા તેરા**

**અર્થ** : અય મહબૂબે સમદાની ! આપને ચાહનાર ખુદા આપથી એટલી મહોબ્બત કરે છે કે આપને કસમો આપીને ખવડાવે પીવડાવે છે. આ શેઅરમાં ગૌષે પાક رحمۃ اللہ علیہના કૌલ તરફ ઈશારો છે કે અલ્લાહ તઆલાએ ગૌષે પાક رحمۃ اللہ علیہને ફર્માવ્યું, અય અબ્દુલકાદિર ! કસમ છે મારા તે હક્કની જે તારી ઉપર છે તું ખા અને પી !

**મુસ્તફા કે તને બે સાયા કા સાયા દેખા**
**જિસને દેખા મેરી જાન જલ્વએ ઝૈબા દેખા**

**અર્થ** : અય રસૂલલ્લાહ ﷺના લાડલા ! આપને જેણે જોયા તેણે મુસ્તફા ﷺના સાયા વગરના બદન મુબારકનો સાયો જોયો અને મુસ્તફા ﷺના જલ્વાને આપના મુબારક ચેહરાના દીદારમાં જોયો, કારણ કે આપ હુઝૂર ﷺની સૂરત અને સીરતનો આયનો છે.

**ઈબ્ને ઝહરા કો મુબારક હો ઉરૂસે કુદરત**
**કાદરી પાએઁ તસદુક મેરે દુલ્હા તેરા**

**અર્થ** : અય ફાતેમા ઝહરા رضی اللہ عنہاના બેટા ! ખુદાએ તાકાત, કુદરત અને ઈખ્તિયારનો સેહરો આપના માથા પર સજાવી દુલ્હા બનાવ્યા છે એ માટે આપને મુબારકબાદી ! કાદરી આપના ગુલામો આપની બારગાહથી ખૈરાત હાંસલ કરે છે અને આપના સદકાથી ફયઝયાબ થાય છે.

**ક્યૂં ન કાસિમ હો કે તૂ ઈબ્ને અબિલ્ કાસિમ**
**ક્યૂં ન કાદિર હો કે મુખ્તાર હૈ બાબા તેરા**

**અર્થ** : કાસિમનો અર્થ વહેંચણી કરનાર છે. હુઝૂર ﷺના એક સાહબઝાદાનું નામ કાસિમ છે જેમની તરફ નિસ્બત કરીને અબુલ કાસિમ (કાસિમના બાપ) હુઝૂર ﷺની કુન્નિયત છે. મતલબ થયો કે અય વલીઓના સરદાર ! ગૌષ પાક رحمۃ اللہ علیہ આપ વિલાયત અને ફયૂઝાનના કાસિમ (વહેંચનાર) છો કારણ કે આપ તે અબુલ કાસિમ મુહમ્મદ મુસ્તફા ﷺના બેટા છો જે દુનિયાને નેઅમતો વહેંચે છે. હદીષમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે, અલ્લાહ મને આપે છે અને હું વહેંચણી કરું છું. અને આપ કુદરત તાકતવાળા કેમ ન હોય છે ?! કે આપના બાબા (બાપ) જેમની આપ ઔલાદ છો તે જનાબ મુહમ્મદ મુસ્તફા ﷺ મુખ્તિયાર (ઈખ્તિયાર, તાકતવાળા) છે.

**નબ્વી મેહ, અલ્વી ફસ્લ, બતૂલી ગુલશન**
**હસની ફૂલ, હુસૈની હૈ મહેકના તેરા**

**અર્થ** : કોઈ પણ બાગને સુગંદિત થવા માટે પાણી, ઋતુ, જમીન, ફૂલ અને મહેક હોવી જરૂરી છે. ગૌષે પાક رحمۃ اللہ علیہ જેમનાથી વિલાયતનો બાગ સુગંધિત છે તેમના વિષે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ આપ પર નબવી વરસાદ એટલે કે આકાની રહમતો વરસે છે અને મૌલાએ કાએનાત હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની મહેરબાનીઓનો મોસમ આપની સાથે છે. આપ ફાતેમાઝહરા બતૂલના બાગના હસની ફૂલ છો અને આપની જે મહેર સુગંધ છે તે હુસૈની છે. સારાંશ આપ પંજતન પાકના વારિષ છો.

**નબવી ઝિલ, અલ્વી બુર્જ, બતૂલી મંઝિલ**
**હસની ચાંદ, હુસૈની હૈ ઉજાલા તેરા**

**અર્થ** : બુર્જ આકાશી દુનિયામાં તે જગ્યા છે જેમાં ચાંદ, સૂરજ તારા વગેરે રહે છે અને જે રસ્તા પર ચાંદ ચાલે છે તેને મંઝિલ કહેવાય છે અને જયારે સૂરજનો પ્રકાશિત સાયો ચાંદ પર પડે છે ત્યારે ચાંદ ચમકે છે. મતલબ એ છે કે ગૌષ પાક رحمۃ اللہ علیہ એવા વિલાયતના ચાંદ છે જેની રોશની આખી દુનિયામાં ફેલાય છે. તેમની ઉપર હુઝૂર પુરનૂર ﷺનો નૂરાની સાયો છે, અને આપનો બુર્જ તે અલી છે જે સર્વ વલીઓના સરદાર છે અને આપ જે રાસ્તાથી દુનિયામાં તશરીફ લાવ્યા છે તે ફાતેમા બતૂલનો નસબ છે અને આપની વિલાયતનો ચાંદ હસની અને તેનો પ્રકાશ હુસૈની છે. *(ક્રમશઃ)*

# દુનિયાના પ્રથમ મોઅઝ્ઝિન હઝરત બિલાલ رضی اللہ عنہ

વહેલી સવારના ઉજાસમાં, રોશન અને ઉજ્જવળ બપોરના પ્રકાશમાં, સોનેરી સાંજના અજવાળામાં અને રાતના અંધકારમાં, રોજ દુનિયાના ખૂણા ખૂણામાં એક અવાજ બુલંદ થાય છે, જે ચૌદ સદીઓથી સતત બુલંદ થતી રહી છે. દરેક યુગમાં આ અવાજમાં એક જ શબ્દો ઉચ્ચારવામાં આવ્યા, સહેજ પણ ફેરફાર ન થયો.

આ શબ્દો એ દીનને માનવાવાળાઓ માટે ગર્વ અને શાનો શૌકતની નિશાની છે જે દીનનો સંદેશ લઈ એક નબીએ ઉમ્મી ફરાનની ચોટીઓ પર ઉતર્યા. આ શબ્દોમાં એક જાદૂ છે જે સાંભળનારને મોહિત કરી દે છે, આ શબ્દોમાં એ રૂઆબ અને જલાલ છે જે મોટા મોટા બાદશાહોનું ઘમંડ તોડી નાંખે છે, એ શબ્દો છે, اَللّٰہُ اَکۡبَرُ-اَللّٰہُ اَکۡبَرُ "અલ્લાહ સૌથી મોટો છે ! અલ્લાહ સૌથી મોટો છે !" ધરતી પર સૌ પ્રથમ આ શબ્દો પોકારવાનું સદ્‌ભાગ્ય જે વ્યક્તિને મળ્યું તે ન તો અત્યંત ધનવાન હતી, ન પ્રભાવશાળી, ન તેના રંગરૂપે લોકોને આર્કષિત કર્યા બલ્કે તે એક હબ્શી વંશ ગુલામ હતો જેનો રંગ કાળો, આંખો, લાલ અને હોઠ મોટા હતા, પરંતુ તેનું દિલ ઘણુ જ સુંદર, અત્યંત પવિત્ર હતું.

એક ગુલામ જેને અલ્લાહ તઆલાએ ઈજ્જત તથા સન્માનની બુલંદીઓ પર બિરાજમાન કર્યો એ હઝરત બિલાલ બિન રબાહ رضی اللہ عنہ હતા. આપને કેવળ દુનિયાના સૌ પ્રથમ મુઅઝ્ઝિન હોવાનું સન્માન પ્રાપ્ત ન હતું બલ્કે આપ હુઝૂર ﷺના ખાદિમે ખાસ પણ હતા. આપનો મર્તબો આ પરથી જાણી શકાય છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "બિલાલ કેટલો સારો છે તે સર્વ મુઅઝ્ઝિનોનો સરદાર છે."

હઝરત બિલાલ رضی اللہ عنہના વાલિદ રબાહ અને વાલિદા હમામા, કબીલએ બનૂ જહમનાં ગુલામ હતાં. આ અરબ દેશનો એક અતિશય અંધકારમય યુગ હતો, જ્યાં જુલ્મ અત્યાચારની કોઈ હદ ન હતી, સૌથી વધુ મઝલૂમ ગુલામો હતા, એમને મૂળ ઈન્સાની હક્કો તો દૂર રહ્યા સુખ ચૈનથી જીવવાનો પણ હક્ક ન હતો.

સરવરે કાઈનાત ﷺએ જ્યારે એલાને નબુવ્વત ફર્માવ્યું ત્યારે હઝરત બિલાલ رضی اللہ عنہ લગભગ ૨૮ વરસના હતા. આપ ઉમય્યા બિન ખલફની બકરીઓ ચરાવવા માટે પહાડોમાં લઈ જતા. એક દિવસ આપ ગારે હિરા પાસેથી પસાર થયા જ્યાં રસૂલે કરીમ ﷺ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની સાથે તશરીફ ફર્મા હતા. હુઝૂર ﷺએ આપને બોલાવી ફર્માવ્યું, "હું અલ્લાહનો રસૂલ છું, ઈસ્લામ પ્રતિ તમારો શો ખ્યાલ છે ?" હઝરત બિલાલ, રસૂલે હાશમી વકાર ﷺથી ઘણા જ પ્રભાવિત હતા, આપની મનમોહક વાણી સાંભળી બિલાલના મોઢેથી નીકળ્યું, "આપનો દીન મને સારો લાગે છે !"

બિલાલ પાછા ફરી ગયા પરંતુ દિલ નબીએ કરીમ ﷺ તરફ લાગી રહ્યું. બીજા દિવસે ફરી ત્યાં જઈ પહોંચ્યા. નબીએ કરીમ ﷺની પ્રભાવશાળી વાતો સાંભળી બેકરાર થઈ ગયા. કુદરતે અગાઉથી જ જે સત્ય આપના દિલમાં રાખી દીધું હતું તે ઈસ્લામના રૂપમાં આપના સમક્ષ આવ્યું, કલ્મએ શહાદત પઢી મુસલમાન થઈ ગયા. આપ એ સાત ખુશનસીબોમાંથી છે જેમને સૌ પ્રથમ ઈસ્લામની દૌલત મળી.

આ ઈસ્લામનો પ્રારંભિક દોર હતો. હુઝૂરે અકરમ ﷺ અલ્લાહ તઆલાના હુકમથી ગુપ્ત રીતે ઈસ્લામની તબ્લીગ ફર્માવતા, પરંતુ વધુ દિવસો સુધી મક્કાના કાફિરોથી એ વાત છુપી ન રહી. તેમને એમના અમુક સાથીઓમાં એક વિશિષ્ટ પરિવર્તન જોવા મળ્યું.

ઉમય્યા બિન ખલ્ફને પણ જાણ થઈ ગઈ કે એનો ગુલામ બિલાલ, મુહમ્મદ ﷺના સાથીઓ સાથે મળી ગયો છે. ગુલામની શું મજાલ કે પોતાના માલિકના ધર્મથી ફરી જાય ! ઉમય્યા બિન ખલ્ફના તન બદનમાં જાણે આગ લાગી ગઈ. હઝરત બિલાલને બોલાવી આપના પર જુલ્મો સિતમના પહાડ તોડવાનું શરૂ કર્યું.

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

મક્કા મુકર્રમામાં હુર્રાની જમીન ગરમીમાં મશહૂર છે. તડકામાં તાંબાની જેમ ગરમ થાય છે. ઉમય્યાએ બિલાલને એ જ જમીન પર સૂવડાવી સીના પર ભારે પથ્થર મૂકી દીધો. તે છતાં આપની ઝબાનથી "અહદ ! અહદ !" સિવાય કાંઈ ન નીકળતુ. ઉમૈયાએ જોયું કે આની કોઈ અસર આપના પર ન થઈ તો તેણે મુડદા જાનવરની ખાલમાં આપને લપેટી તીવ્ર તાપમાં નાખી દીધા. સખત ગરમીથી ખાલ સૂકાઈ ગઈ અને તેમાં આપનુ શરીર જકડાઈ ગયું પરંતુ આપની ઝબાનથી એક જ કલ્મો નીકળતો.

ઉમય્યા કહેતો, "બિલાલ ! હજુ સમય છે મુહમ્મદ ﷺના ખુદાથી ફરી જા !" પરંતુ જવાબ એક જ હોતો, "અહદ ! અહદ !"

હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ ફર્માવે છે, "મેં બિલાલને એવી હાલતમાં જોયા છે કે ઉમય્યાએ આપને એવી ગરમ જમીન પર સૂવડાવ્યા હતા કે તેના પર માંસ રાખવામાં આવતુ તો એ પણ બફાઈ જતું ! પરંતુ બિલાલ આવી હાલતમાં પણ અલ્લાહ સિવાય બીજા મઅબૂદનો ઈન્કાર કરતા."

ઉમય્યા રોષે ભરાયો, તેણે આપની ગરદનમાં રસ્સી બાંધી દીધી અને મક્કાના આવારા લોકોના હવાલે કરી દીધા. તેઓ આપને મક્કાની પહાડીઓમાં ઘસેડતા, ધમધખતી રેતી પર ઊંધા મોઢે નાખી પથ્થરો નીચે દાબી દેતા. ઈસ્લામના આ સાચા શયદાઈનું આખુ શરીર આવી તકલીફોથી ઝખ્મી થઈ ચૂક્યું હતું પરંતુ આપ અડગ રહ્યા.

જુલ્મો સિતમનો આ ક્રમ ચાલતો રહ્યો. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ કબીલએ બનૂ જહમના મહોલ્લામાં રહેતા હતા, આવતાં જતાં બિલાલ પર જુલ્મ થતો જોતા. એક દિવસ આપ બિલાલની આ હાલત જોઈ સહન ન કરી શક્યા. આપે ઉમય્યા પાસે જઈને કહ્યું, "ઉમય્યા ! આ બેગુનાહ પર જુલ્મ ન કર, જો એ એક ખુદાની ઈબાદત કરે છે તો એમાં તારું શું બગડવાનું છે ! તું એના પર એહસાન કરીશ તો એ કયામતના દિવસે તારા જ માટે લાભદાયક નીવડશે." ઉમય્યાએ તુચ્છતાથી કહ્યું, "તમારા કાલ્પનિક કયામતના દિવસને હું સ્વીકારતો નથી, હું મનફાવતુ કરીશ !" હઝરત અબૂબક્ર رضی اللہ عنہ નમ્રતાથી તેને સમજાવતા રહ્યા, "ઉમય્યા ! તું તાકતવર છે, એક મજબૂર ગુલામ પર આમ જુલ્મો સિતમ કરવું તારા માટે ઉચિત નથી."

ઉમય્યાએ કહ્યું, "તમે એ ગુલામના એટલા જ હમદર્દ છો તો એને ખરીદી કેમ નથી લેતા ?!" હઝરત અબૂબક્ર رضی اللہ عنہ બોલ્યા, "બોલ ! શું લઈશ ?"

ઉમય્યાએ કહ્યું, "તમે તમારો ગુલામ ફિસ્તાસ રૂમી મને દઈ દો અને આને લઈ જાવ."

ફિસ્તાસ રૂમી ઘણો કામનો હતો. ઉમય્યાનો ખયાલ હતો કે અબૂબક્ર બિલાલ જેવા કમજોર ગુલામના બદલામાં ફિસ્તાસ જેવો કામનો ગુલામ આપવા રાજી નહીં થાય. પરંતુ અબૂબક્ર બોલ્યા, "મંઝૂર છે !" ઉમય્યાને આશ્ચર્ય થયું જેથી તે બોલ્યો, "ફિસ્તાસની સાથે ૪૦ અવકિયા ચાંદી પણ લઈશ !" (એક અવકિયા બરાબર ૪૦ દિરહમ થાય છે) હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ એ પણ સ્વીકાર્યું. જ્યારે આપ બિલાલને લઈ ચાલવા લાગ્યા તો ઉમય્યા હસીને કહેવા લાગ્યો, "અબૂ કહાફા ! તમારી જગ્યાએ હું હોત તો આ ગુલામને એક દિરહમના છઠ્ઠા ભાગના બદલે પણ ન ખરીદતો !" આપે ફર્માવ્યું, "ઉમય્યા ! તને આ ગુલામની કિંમત નથી ખબર ! મને પૂછ, યમનની બાદશાહી પણ આ ગુલામના મુકાબલામાં કાંઈ નથી !" આમ કહી હઝરત બિલાલ رضی اللہ عنہને આઝાદ કરી દીધા. નબીએ કરીમ ﷺ આ જાણી ઘણા જ ખુશ થયા.

હવે હઝરત બિલાલ આઝાદ હતા, પોતાનો વધુ સમય નબીએ કરીમ ﷺની ખિદમતમાં પસાર કરતા, કુર્આને પાક અને ઈલ્મે દીન શીખતા તથા દીને ઈસ્લામને વધુમાં વધુ ફેલાવવાની કોશિશ કરતા.

જ્યારે હિજરતનો હુકમ થયો તો આપ પણ મક્કાથી મદીના આવી ગયા. રસૂલે અકરમ ﷺએ મુહાજિરીન અને અન્સાર વચ્ચે ભાઈચારો સ્થાપિત કરી દીધો હતો જેમાં હઝરત બિલાલને હઝરત અબૂ રૂવૈહાના ભાઈ બનાવવામાં આવ્યા હતા. એમના વચ્ચે એવો ભાઈચારો થયો કે જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہના જમાનમાં હઝરત બિલાલ જેહાદ માટે જવા લાગ્યા તો હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, બિલાલ ! તમારું ભથ્થુ કોણ વસૂલ કરશે ? બિલાલે કહ્યું, "અબૂ રૂવૈહા ! કારણ કે રસૂલુલ્લાહ

ﷺએ જે ભાઈચારો કાયમ કર્યો છે તે કદી નહીં તૂટે."

મદીનામાં જ્યારે ઈસ્લામની બહારો આવી ગઈ તો હવે બાજમાઅત નમાઝ માટે લોકોને એકત્ર કરવાનો પ્રશ્ન ઉભો થયો કે કઈ રીતે લોકોને એકત્ર કરવામાં આવે. લોકોએ અલગ અલગ મશ્વરા આપ્યા પરંતુ નબીએ કરીમ ﷺએ નાપસંદ ફર્માવ્યું. હજુ આ જ ચર્ચા ચાલી રહી હતી કે હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ બારગાહે રિસાલતમાં હાજર થયા અને કહ્યું, મને સ્વપ્નમાં કોઈએ અઝાનના શબ્દો શિખવ્યા છે, પછી તે શબ્દો સંભળાવ્યા. અલ્લાહ તઆલાના હુકમથી આપ ﷺએ એને પસંદ ફર્માવ્યું. હઝરત ઉમર رضی اللہ عنہએ પણ આ જ પ્રકારનું સ્વપ્ન જોયું, તેમણે પણ સ્વપ્ન બયાન કર્યું. આપ ﷺએ હઝરત બિલાલને અઝાન આપવાનો હુકમ આપ્યો અને અઝાનનો તરીકો શીખવ્યો. મદીનાની ફઝાઓમાં નગ્મએ તૌહીદ ગુંજી ઉઠયો અને હઝરત બિલાલ رضی اللہ عنہને ઈસ્લામના સૌ પ્રથમ મોઅઝ્ઝિન હોવાનો શર્ફ મળ્યો.

હઝરત બિલાલના અવાજમાં એ સૂર હતો કે જે આપની અઝાન સાંભળતુ મગ્ન થઈ જતું. જ્યારે નમાઝીઓ આવી જતા તો આપ ઘણા જ અદબપૂર્વક હુઝૂર ﷺના દ્વારે જઈ કહેતા : "હે અલ્લાહના રસૂલ ﷺ ! નમાઝ તૈયાર છે."

મસ્જિદે નબવીની તામીર થઈ તો એક બાજુ એક ચબૂતરો બનાવવામાં આવ્યો. આ ચબૂતરા પર એ સહાબાએ કિરામ રહેતા જેઓ હર ઘડી નબીએ કરીમ ﷺની ખિદમતમાં રહેવા અને ઈલ્મે દીન શિખવા ચાહતા હતા. એમને અસ્હાબે સુફફા કહેવામાં આવે છે. હઝરત બિલાલ رضی اللہ عنہ પણ અસ્હાબે સુફફામાંથી હતા.

બદ્ર, ઉહદ, ખંદક તે પછી ફત્હે મક્કા અને ગઝવએ તબૂક વગેરે જંગો થઈ. હઝરત બિલાલ જેહાદમાં સામેલ થવા હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી ઈજાઝત માંગતા પણ આપ એમ કહી રોકી દેતા કે મને તમારા મશ્વરાની જરૂરત છે. જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ ખલીફા બન્યા તો ફરી એકવાર બિલાલે જેહાદમાં જવાની ઈચ્છા વ્યક્ત કરી. હઝરત ઉમર رضی اللہ عنہએ પણ રોકયા, પરંતુ બિલાલ رضی اللہ عنہના આગ્રહથી આપે ઈજાઝત આપી અને શામની જંગોમાં આપ શરીક થયા. બયતુલ મુકૃદસની ફતહમાં પણ આપ શરીક રહ્યા. હિ. ૧૬ ઈ.સ. ૬૩૭ માં જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ મુલ્કે શામ ગયા તો જાબિયાના સ્થળે હઝરત બિલાલે આપનું સ્વાગત કર્યું.

હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું, "હે અમારા સરદાર બિલાલ ! ઈસ્લામના પ્રથમ કિબ્લા (બયતુલ મુકૃદ્દસ) પર ઈસ્લામનો પરચમ લહેરાયો છે આ અવસરે આપ અઝાન કહો તો અમે આપના આભારી થઈશું."

હઝરત બિલાલ رضی اللہ عنہએ અઝાન કહી, વરસો પછી એ જ અવાજ બુલંદ થયો જે મદીના મુનવ્વરાની ગલીઓમાં સંભળાતો હતો. આપની અઝાનની સાથે જ રસૂલુલ્લાહ ﷺની જુદાઈનો એહસાસ પણ જાણે તાજો થઈ ગયો અને સબ્રના બંધ તૂટી ગયા. હઝરત ઉમર رضی اللہ عنہ હિચકીઓ લઈ લઈને રડવા લાગ્યા. હઝરત અબૂ ઉબૈદા અને હઝરત મઆઝ رضی اللہ عنہનો પણ એ જ હાલ હતો.

હઝરત બિલાલ رضی اللہ عنہએ દરખ્વાસ્ત કરી કે એમને અને અબૂ રૂવૈહાને મુલ્કે શામમાં સ્થાયી રહેઠાણની પરવાનગી આપવામાં આવે. હઝરત ઉમર رضی اللہ عنہએ મંજૂર ફર્માવી.

એક દિવસ બિલાલ رضی اللہ عنہને ખ્વાબમાં હુઝૂર ﷺની ઝિયારત થઈ. આપ ફર્માવી રહ્યા હતા : "બિલાલ ! આવી જિંદગી ક્યાં સુધી ? શું તમારા માટે એ સમય નથી આવ્યો કે અમારા દીદાર માટે આવો." બિલાલ તડપી ઉઠયા અને તુરંત મદીના રવાના થઈ ગયા. રવઝએ રસૂલ ﷺ પર પહોંચ્યા તો આંખો અશ્રુભીની થઈ ગઈ. રસૂલે પાક ﷺના નવાસા હસ્નૈન કરીમૈનને સીનાથી લગાડી વહાલ કર્યો. લોકોએ અઝાન કહેવાની દરખાસ્ત કરી પણ આપ તૈયાર ન થયા. છેવટે હસ્નૈન કરીમૈન رضی اللہ عنہماની ફર્માઈશ પર અઝાન કહેવા રાજી થયા. હવે શું હતું ! જ્યારે મસ્જિદે નબ્વીથી બિલાલ رضی اللہ عنہની રૂહ પરવર અઝાન બુલંદ થઈ તો ઔરતો પણ બેકરાર થઈ ઘરોથી બહાર નીકળી આવી. એક સમય હતો કે બિલાલ અઝાન કહેતા અને લોકો બિલાલની અઝાન સાંભળતા, ચેહરએ રસૂલ ﷺની ઝિયારત કરતા, પરંતુ આજે તો કયામત જેવું વાતાવરણ સર્જાયુ હતું કે બિલાલ અઝાન કહેતા હતા

વધુ પેજ નં. ૨૯.....પર

# એવો કિરદાર અપનાવ કે જમાનો જેને મિટાવી ન શકે

રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

આજે ઉમ્મતે મુસ્લિમા હજારો મુસીબતો અને આજમાઈશોથી ગુજરી રહી છે, ખૂનના દરિયા વહી રહ્યા છે, નિર્દોષ અને બેકુસૂર બાળકોની લાશો તડપી રહી છે, ન જાણે કેટલી સ્ત્રીઓ વિધવાપણાનું દર્દ વેઠી રહી છે, કેટલાય શહેરોના ખૂણે ખૂણા આપણા ખૂન (લોહી)થી લથપથ થઈ ગયા છે, દુશ્મનનો હુમલો કદી છુપાઈને થાય છે અને કદી આપણામાં છુપાઈને થાય છે ! કદી તેમનો ચેહરો ગૈર ઈસ્લામી હોય છે અને કદી મુકમ્મલ તાલિબાની !

***ઈબ્લીસને પૈગામ દિયા એહલે સિતમ કો***
***દુનિયાકો પરસ્તિશકી નઈ રાહ દિખા દો***
***કુર્આનકે તુગરોંસે ભી ઝિનત દો સનમ કો***
***કોઈ પૂછે કે યે ક્યા હૈ ? ઈસ્લામ બતા દો***

જાન માલ, ઈજ્જત આબરુ ત્યાં સુધી કે ઈમાન અને અકીદા પર પણ આપણા દુશ્મનોની નજર છે. સમગ્ર જગતમાં પૂરી તાકતની સાથે મુસલમાનોને બેઈજ્જત તથા બદનામ કરવાની કોશિશો ચાલી રહી છે. પરંતુ આ બધું હોવા છતાં ઉમ્મતની અડગતામાં મચક નથી આવતી, તેમને પોતાના દીનથી મેહરૂમી કોઈ પણ સંજોગોમાં માન્ય નથી. તેમના ઈમાન અને યકીનની ડાળીને જેટલી કાપવાની કોશિશો કરવામાં આવે છે એટલી જ એ વિકસીત થતી જાય છે અને લહલહાવે છે. અને તેમની દીન પ્રત્યે ગૈરતની આગને જેટલી બુઝાવવાની કોશિશ કરવામાં આવે છે એટલા જ તેના શોલા ભડકતા જાય છે. મુસીબતો અને આજમાઈશો તેમને એક નવો વલવલો અને નવી તાકત આપે છે. પરવીન શાકિરે શું સરસ કહ્યું છે :–

***રખા હૈ આંધિયોંને હી હમ કો કશીદા સર***
***હમ વો ચિરાગ હૈ જિસે નિસ્બત હવાસે હૈ***

આ એ હકીકત છે જેણે પૂર્વથી પશ્ચિમ સુધી ઈસ્લામના દુશ્મનોને હૈરત અને અચંબામાં નાખી દીધા છે અને હસદ અને દુશ્મનીમાં પણ, કેમ કે ઈસ્લામે તેમની જડો હલાવી છે, ખોખલા બનાવટી મઝહબની પોલ ખોલી કાઢી છે. અને કુર્આન અને સુન્નતના ન મિટવાવાળા આકર્ષણે હોશ તથા બુદ્ધિવાળી દુનિયાને દીવાની બનાવી દીધી છે. એ જ કારણે આ હકીકતથી વાકેફ હોવા છતાં *"યે શહાદત ગહે ઉલ્ફતમેં કદમ રખના હૈ"* લોકો ઈસ્લામના સાફ ઝરણાથી પોતાની પ્યાસ બુઝાવવા વધુથી વધુ સંખ્યામાં દાખલ થઈ રહ્યા છે. આપણા દુશ્મનો જે એના વિશે સમજ્યા છે તે એકદમ સાચુ સમજ્યા છે કે **જ્યાં સુધી કુર્આન અને સુન્નતથી આ ઉમ્મતનો સંબંધ નહીં તૂટે ત્યાં સુધી તેમના યકીનને હાઈજેક નથી કરી શકતા, તેમના દિલો દિમાગ પર કબજો નથી થઈ શકતો.** કુર્આન અને હદીષ એ ઝિંદા અને નિર્ભેળ અલ્લાહ તઆલાનો તોહફો છે અને જે વસ્તુ જીવંત અને ભેળસેળથી ખાલી હોય છે તેમાં અસર હોય છે. મરેલો સિંહ માટીના એક ઢગલાની જેમ છે, એ જ રીતે દુનિયામાં હમણા જે ધાર્મિક કિતાબો છે ખુદા તરફથી તેમનો દૌર ખત્મ થઈ ગયો છે. તે જિંદગીથી મેહરૂમ છે અને ઈન્સાનોની ભેળસેળે તેમને બે અસર કરી દીધી છે એટલા માટે તે વિચાર અને અમલમાં કોઈ ઈન્કિલાબ નથી પૈદા કરી શકતી. પરંતુ કુર્આન મજીદ એકદમ ઈન્કિલાબ લાવનારો ખુદાનો પૈગામ છે, જે ઈન્સાની સમાજમાં સારા

ફેરફારો લાવવાની ક્ષમતા ધરાવે છે અને માનવીમાં બુરાઈઓથી મુક઼ાબલો કરવાની હિંમત અને તાક઼ત પેદા કરે છે. એટલા માટે આજે વિશ્વસ્તરે મુસલમાનોને કુર્આન મજીદથી દૂર રાખવાની કોશિશ કરવામાં આવી રહી છે. આ કોશિશ ત્રણ પ્રકારની છે : પહેલો પ્રકાર એ છે કે કુર્આનની તાલીમાતને બદનામ કરવામાં આવે, તેને અત્યાચાર અને આતંકવાદ પર આધારિત ઠરાવી દેવામાં આવે. પૂર્વ અમેરિકી વિદેશ મંત્રી કોન્ડોલિઝા રાઈસ પછી તેના ચેલાઓના એક પછી એક એવાં બયાનો આવતાં રહે છે કે આ કિતાબમાં યક઼ીનન કોઈ એવી વાત છે જેનાથી તેના અનુયાયીઓમાં અત્યાચાર જાગૃત થાય છે ! (આમ ગલત પ્રચાર કરવામાં આવે છે.)

અમેરિકા અને પશ્ચિમી ક઼ૌમ કોર્સની કિતાબોમાંથી અમુક કુર્આની આયતોને કાઢવાની ઘણા સમયથી માંગ કરી રહી છે અને ઘણા બધા મુસ્લિમ દેશોએ બેહયાઈ અને બેશરમીનું પ્રદર્શન કરી તે માંગને ક઼બૂલ પણ કરી લીધી છે. ઈ.સ. ૧૯૭૩ની મિસ્ર અને ઈઝરાઈલ વચ્ચેની જંગ પછી જે શાંતિ વિશે ચર્ચા થઈ તેમાં અમેરિકાએ મિસ્રના પ્રધાનમંત્રી અનવર સાદાતને ચેતવણી આપી કે તેણે ઈઝરાઈલ સાથે સંબંધો સુધારવા માટે ઘણા બધાં પરિવર્તનો લાવવાં પડશે. તે સમયના ઈસ્રાઈલી પ્રધાનમંત્રી બેંગને એક નિર્દેશ એ આપ્યો કે **મિસ્ર જો વાસ્તવમાં ઈઝરાઈલ સાથે દોસ્તી કરવા માંગે છે તો તેણે પોતાની શૈક્ષણિક સંસ્થાઓમાં પઢાવવામાં આવતી કિતાબોમાંથી એવી બધી આયતો અને ફકરાઓ કોર્સમાંથી કાઢવા પડશે જેમાં યહૂદીઓ સાથે દુશ્મનીનું વર્ણન છે. કહેવામાં આવે છે કે અનવર સાદાતે પોતાના શિક્ષણ મંત્રીને બોલાવ્યો અને બેંગનના મશવરા મુતાબિક અમલ કરવાનો આદેશ આપ્યો.** એ જે આયતોને અને હદીષોને કોર્સમાંથી કાઢવામાં આવી તેનો સંબંધ જેહાદ, યહૂદીઓની મુસ્લિમ દુશ્મની, કાફિરો સાથે દોસ્તીની મનાઈ અને પર્દો તથા હયાથી હતો. વાત કેવળ અહિંયા સુધી જ ન રહી બલ્કે થોડા સમય પછી ઈસ્રાઈલના દબાવમાં આવી મશહૂર ઈસ્લામિક યુનિવર્સિટી જામેઅ અઝહરને વાંધો ઉઠાવવા છતાં એક કૌમી (રાષ્ટ્રીય) અવાજ રૂપે પેશ કરવામાં આવી. હાલના દિવસોમાં જયારે ફ્રાંસના પ્રમુખ નિકોલ્સ સરકોઝીનું જ્યારે આ ફિત્નાઅંગેઝ બયાન સામે આવ્યું કે ફ્રાંસની ધરતી પર પર્દાને વેલકમ નથી કહી શકતા એટલા માટે કે તે ધાર્મિક નિશાની નથી બલ્કે ગુલામી મઝલૂમી અને ઝિલ્લતની નિશાની છે. તો તેના વિરૂધ્ધ સમગ્ર જગતમાં મુસલમાનોએ વાંધો ઉઠાવ્યો, વિવિધ રૂપે તેના બયાનની નિંદા કરી, કવિઓ અને શાઈરોએ પણ ફ્રાંસના પ્રમુખની ખૂબ ખબર લીધી. નમૂનાના તૌર પર અમુક શેઅર જોઈએ :–

***દર્દ કો દિલ કે ઈહાતેમેં જો દેખા હોતા***
***હુસ્નકો હુસ્ન કે પર્દેમેં જો દેખા હોતા***
***ઉસ નિકોલ્સકો કભી ઐસે ન દૌરે પળતે***
***અપને મેહબૂબકો બુરકેમે જો દેખા હોતા***

પરંતુ એવામાં અઝહરના પ્રિન્સિપાલ અલ્લામા તન્તાવીનું બયાન સરકોઝીનો પુરાવો બની સામે આવી ગયું જયારે તેમણે મોઢું ખોલવવામાં હુકૂમતની વકાલત કરી દીધી.

અહિંયા એ ચર્ચાને સ્થાન નથી કે મોઢાને ખુલ્લુ રાખવું જાઈઝ છે કે નાજાઈઝ, તથા શરીઅતના પર્દામાં માત્ર માથુ સામેલ છે કે પછી મોઢું સામેલ છે. વાત એ છે કે તેનાથી એ ઔરતોના મહાન કાર્યોને તો ઠેસ પહોંચી જ જેઓ વરસોથી પોતાના ધાર્મિક હક્ક઼ માટે લડી રહી હતી, સાથોસાથ મુસલમાનોનું એક ગ્રૂપ પણ આ બયાનથી તાનમાં આવી ગયું ! અલ્લાહ કરે શૈખ તનતાવીથી આ ચૂક આકસ્મિક થઈ ગઈ હોય.

આજે દીન અને શરીઅતના જાતે બની બેઠેલા ઠેકેદાર દેશ સઊદી અરબ તરફથી પણ યહૂદીઓના આ હુકમ સામે માથુ ટેકવી દેવાની ખબરો આવી રહી છે જે પબ્લિક માટે ભલે આશ્ચર્યજનક હોય પરંતુ દષ્ટિવાળાઓ માટે નિઃશક ! એ તઅજ્જુબની વાત નથી. બની શકે છે કે હવે ધાર્મિક મદ્રસાઓથી પણ આવી માંગ કરવામાં આવે અને "**نعوذ بالله**" ખૂદ કુર્આનના નુસ્ખાઓમાંથી એ આયતોને કાઢવાની વાત

કહેવામાં આવે, પરંતુ આવી બુરી કોશિશ નાકામ અને નામુરાદ જ રહેશે કેમ કે તેની હિફાઝતની જિમ્મેદારી જાતે અલ્લાહ તઆલાએ લીધી છે.

સારાંશ કે ઈસ્લામ તથા ઈસ્લામના સ્થાપક સાથે મુસલમાનોના સંબંધને કમજોર કરવાનું કાવતરું અને તેના થકી મુસલમાનોને દુઃખ પહોંચાડવાનો પ્રયત્ન એ કોઈ નવી વાત નથી. ઈસ્લામના વધતા રહેલા રેલાને રોકવા માટે સરકારે રિસાલત મઆબ ﷺ પર નાજાઈઝ હુમલા આપની મુબારક જિંદગીમાં થતા રહ્યા છે. જીવલેણ હુમલાનાં કાવતરાં કરવામાં આવ્યાં. સુલ્તાન મુહમ્મદ નૂરૂદ્દીન જંગીના યુગમાં જિસ્મે અત્હરને કબ્ર મુબારકથી ચોરી કરવાના નાપાક પ્લાનો ઉઘાડા થઈ ગયા. પ્રોપેગંડાનાં બજારો ગરમ કરવામાં આવ્યાં હદ તો એ છે કે "ખુત્બાતે આઝાદ"માં છે : "કહેવામાં આવ્યું કે મુસલમાન એક મૂર્તિપૂજક કૌમ છે અને મુહમ્મદ ﷺ એક સોનાની એક મૂર્તિ છે જે મદીના શરીફમાં છે. મુસલમાન તૌહીદથી દૂર લૂટમાર કરી જિંદગી વિતાવનારી એક જંગલી ખુંખાર અને મુશ્રિક કૌમ છે. કોણ નથી જાણતું કે કમાલ પાશાએ તુર્કી મુસ્લિમોના દીનમાં દખલગીરી કરી નાજાઈઝ પાબંદીઓ લગાડી કે અઝાન, નમાઝ, કુર્આન અરબીમાં ન પઢવામાં આવે, પરંતુ તેને મિટાવનારા જાતે નાબૂદ થઈ ગયા અને અઝાન, કુર્આન, નમાઝ, અરબીમાં સલામત છે. સાચુ જ કહ્યું છે :–

***ઈસ્લામ કી ફિતરતમેં કુદરતને લચક દી હૈ***
***ઉત્ના હી યે ઉભરેગા જિત્ના કે દબાઓગે***

લાખો કુર્આનના નુસ્ખાઓએ આગ લગાડી દજલા નદીમાં વહાવનારો હલાકુખાન ઘમંડ અને તકબ્બુરનુ પૂતળુ બની જ્યારે કહેવા લાગ્યો કે હવે હું જોઈશ કે કોણ કુર્આન પઢે છે ?! અને કોણ કુર્આનનું નામ લે છે ?! તારીખે બગદાદમાં છે કે હજુ આ શબ્દ તેની ઝબાનથી નીકળ્યો જ હતો કે તે જ શહીદોની લાશોમાંથી એક છ વરસનો છોકરો ઝખ્મી હાલતમાં ઉઠયો હતો કે તું કાગળો ઉપરથી તો કુર્આન મિટાવી શકે છે દિલોમાંથી કુર્આન કઈ રીતે મિટાવીશ ? હલાકુ હલાક થઈ ગયો, ઈસ્લામ હજુ પણ જીવંત છે.

તાતારીઓના જ વંશથી શાહજહાં અને ઔરંગઝેબ થયા જેમણે પોતાના હાથો વડે કુર્આન લખ્યું. વાહ રે શાને ખુદાવંદી ! કોઈ સળગાવી રહ્યું છે અને કોઈ ફેલાવી રહ્યું છે !

પંડિત નેહરૂ અને બીજા ઘણા ઈતિહાસકારોએ લખ્યું છે કે ઔદ્યોગિક ક્રાંતિ પછી જ્યારે ઈંગ્લેન્ડમાં પ્રેસની શોધ થઈ તો ઈસ્લામ દુશ્મન તત્વોએ તેનો ઉપયોગ ઈસ્લામ ધર્મ અને મુસલમાનોના વિરૂધ્ધ અભિયાન શરૂ કર્યું પરંતુ કુદરતના ગૈબી હાથોએ તેમના બધા પ્રયત્નોને ધૂળમાં મિલાવી દીધા. જ્યારે તેમણે જોયું કે દરેક ક્ષેત્રે તેમની હાર થઈ રહી છે તો તેમણે પોતાનો કામ કરવાનો તરીકો બદલ્યો અને કુર્આન શરીફને વધુથી વધુ સંખ્યામાં ખરીદી સમંદરોમાં નાખવાનું શરૂ કર્યું. આવો જ એક બનાવ મશ્હૂર અદીબ એવા એક મૌલાના સાથે બન્યો. તે લખે છે કે એક અંગ્રેજને મળવા હું તેના ઘરે ગયો તો મને એ જોઈ ઘણુ આશ્ચર્ય થયું કે તેના ઘરમાં જેટલી અલમારીઓ (કબાટો) છે તેમાં કેવળ કુર્આન પાક રાખેલાં છે જે હજારોની સંખ્યામાં હતાં. પૂછવા પર તેણે બતાવ્યું કે બધા નુસ્ખાઓને હું સમંદરમાં ડૂબાડી દઉં છું જેથી એક સમય એવો આવે કે કુર્આને પાકનું મળવું મુશ્કેલ થઈ જાય. મેં સસ્મિત વદને કહ્યું કે મહેરબાની કરીને અમારા દારુલ મુસ્સનિફીનમાંથી કોઈ ૧૦–૧૨ વરસના બાળકને બોલાવી લો ! બાળકના આવ્યો. પછી મેં કહ્યું, હવે આ બાળકથી જે સૂરત ઈચ્છો તે સાંભળી લો ! અંગ્રેજ આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે એક સૂરતનું નામ લઈ પઢવાનું કહ્યું તો તે બાળકે ઝડપની સાથે પૂરી સૂરત પઢીને સંભળાવી દીધી. અંગ્રેજ ધીમેથી ઉઠી મારી પાસે આવ્યો અને બોલ્યો કે, "ઈસ્લામને અને કુર્આનને કોઈ ખત્મ નથી કરી શકતું !" કેમ કે તે મુસલમાનોના દિલોમાં બેસી ગયું છે.

***નૂરે હક્ક શમ્એ ઈલાહી કો બુઝા સકતા હૈ કૌન***
***જિસ્કા હામી હો ખુદા ઉસ્કો મિટા સકતા હૈ કૌન***

એક અમેરિકી થીંક ટેન્કના તાજા સંશોધન પ્રમાણે વિશ્વસ્તરે મુસલમાનોની રજીસ્ટર્ડ વસ્તી ૧૦૫૭ અબજ છે જે વિશ્વની ૬૭૯૨ અબજ વસ્તીનો

લગભગ ચોથો ભાગ છે. વિશ્વમાં સૌથી વધુ મુસલમાન એશિયામાં વસે છે, તેના પછી યૂરોપમાં ૨૪% ટકા, પૂર્વના દેશો અને ઉત્તર આફ્રિકામાં ૨૦% અને બાકી આફ્રિકાના દેશોમાં ૧૫% મુસ્લિમો આબાદ છે.

આ રિપોર્ટ **Pew Forumon Religion And Public Life** એ ત્રણ સાલમાં તૈયાર કર્યો છે, જેના માટે વિશ્વના ત્રણસો બત્રીસ દેશો અને તેના ક્ષેત્રોથી સંખ્યા અને ગણત્રી ભેગી કરવા ઉપરાંત સંશોધકોએ લગભગ દોઢ હજાર માધ્યમો લોકોની ગણત્રીની રિપોર્ટોની સાથે વિવિધ ક્ષેત્રોનો ડેમોગ્રાફિક (**Demographic**) સર્વે અલગ અલગ કર્યો છે. રિપોર્ટ તૈયાર કરનાર એક સિનિયર સંશોધક બ્રાઈન ગ્રિમે સી.એન.એન.ને બતાવ્યું કે મુસલમાનોની કુલ આબાદીથી સંબંધિત સંખ્યા અને ગણત્રી તેઓની ઉમ્મીદથી વધુ છે. રિપોર્ટથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે વિશ્વમાં દરેક ચોથો વ્યક્તિ મુસલમાન છે. આ ઈસ્લામની મક્બૂલિયત અને મુસલમાનોની વધતી સંખ્યાની અસર છે જે દુશ્મન તત્વોની આંખોમાં કાંટાની જેમ ખટકી રહી છે અને તેઓ ગભરાહટના શિકાર બની ઈસ્લામ પર હુમ્લાઓની વર્ષા કરી રહ્યા છે.

હાલનાં કેટલાક વરસોથી ઈસ્લામ અને મુસ્લિમો ઉપર કટાક્ષો અને વાંધાઓ તથા તકલીફોનું તો પૂર ઉભરાયું છે. ડેન્માર્કના એક વર્તમાન પત્ર થકી સૈયદે આલમ ﷺની તૌહીન પાત્ર હરકતોનું પ્રકાશન અને એને જ ફરી બીજા અખ્બારોમાં ખ્યાતિ આપવી, ડેન્માર્ક ફેડરેશન ઓફ જર્નાલિસ્ટ થકી એ અખ્બારને એવોર્ડ આપવો, ટાઈમ મેગેઝિનનું સલ્માન રુશ્દી જેવા મકરૂહ અને નાપસંદ વ્યક્તિને એશિયાના હિરોની લિસ્ટમાં સામેલ કરવો અને "સર"નો લક્બ આપવો, અમેરિકી ચપ્પલો અને બુટો બનાવનાર કંપનીની તરફથી બુટો પર કલ્મએ તૈયબહ લખવું, હોલેન્ડની એક મોડલના નગ્ન શરીર પર કુર્આની આયતો લખી તેને આર્ટની ઉત્તમ કલાકૃતિ ઠરાવવી, બાંગ્લાદેશની નાપાક તસ્લીમા નસ્રીનને સન્માનથી નવાઝવી, એક અંગ્રેજ ટીચરનું પોતાના કલાસના બાળકોના રમકડાઓનું નામ "મુહમ્મદ" રખાવવું, ઈઝરાઈલનું અલ્ ફુરકાન એક બનાવટી કુર્આન રજૂ કરવું, કુવૈતના કોર્સમાંથી જેહાદ અને જંગની આયતોને નષ્ટ કરવી આ સર્વ એ જ કાવતરાભરી સ્કીમોનો હિસ્સો છે. તદ્ ઉપરાંત જર્મનીના એક આર્ટિસ્ટે ૪૬ ફૂટ ઊંચુ એક બનાવટી ખાનાએ કા'બા તૈયાર કર્યું અને તેના ઉપર કાબાના ગિલાફની જેમ કાળુ કપડુ ચઢાવ્યું તેને હેમ્બર્ગના પ્રિમિયમ મ્યુઝિયમમાં રાખવામાં આવ્યું જ્યાં હજારો લોકો તેને રોજ જોવા આવતા. ત્યાંના એક સ્થાયી અખ્બારે એ બનાવટી કા'બાની તારીફ કરતાં લખ્યું કે મુસ્લિમોનું કા'બા હવે હેમ્બર્ગના મ્યુઝિયમમાં જોઈ શકાય છે. આના પહેલાં પણ ન્યુયોર્કના વચ્ચમાં "મેનહેટન"ના ક્ષેત્રમાં એક ઈમારત બિલકુલ કા'બાની જેમ તૈયાર કરવામાં આવી અને તેને "એપલ મક્કા"નું નામ આપવામાં આવ્યું. રિપોર્ટના મુજબ ત્યાં એક બાર (Bar) છે, જ્યાં હર પલ શરાબ પીવાઈ રહી છે. ગયા વરસે હોલેન્ડના એક યહૂદી મેમ્બર ઓફ પાર્લામેન્ટ અને ફિલ્મકાર ગેર્ટ વાઈલડસએ ૧૭ મિનિટની એક ફિલ્મ "ફિત્ના"ની નુમાઈશ કરી જેમાં તેણે આ પયગામ આપવાની કોશિશ કરી કે કુર્આન શરીફ અત્યાચારને હવા આપે છે. (અલ્લાહની પનાહ !) ફિલ્મની છેવટમાં મુસલમાનોથી ડિમાન્ડ પણ કરવામાં આવી છે કે તેઓ કુર્આન કરીમમાંથી એવી બધી આયતો ફાડીને ફેંકી દે જેનાથી નફરત ફેલાઈ છે. (**نعوذ بالله منهم**) આ રીતની બુરી ખબરોથી ગૈરોની ગભરાટહનો સારી રીતે અંદાઝો લગાડી શકાય છે.

આજે માલૂમાતમાં વધારો કરવા માટે સરળ સબબ ઈન્ટરનેટ છે, પરંતુ ઈસ્લામના દુશ્મનોએ એ શક્તિશાળી માધ્યમને પોતાનું હથિયાર બનાવી લીધું છે. તેઓ પયગંબરે ઈસ્લામની ઝાત અને સીરતને બદલવા માટે તેનો ઉપયોગ કરે છે. આજે ઈન્ટરનેટ થકી જે બનાવટી કહાનીઓ પ્રગટ થઈ રહી છે તેની લંબાઈ લાખો પેજો સુધી પહોંચી ગઈ છે. તમે એ મહત્વપૂર્ણ કામનો અંદાઝો એનાથી કરી શકો છો કે ઈસ્લામના દુશ્મનો એ નાપાક ખેલમાં લાખો અબજો ડોલરો ખર્ચ કરી રહ્યા છે. એવી કિતાબો કરોડોની

સંખ્યામાં મફત વહેંચવામાં આવે છે જેના થકી ઈસ્લામ અને ઈસ્લામી તા'લીમાતને એવી રીતે પેશ કરવામાં આવે જે મુસલમાનોના દિમાગને ગંદુ કરી દે અને સામાન્ય લોકોને ઈસ્લામ અને મુસલમાનોથી નફરત કરનાર કરી દે. ઈસ્લામના વિરુદ્ધ આજે ઈસાઈ અને યહૂદી સંસ્થાઓ એક થઈ ગઈ છે, પયગબંરે ઈસ્લામની ઝાતે અક્દસ ﷺને જેટલી સખ્તીથી આજે નિશાન બનાવવામાં આવી રહી છે ભૂતકાળમાં તેનું ઉદાહરણ નથી મળતું.

મુસલમાનો માટે સોચ અને વિચારનો વિષય એ છે કે ઈસ્લામના દુશ્મનો આખિર હુઝૂર નબીએ કરીમ ﷺની ઝાતે ગિરામીને કેમ મિટાવવાની કોશિશ કરે છે ? હકીકતમાં તેઓ આવું માત્ર એટલા માટે કરી રહ્યા છે કે તે મર્કઝે અકીદતથી મુસલમાનોનો રિશ્તો કમજોર પડી જાય. તેઓ જાણે છે કે મુસલમાનોની અસલ તાકત તેના પયગંબર ﷺની ઝાતે અક્દસ છે.

તેમની સીરતમાં એ નમૂના અને જિંદગીનું બંધારણ છે જે ઈસ્લામ અને મુસલમાનોને ખત્મ નથી થવા દેતું, **મુસલમાન ત્યાં સુધી જીવંત છે જ્યાં સુધી તેમનાં દિલોમાં પોતાના નબી ﷺની ઝાતે પાક ઝિંદા છે અને તેમની અકીદત અને મહોબ્બતના ચિરાગો રોશન છે.** ઈસ્લામના નામ પર પ્રગટ થઈ રહેલા નવા નવા ફિર્કાઓ અલ્લાહની ઝાત વિશે વાત નથી કરતા બલ્કે હુઝૂર ﷺની ઝાતને ઝઘડાનું કારણ બનાવે છે, જ્યારે કે આપની ઝાત ઈમાનનો સબબ જ નથી, બલ્કે ઈમાનની જાન છે. અલ્લામા ઈક્બાલની નિગાહોએ વરસો પહેલાં મુસલમાનોને આ યહૂદી કાવતરાથી ખબરદાર કરી કહ્યું હતું :–

***વો ફાકાકશ જો મૌત સે ડરતા નહીં ઝરા***
***રૂહે મુહમ્મદ (ﷺ) ઉસ કે બદનસે નિકાલ દો***
***ફિક્રે અરબ કો દે કે ફિરંગી તખય્યુલાત***
***ઈસ્લામ કો હિજાઝો યમન સે નિકાલ દો***

યૂરોપ અને અમેરિકામાં ઈસ્લામના વધતા ગ્રાફની જે ખબરો મળી રહી છે તેનું સીધુ કારણ કુર્આને કરીમ છે અથવા સીરતે રસૂલે કરીમ (ﷺ). એ જ બુનિયાદ પર આ હિદાયતની નહેરો યહૂદી નિશાના પર છે અને નવા નવા ફિત્નાઓ દુનિયા સમક્ષ આવી રહ્યા છે. આ બધી હકીકતોના છતાં આ કડવી હકીકતને પણ આપણે કબૂલ કરવી પડશે કે, ''અજ્ઞાની મુસલમાનો'' અને ''નામના મુસલમાન'' આજે સૌથી વધુ મુસલમાનો માટે મુસીબતો પેદા કરી રહ્યા છે. જે લોકો પોતાની વિચારધારા, પોતાના અખ્લાક, પોતાની સમાજમાં રહેવાની આદતો, પોતાની જિંદગી, પોતાની તા'લીમ, જેઓ પોતાની કોઈપણ વસ્તુમાં મુસલમાન નથી ! મુસલમાન રહેવા નથી ઈચ્છતા અથવા મુસલમાનોને નુકસાન પહોંચાડે છે. તેમનાથી ઈસ્લામને કેવળ નુકસાન જ નુકસાન છે. ખ્યાતનામ પશ્ચિમી તત્વચિંતક જ્યોર્જ બર્નાડ શોએ એવા જ મુસલમાનો વિશે કહ્યું હતું કે હું ઈસ્લામથી પ્યાર કરું છું પરંતુ મુસલમાનોથી નફરત કરું છું એટલા માટે કે તેઓ ઈસ્લામી તા'લીમ અનુસાર અમલ નથી કરતા. (**I Love Islam But I Hate Muslims Because They Dont Practice Islam**)

આ ફિતરત (પ્રકૃતિ)નો કાનૂન છે કે દુશ્મન જેવી રીતના હથિયારો અને યંત્રો વડે હુમલો કરે તો તેનો જવાબ તેવા જ હથિયારો વડે આપવામાં આવે, નહીં તો હાર નસીબ થશે જ. અમેરિકા અને ઈઝરાઈલ એટલા માટે મુસ્લિમ દેશો પર હુકૂમત કરી રહ્યા છે કે સામા પક્ષે મુકબલો કરવાની ક્ષમતા નથી, એટમ બોમ્બ અને મિસાઈલનો મુકાબલો કરવાની ક્ષમતા નથી. એટમ બોમ્બ અને મિસાઈલના મુકબલામાં તીર અને કાંમઠાં લાવનારાઓ પર કેવળ માતમ થઈ શકે છે. નવી ટેક્નોલોજીના ઉપયોગ પર પ્રશ્નાર્થ ચિન્હ લગાડવું અને વાતોના પૂલ બાંધવા વાસ્તવમાં નર્યી બેવકૂફી છે. ઈશ્રત જાલંધરીએ કહ્યું છે :–

***ઝમાના ચાંદ સે આગે પહોંચ ગયા ઈશ્રત***
***મૈં અપને ઘરમેં દફીને તલાશ કરતા હૂં***

મુસલમાનોના પતન પર ઐતિહાસિક પુરાવા સાથે એક ચિંતક મૌલાનાએ લખ્યું છે કે, ''જ્યારે તુર્કીઓ પશ્ચિમી દેશોની તાકાતનો મુકાબલો કરી રહ્યા

પેજ નં. ૨૩ નું ચાલુ...

હતા એ વેળા તુર્કીમાં એક જમાઅત પૂરાણા આલિમોની હતી જે નવી જરૂરિયાત અને નવા પરિવર્તનોથી મોટા ભાગે અજાણ હતા અને એ ખતરાની દહેશતથી લગભગ બેખબર હતા જે યૂરોપની વધતી તાક઼ાતે તુર્કી માટે પેદા કરી દીધો હતો. એ જમાઅતે પહેલો જ તુર્કી હુકૂમતની નવી ફૌજી વ્યવસ્થાઓ અને નવી સુધારણાનો વિરોધ કર્યો હતો જે તેમણે તુર્કીને ફૌજી અને ઈલ્મી દષ્ટિએ યૂરોપની ઉભરતી તાક઼તોના ખભાથી ખભો મિલાવી ચાલવા માટે લાગુ કરી હતી.

તમે આપણા આક઼ા ﷺની શાનમાં વિવિધ રૂપે કરવામાં આવી રહેલી ગુસ્તાખીઓ, તોહમતો પર વાંધો ઉઠાવી શકો છો અને વાંધો ઉઠાવવો જ જોઈએ, પરંતુ નવી ટેક્નોલોજી થકી કરવામાં આવતી બુરાઈઓનો એના સિવાય કોઈ ઈલાજ નથી કે તમે પણ એટલા મોટા સ્તરે એ જ માધ્યમો થકી ઈસ્લામ અને બાનીએ ઈસ્લામની વાસ્તવિક તસ્વીર પેશ કરો. આજના ઉથલપાથલ માહોલમાં વિશ્વના મુસ્લિમોનો ફર્ઝ બને છે કે તેઓ કોઈથી ભયભીત અથવા માફીના શિકાર ન થાય બલ્કે પૂરી હિંમત અને હોંસલાની સાથે અને ભરોસા અને યક઼ીન સાથે કુર્આન અને સુન્નત ઉપર સાબિત ક઼દમ રહે, સાથે સાથે સારા અને બુદ્ધિભર્યા અંદાઝના જૂના તરીક઼ાના ઉપરાંત નવી ટેક્નોલોજી અને પ્રચાર માધ્યમોની સાથે પણ વધુ માત્રામાં ઈસ્લામી તા'લીમાતને આમ કરવાની કોશિશ કરતા રહે, ઈન્શાઅલ્લાહ ! આ તરીક઼ો દા'વત અને તબ્લીગ માટે ઘણો મદદગાર સાબિત થશે, ઈસ્લામની ગંદી કરવામાં આવેલી તસ્વીર નિખરીને વિશ્વના સમક્ષ ચમકી આવશે, મુસલમાનોની છાપ સારી થશે અને વિવિધ ક઼ૌમોનાં દિલો પીગળશે. હઝરત શફીક જાનપૂરીએ આપણા જઝબએ અમલની ઘણી સારી તસ્વીર ખેંચી છે :–

***જલા વો શમ્અ કે આંધી જિસે બુઝા ન સકે***
***વો નક઼્શ બન કે ઝમાના જિસે મિટા ન સકે***

*(કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, જાન્યુ. ૨૦૧૦)*

પણ એ નૂરાની ચહેરો નજર આવતો ન હતો જેના માટે આંખો તરસી રહી હતી. અલ્લાહ ! અલ્લાહ ! જ્યારે બિલાલ رضی اللہ عنہ "અશ્હદુ અન્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ" પર પહોંચ્યા તો લોકો આ ઘડીને સહન ન કરી શક્યા, હૈયાં ભરાઈ આવ્યાં, ચીસ પોકારથી વાતાવરણ ગુંજી ઉઠયું, લોકો પોક મૂકી રડવા લાગ્યા, મુઅઝ્ઝિને રસૂલ ﷺની અઝાન સાથે જ રસૂલુલ્લાહ ﷺની યાદ તડપાવી ગઈ.

થોડા સમય પછી હઝરત બિલાલ رضی اللہ عنہ મુલ્કે શામ ચાલ્યા ગયા અને હિ.સ. ૨૦, ઈ.સ. ૬૪૧માં આપની વફ઼ાત થઈ. દમિશ્ક઼માં બાબે સગીર પાસે દફનવિધિ થઈ. આપની વફ઼ાતની ખબર હઝરત ઉમર رضی اللہ عنہને પહોંચી તો આપ ઢીલા થઈ ગયા અને વારંવાર કહેતા, "આહ ! અમારા સરદાર બિલાલ પણ અમને છોડી ચાલ્યા ગયા."

સફર–મુક઼ામ, દુઃખ–સુખ, અમ્ન–જંગ હર ઘડી આપ રસૂલુલ્લાહ ﷺ સાથે રહ્યા. રસૂલુલ્લાહ ﷺને પણ આપથી ખૂબ પ્યાર હતો. હુઝૂર ﷺના ઘરના કામકાજથી લઈ હુકૂમતના મામલા પણ સંભાળી લેતા, મેદાને જંગમાં નમાઝના સમયે સુતરા (આડ) માટે નેઝો લગાડવાનું કામ પણ આપ કરતા. ખાસ પ્રસંગોમાં હુઝૂર ﷺની આગળ આગળ નેઝો લઈ ચાલતા. આપ હુઝૂર ﷺના ખજાનચી પણ હતા, આપ હુઝૂર ﷺના હુકમથી વિવિધ એલાનો પણ કરતા, ફત્હે મક્કાના સમયે હુઝૂર ﷺ સાથે ખાનએ કા'બામાં પ્રવેશ્યા, હુઝૂર ﷺએ આપને જ કા'બાની છત પર ચઢી અઝાને હક્ક઼ કહેવાનો હુકમ આપ્યો, જુમ્અતુલ વિદાઅના મોકા પર ૮ ઝિલ હજ્જ, હિ.સ. ૧૦, ૨૯ માર્ચ ઈ.સ. ૬૩૦માં જ્યારે હુઝૂર ﷺ મિના રવાના થયા તો બિલાલે કપડા વડે આપના ઉપર છાંયડો કર્યો હતો, જ્યારે મદીના પાછા આવ્યા તો આપની ઊંટણીની મહાર આપના જ હાથોમાં હતી.

એ અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ પર સાચા દિલથી લાવવામાં આવેલ ઈમાન જ હતું કે જે દુઃખ, પીડા, તકલીફોના દરિયાથી નીકળ્યું તો તેની ચમક અનોખી હતી, અને આવા જ ઈમાનથી પોતાના દિલને રોશન કરનાર બંદાનો મર્તબો અલ્લાહ તઆલાની બારગાહમાં ઘણો જ બુલંદ છે.

# અહલે સુન્નતમાં વિભાજન તથા અધોગતિના સબબો અને તેનું નિવારણ

અઝ : ડો. શુજાઉદ્દીન ફારૂકી
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*૧૩ મુહર્રમ હિ.સ. ૧૪૩૧, ઈ.સ. ૩૧–૧૨–૨૦૦૯ના રોજ જામિઆ અશ્રફિયા–મુબારકપુરમાં* **''યૌમે મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ''** *મનાવાયો જેમાં મુસ્લિમ યુનિ. અલીગઢથી આવેલા ડો. શુજાઉદ્દીન ફારૂકીએ કરેલ બયાનને અત્રે રજૂ કરીએ છીએ એ ઉમ્મીદ સાથે કે સુન્નીઓની કાંઈક આંખો ઉઘડે અને અહલે સુન્નત માટે કાંઈક કરવા બેઠા થાય. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

જામિઆના માનનીય અગ્રેસરો, ઝીવકાર ઉલમાએ કિરામ, આલી મકામ ઉસ્તાઝો તથા પ્રિય તલબા !

અલ્હમ્દુલિલ્લાહ ! મર્કઝે એહલે સુન્નત ''જામિઆ અશ્રફિયા''ની ઝિયારત કરવાની તથા તેનાથી ફૈઝયાબ થવાની લાંબા સમયની તમન્ના આજે પૂરી થઈ છે. ખાસ કરીને આપણા નવ યુવાન તથા પુર જોશ અઝીઝ તલબાથી મળવાની, તેમની સાથે ચર્ચા કરવાની, એમના સુધી એક પયગામ પહોંચાડવાની અને તેમના અમલના જઝબાને ઉત્તેજીત કરવાનો જઝબો જ મને અહીં લાવ્યો છે. ખુદા કરે કે મારી મહેનત અને જઝબો લાભદાયી થાય. અલ્લાહ તઆલા આપ લોકોને કોશિશ તથા અમલની તૌફીક અતા ફર્માવે અને મારી બેચૈની તથા બેકરારીને રાહત તથા સુકૂનથી ભરી આપે, અને આપ લોકો દીન તથા મસ્લકના પુર જોશ અને કૃતનિશ્ચયી મુજાહિદ તથા મુબલ્લિગ સાબિત થાવ. આમીન

મારા દિલના અંતઃકરણપૂર્વકની ગુઝારિશ એ છે કે મારી રજૂઆતોને ઠંડા દિલો દિમાગની સાથે સાંભળો, એમાં નજર આવનારી તીખી તથા કડવી વાતો પર ખોટુ ન લગાડતા અને એને કોઈની વિરુદ્ધ ન સમજશો, બલ્કે એક બેચૈનની આહ તથા ફરિયાદ સમજીને તેના પર ચિંતન કરશો. યકીન જાણો ! જેનું ઘર જેની માયાપુંજી લૂટાઈ રહી હોય તે બેકરાર થઈને આમતેમ ભાગે છે, વિચિત્ર પ્રકારના અવાજો કાઢે છે, એક એકને પોકારે છે, દરેકથી મદદની દરખાસ્ત કરે છે, તે વખતે તે શબ્દોની ગોઠવણ તથા ગુંચવણમાં નથી પડતો, સુંદર ગોઠવણીવાળા પ્રાસમય શબ્દો નથી બોલતો બલ્કે જે ખયાલમાં તથા જે જીભ પર ચઢે છે તે જ કહે છે :–

***અલ્ફાઝ કે અસ્લૂબપે કાબૂ નહીં રહતા***
***જબ રૂહ કે અંદર મુતાલતુમ હોં ખયાલાત***

અત્યારે શાણપણનો તકાઝો એ જ છે કે જે રીતે પણ બને પયગામ પહોંચી જાય અને મૂળ હેતુ હાંસલ થઈ જાય.

***અલ્ફાઝ કે પેચોં મેં ઉલઝતા નહીં દાના***
***ગ઼વ્વાસ કો મતલબ હૈ સદફસે કે ગોહરસે***

એ જ કૈફિયત અત્યારે મારી છે. હું મારા અહલે મસ્લકને કમજોર તથા ઉણા ઉતરતા, પીછેહઠ કરતા જોઈને બેચૈન તથા બેકરાર છું, ચિંતિત છું અને બેચૈની તથા બેકરારી તથા ચિંતાને દરેકના દિલો દિમાગમાં પેદા કરવા ચાહું છું, એટલા માટે દરેકને કહું છું કે, ભાઈ ! કાંઈક કરો !

ભાઈઓ ! પૂરાણા મર્કઝો અને વૃદ્ધ લોકોનો જોશ વલવલાટ ઠંડો પડી જાય છે, એમનામાં જોશના કરતાં હોશની તથા પોતાના અંગત લાભો તથા સલામતીની હિફાઝતની ચિંતા છવાઈ જતી હોય છે. વળી **આપણા સર્વ નહીં મોટા ભાગનાં મર્કઝો પર એ લોકોનો કબજો છે જેઓ પોતાના બુઝુર્ગોની કમાણી તથા વારસાને વટાવી રહ્યા છે અને એના વડે**

**એશ કરી રહ્યા છે, એમનામાંથી મોટાભાગના તો ઈલ્મ તથા અમલથી પણ કોરા છે, સંજોગોથી પણ અજાણ છે અને ન માહિતગાર થવા ચાહે છે ! સુસ્તી તથા આરામતલબીનો વેશ ઓઢીને બેઠા છે અને સમજે છે કે અમારા મુર્ગ તથા બિર્યાની અને નઝરાણાઓમાં તો કમી નથી આવી રહીને ! (આપણે શું !) પછી આપણે શું જરૂરત છે કે મિલ્લત તથા મસ્લકની ચિંતામાં પડીને આપણો આરામ તથા સુકૂન બર્બાદ કરીએ, પરેશાનીઓ દુશ્મનીઓ વહોરી લઈએ ! એટલા માટે જે થઈ રહ્યું છે તે થવા દો** ! એવા લોકો પાસે અલ્લાહની મરજી આ જ છે, "કયામતની નજીક આવું થવાનું જ છે, હક્કવાળાઓએ કમજોર જ થવાનું છે, ગુમરાહી તથા બેદીની વધવાની જ છે." આ તથા આના જેવા શબ્દો અને નુસ્ખા પણ મૌજૂદ છે અને એની આડમાં તેઓ કાંઈ જ કરવા નથી ચાહતા. અત્યારે એમને પોતાના બુઝુર્ગોની તે મહેનતો, લગન તથા કોશિશ યાદ નથી આવતી કે તેમણે કઈ રીતે ખુદાની મખ્લૂકને સીધા માર્ગે લાવવાના માટે જદ્દો જેહદ કરી હતી, પોતાના આરામ તથા સુકૂનને બર્બાદ કરીને દૂર દરાઝના ઈલાકાઓ તથા દુશ્મનો વચ્ચે પહોંચીને હક્ક કલમાના એલાનને ફરીઝો અદા કર્યો હતો. એટલા માટે જ એવા એશઆરામ તથા ચૈન પસંદ નાઅહલ (અપાત્ર) તથા નાખલફ (કપૂત) લોકોના માટે ડો. ઈકબાલે કહ્યું હતું :–

***મીરાષમેં આઈ હૈ ઉન્હેં મસ્નદે ઈર્શાદ***
***ઝાગોં કે તસર્રુફમેં અકાબોં કા નશેમન***

પ્રિય વિદ્યાર્થીઓ ! તમો નવયુવાન છો. તમારો જામિઆ તથા આ મર્કઝે અહલે સુન્નત પણ આધુનિક તથા યુવાન છે. યુવાનોમાં જ કાંઈક કરી છૂટવાની, ક્રાંતિ લાવવાની અને સંજોગોને પલટવાની હિંમત તથા ઈરાદો અને જોશ તથા વલવલો હોય છે. કોઈપણ ચળવળને પબ્લિકની ચળવળનું રૂપ આપવામાં નવયુવાન તબકાનો મહાન રોલ રહ્યો છે. નવયુવાન લીડરશીપમાં કાંઈક કરી છૂટવાનો હોસલો તથા વલવલો હોય છે.

***અગર હૈ જોશે વલવલા તો ડાલ દોગે ઝલ્ઝલા***

એટલા માટે હું તમારી પાસે એ ફરિયાદ લઈને આવ્યો છું કે કાંઈક કરો ! આ જ કરવાનો સમય છે. અન્ય લોકોને જુઓ કે તે કેવી રીતે પોતાના મસ્લક તથા મિશનને આગળ ધપાવવાના માટે દિવસ રાત એક કરી રહ્યા છે ! માર્યા માર્યા ફરી રહ્યા છે, દૂર દૂરની સફરો ખેડે છે, જાન તથા માલ અને સમયની કુર્બાની આપી રહ્યા છે અને વધુથી વધુ લોકોને ઘેરીને પોતાના તંબૂમાં લાવી રહ્યા છે.

***ઉઠો ! વગરના હશ્ર નહીં હોગા ફિર કભી***
***દોળો ! ઝમાના ચાલ કયામત કી ચલ ગયા***

અઝીઝ ભાઈઓ ! તમો નસીબદાર છો કે તમારા સમ વિચારી તથા હમ અકીદા લોકોની વચ્ચે રહો છો, એટલા માટે તમને આ ફિકર તથા બેચેનીનો એહસાસ ઓછો થાય છે જે અમારા જેવાઓના નસીબમાં છે. મારી અંદર અસલમાં આ બેચૈની અને ચિંતા ન કેવળ સંજોગોને ધ્યાનપૂર્વક જોઈને તથા અનુભવીને પેદા થઈ છે બલ્કે કડવા અનુભવોમાંથી પસાર થયા બાદ પેદા થઈ છે. મારા બાપદાદાના શહેર અમરોહામાં (જેને અવલિયાનું શહેર કહેવામાં આવતુ હતું) આજથી ૭૦–૮૦ વરસો પહેલાં લગભગ સર્વ આબાદી સુન્ની હનફી હતી અને ૯૦% મસ્જિદોમાં સુન્ની ઈમામ રહેતા હતા. પરંતુ અમારો મદરસો કેટલાક આખેરતથી અજ્ઞાન તથા નાદાન દોસ્તોના કારણે પડતીનો શિકાર થઈ ગયો. જ્યારે મદરસો ખત્મ થયો તો મસ્જિદો પણ ઈમામોથી ખાલી થવા લાગી, તો બીજી તરફ તેમનો (બદ્ અકીદાનો) મદરસો પ્રગતિ કરતો ગયો પરિણામે સર્વ મસ્જિદોમાં તેમના ઈમામો આવી ગયા અને આજે એ હાલત છે કે આખા શહેરમાં કેવળ અમુક જ મસ્જિદો સુન્નીઓના કબજામાં રહી ગઈ છે. મસ્જિદો પર કબજાને એ લોકો પોતાની મહાન કામયાબી સમજે છે, કેમ કે મસ્જિદની સાથે અમુક દિવસોમાં પૂરો મહોલ્લો તેમના કબજામાં તથા વર્તુળ હેઠળ આવી જાય છે એટલા માટે તોડ કરીને તથા વિવિધ પ્રપંચો કરીને તેઓ મસ્જિદો પર કબજા કરે છે. આપના

ઉસ્તાઝે મોહતરમ મૌલાના ઝાહિદ સલામી સાહબ જાણે છે કે કઈ રીતે મારા પડોશીની અને મારા સંચાલન હેઠળની મસ્જિદ પર કબજો કરવામાં આવ્યો. હું એના માટે વીસ વર્ષ અધિક અરસા સુધી મુકદ્દમાબાજી કરતો રહ્યો, કામયાબ પણ રહ્યો પણ વ્યક્તિગત કોશિશ નિષ્ફળ ગઈ એટલે અસર ધરાવતા સુન્નીઓને મદદના માટે પોકારતો રહ્યો. હઝરત સલામી સાહબના સાથે પણ અને કેટલીયેવાર એકલો પણ સંભલ, મુરાદાબાદ, બરૈલી, લખનૌના ચક્કર કાપતો રહ્યો. જેણે પણ મદદનો વાયદો કર્યો અથવા જેનાથી પણ આશા બંધાઈ તેની પાસે દસ દસવાર ગયો. સંભલના એક મોટા હઝરત તે સમયના ગવર્નરની ખૂબ જ નજીક હતા તેમણે મોટા મોટા વાયદા કર્યા, ચક્કર લગાડયા પણ શું ? કાંઈ જ નહીં !

અહલે સુન્નતના માણસોને સામાન્યતઃ વક્ફ બોર્ડો, હજ્જ કમિટીઓ તથા મુસલમાનોના સંબંધી અન્ય બાબતોમાં કામ કરવાનો મોકો ખૂબ જ ઓછો મળે છે અને જો કોઈને મોકો મળે પણ છે તો તે મસ્લકના માટે કામ કરવાને બદલે અંગત લાભમાં લાગી જાય છે.

એક બુઝુર્ગઝાદા વક્ફ બોર્ડના મેમ્બર બન્યા અને અસરકારક મેમ્બર થયા પરંતુ તેમણે દરખાસ્ત કરવા છતાં મોઢુ પણ ન આપ્યું. બલ્કે મને જાણ થઈ કે તે તથા જાહેરી સાચા પાકા કેટલાય સુન્ની એ નામ પર કમાનારા ખાનારા અને સુન્નિયતનો દમ ભરનારા કેટલાય મેમ્બરો પૈસા લઈને ગૈરો (બદ્‌મઝહબો)નું કામ કરી રહ્યા છે, તેમને એનાથી મતલબ નથી કે થવાવાળો મોહતમિમ, સેક્રેટરી સુન્ની છે કે ગૈર ?! તેમને તો બસ પોતાનું નઝરાણુ જોઈએ ભલે વક્ફો તથા દરગાહો ગમે ત્યાં જાય !

આ કોઈ એક મસ્જિદ, દરગાહ કે વક્ફનો કિસ્સો નથી, સેંકડો મસ્જિદો તથા મકબરાઓ અને દરગાહો, સુસ્ત તથા બેગૈરત, ધોકાબાજ (પબ્લિકને છેતરનાર) હાથોએથી ગૈરોના હાથોમાં ગઈ છે. એવા જ લોકોના માટે તો ડો. ઈકબાલે કહ્યું હતું :–

***હો નેકૂ નામ જો કબ્રો કી તિજારત કરકે***
***કયા ન બેચોગે જો મિલ જાએં સનમ પત્થર કે***

ખૈર, આ એક લાંબી દાસ્તાને ગમ છે જેનાથી તમો ઘણેખરે અંશે વાકેફ છો અને આ સ્થિતિ પર અફસોસ પણ વ્યક્ત કરતા રહો છો. પરંતુ કેવળ અફસોસ વ્યક્ત કરવાથી કામ નહીં ચાલે, આવો ! આપણે સૌ મળીને અહલે સુન્નતમાં વિખવાદ તથા અધોગતિના સબબો તથા તેના નિવારણના તરીકાઓ પર વિચારણા કરીએ.

## મતભેદ તથા વિખવાદના મનોવૈજ્ઞાનિક સબબો

પ્રિય શ્રોતાઓ ! સૌ પ્રથમ મતભેદ તથા વિખવાદના મનોવૈજ્ઞાનિક કારણોનો અભ્યાસ કરીએ.

અસલ મંતવ્યનો મતભેદ એ માનવ પ્રકૃતિમાં સામેલ છે. કોઈ એક વાત પર થોડાક લોકોનું પણ એકમત થઈ જવું મુશ્કેલ હોય છે. ખાસ કરીને બુદ્ધિશાળી, એજ્યુકેટેડ તથા મંતવ્ય દર્શાવવાની ક્ષમતાવાળા વ્યક્તિઓનું એકમત થવું તો અશક્ય બાબતોમાંથી છે. એ જ કારણે રાજકીય, સામાજિક બાબતો હોય કે ધાર્મિક ખયાલો તથા અકીદા હોય તેમાં માન્યતાની એકરૂપતા ખૂબ જ જલ્દી અદશ્ય થઈ જાય છે અને અકીદા તથા અમલોમાં સેંકડો મતભેદો પેદા થઈ જાય છે. આ અમલ સમય તથા સ્થળથી પર છે, સંસ્કારિક જિંદગીના પ્રારંભથી થઈ રહ્યો છે અને અંત સુધી થતો રહેશે, એ જ કારણે કોઈ પણ મઝહબ સેંકડો ફિર્કાઓ તથા મસ્લકોમાં વહેંચાવાથી મેહફૂઝ ન રહી શક્યો.

એના અનુસંધાનમાં મુખ્બિરે સાદિક અને અલ્લાહ પછી કાઈનાતની સૌથી વિશેષ ઈલ્મ તથા જાણકારી ધરાવનાર હસ્તી (ﷺ)એ એ ખબર આપી દીધી કે યહૂદી તથા ઈસાઈ તો ૭૨–૭૨ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા પરંતુ મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાઈ જશે અને એમનામાંથી કેવળ એક ફિર્કો નાજી (નજાત પામનાર) થશે, બાકી સર્વ વૈચારિક તથા અમલી ગુમરાહીમાં સપડાયને ફિન્નાર થઈ જશે. કદાચ ૭૨ તથા ૭૩ની સંખ્યા પણ મુહાવરા મુજબ તથા એક

મોટી સંખ્યા પ્રદર્શિત કરવા માટે છે, નહીં તો એ ફિર્કાઓ તથા તેના પેટા ફિર્કાઓ તથા મસ્લકોની ગણત્રી કરવામાં આવે જેમના અકીદા તથા અમલો ઈતિહાસે મેહફૂઝ રાખ્યા છે, તો કદાચ એ ગણત્રી અધિક થઈ જશે.

આવો, હવે આપણે એનું નિરીક્ષણ કરીએ છીએ કે મુસલમાનોમાં મંતવ્યોનો મતભેદ તથા ફિર્કાબંદીના પ્રારંભનાં કારણો કયાં છે અને તેની શરૂઆત કઈ રીતે થઈ.

## મંતવ્યોની વિવિધતા તથા ફિર્કાબંદીના કારણે થયેલો પ્રારંભ

મુસ્લિમ ઉમ્મતમાં મોટા મતભેદોની શરૂઆત રસૂલે અકરમ, ફખ્રે બની આદમ ﷺના વિસાલ તથા આપની ખિલાફતની સ્થાપ્નાથી થઈ. તે વખતે મુહાજિરો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની ખિલાફતના હક્કમાં હતા તો મદીનાના અન્સાર હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہને ખલીફા બનાવવા ચાહતા હતા. જ્યારે કે મુહાજિરોમાંથી જ બનૂ હાશિમ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمની ખિલાફતની તમન્ના ધરાવતા હતા. તે સમયે એ મતભેદ કેવળ વૈચારિક તથા મંતવ્યના રૂપમાં હતો. આગળ જતાં એનો પાયો વિશાળથી વિશાળ તથા ઊંડોને ઊંડો થતો ગયો અને આજ સુધી સલામત છે બલ્કે લગભગ કયામતની સવાર સુધી ચાલ્યા કરશે.

શૈખેને કિરામ (અબૂબક્ર તથા ઉમર)ના દૌરમાં આ મતભેદ મામૂલી હતો અને દબાયેલો રહ્યો પરંતુ ખિલાફતે ઉષ્માનીની સ્થાપ્ના સાથે જ બાકાયદા બે ગૃપો શીઆઓને અલી તથા શીઆને ઉષ્માનના નામથી ઓળખાવા લાગ્યાં, જો કે તે બંનેવ બુઝુર્ગોમાં સંપૂર્ણપણે એકતા હતી અને હઝરત અલી તેમના સહાયક તથા મદદગાર હતા. આ હઝરત ગૃપબંદીવાળા મતભેદથી પાક હતા.

પબ્લિકથી પેદા થનારા મતભેદે ખિલાફતે ઉષ્માનીની વિરુદ્ધ આંત્રિક રીતે સાઝિશો અને પ્રોપેગન્ડાઓનો દૌર શરૂ કરી આપ્યો જેણે છેવટે હઝરત ઉષ્માનની વિરુદ્ધ બગાવતનું રૂપ ધારણ કરી લીધું એનું પરિણામ તેમની દર્દનાક શહાદતના રૂપમાં જાહેર થયું. એ જ સંજોગોમાં ખિલાફતે અલીની સ્થાપ્ના થઈ જેને શીઆને ઉષ્માને માનવાથી ઈન્કાર કરી આપ્યો જેમની કયાદત અમીર મુઆવિયા કરી રહ્યા હતા. જેનું પરિણામ જંગે સિફ્ફીનના રૂપમાં અસ્તિત્વમાં આવ્યું અને ભાઈ ભાઈના લોહી વહાવવાનો ઈતિહાસ રચાઈ ગયો. એ જ જંગમાં કુર્આન મજીદને ભાલાઓ પર બુલંદ કરવાથી નવા મતભેદો તથા નવાં ગૃપો ઉદ્ભવ પામ્યાં. એક ગૃપ જેણે ઉઘાડો મતભેદ કરીને પોતાને હઝરત અલીથી અલગ કરી લીધા, તે હરૂરિયા પછી "ખારજી" નામથી ઓળખાતા થયા. એ ગિરોહ ન કેવળ હઝરત અલીથી અલગ થયું બલ્કે મઆઝલ્લાહ ! તેમને કાફિર ઠરાવીને તેમની સાથે જંગ માટે તૈયાર થઈ ગયું. છેવટે નહરવાનના સ્થળે હઝરત અલીના હાથે હાર ખાધી અને એ ગિરોહના અમુક જ માણસો જાન બચાવીને ભાગી છૂટયા.

એ વખતે મુસલમાન સ્પષ્ટપણે ત્રણ ગિરોહમાં વહેંચાઈ ગયા. **એક** તે જે હઝરત અલીની મહોબ્બતમાં અતિરેક કરતા હતા અને ખિલાફતને તેમનો હક્ક માનીને ત્રણેવ ખલીફાને હક્ક મારનાર કહેતા હતા. કેટલાક અરસા બાદ એ લોકોમાં સખ્તી આવી અને તેમણે ત્રણેવ ખલીફા તથા અન્ય બીજા સહાબાએ કિરામ પર લઅન તઅન કરવાનું શરૂ કરી આપ્યું એ કારણે તેમને **રવાફિઝ (રાફઝી)** કહેવામાં આવ્યા. એ શીઆને અલીને સામાન્યતઃ હવે "શીઆ" કહેવામાં આવે છે. સમયની સાથે તેના પુષ્કળ પેટા ફિર્કા તથા મસ્લક બની ગયા.

**બીજો** ગિરોહ **ખારજીઓનો** હતો જે હઝરત અલીનાં અમુક કામોના કારણે તેમને કાફિર ઠરાવીને તેમનાથી નફરત કરવા લાગ્યો હતો. આ રીતે મુખ્બિરે સાદિક તથા સાહિબે ઈલ્મે **મા કાન વમા યકૂન** ﷺની તે પેશનગોઈ પણ પૂરી થઈ કે એક ગિરોહ અલીની મહોબ્બતમાં અને એક અદાવતમાં હલાક થશે. **ત્રીજો** : એ બંનેવ અતિશયતાઓની વચ્ચે મુસલમાનનો સવાદે આ'ઝમ મસ્લક (અહલે સુન્નત)

મધ્યમ માર્ગ પર કાયમ રહ્યો, તે હઝરત અલીની મહોબ્બતને ઈમાનનો ભાગ તો સમજ્યો પરંતુ અન્ય સહાબાઓની કિંમત પર નહીં. એ જ સહાબાએ કિરામ, અવલિયાએ એઝામ તથા અહલે હક્કનો મઝહબ છે. એના વિશે આપનો ઈર્શાદે ગિરામી છે કે નાજી (નજાત પામનાર) ફિર્કો તે થશે જે મારી તથા મારા સહાબાની સુન્નત પર અમલ કર્તા હશે. અલ્હમ્દુલિલ્લાહ ! આપણે અહલે સુન્નત આજે પણ એ જ મધ્યમમાર્ગી મસ્લક પર કાયમ છીએ.

## તમામ ગુમરાહ ફિર્કાઓનું મૂળ ખારજી કે રાફજી છે

જો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો જણાશે કે અત્યાર સુધી જેટલા ગુમરાહ તથા બેદીન ફિર્કા પેદા થયા તેમની માન્યતાની એકરૂપતા ખારજીઓ સાથે છે અથવા રાફઝીઓ સાથે છે, અને એ સૌ પોતાની સંખ્યા તથા બળના એતબારે કેટલાય અને કેવા પણ રહ્યા હોય પણ કદી પણ બહુમતિમાં નથી આવ્યા, બહુમતિ હમેશાં મધ્યમમાર્ગી મસ્લક એટલે મસ્લકે અહલે સુન્નતની જ રહી છે.

વિવિધ યુગોમાં અહલે સુન્નતને ગુમરાહ ફિર્કાઓ સાથે ટક્કરો થતી રહી છે. ક્યારેક ક્યારેક તે ગુમરાહ ફિર્કાઓને ગલ્બો પણ હાંસલ થયો છે અને રાજકર્તાનું પીઠબળ પણ મળ્યું છે. એના પર પ્રભુત્વવાળા તથા જબરદસ્ત પણ જણાયા છે પરંતુ અહલે સુન્નત સેંકડો લીલી સૂકીઓના પ્રહારોમાંથી પસાર થવા છતાં પણ મુસલમાનોનો સવાદે આ'ઝમ (મોટી જમાઅત) જ રહ્યો છે. મુસલમાનોની બહુમતિ હમેશાં આ મધ્યમમાર્ગી મસ્લક પર જ રહી છે અને અલ્હમ્દુલિલ્લાહ ! આજે પણ છે. પ્યારા વિદ્યાર્થીઓ! હવે મૂળ વાત પર આવીએ છીએ.

## વહાબિયત સાથે થયેલી ટક્કરો, તેની અસરો તથા ખતરાઓ

પાછળ બે સદીઓથી અને અત્યારે પણ અહલે સુન્નતની સૌથી મોટી જંગ વહાબિયત સાથે ચાલી રહી છે. વહાબી ચળવળે ઈસ્લામી જગત પર પોતાની ઘણી ઊંડી તથા દૂર સુધી પહોંચે તેવી અસરો કાયમ કરી છે અને આજે પણ એ ચળવળ પોતાની પૂરી શક્તિ તથા સખ્તી સાથે ચાલુ છે. ઈસ્લામી દેશોના એક મોટા હિસ્સા પર એનું જ વર્ચસ્વ છે. સઊદી અરબિયામાં એ જ ચળવળના પુરજોશ સમર્થકોની સત્તા છે. અન્ય અરબ દેશોમાં પણ તેના જબરદસ્ત સમર્થક તથા સહાયક મૌજૂદ છે. એશિયા ખંડમાં દેવબંદી વિચારશ્રેણીની માન્યતા એ ચળવળ સાથે એકરૂપતા ધરાવે છે. તબ્લીગી જમાઅત, જમાઅતે ઈસ્લામીના માણસો તેમજ ઈસ્લાહી, ફલાહી, નદવી વગેરે લગભગ એ જ અકીદાઓ તથા માન્યતાઓ ધરાવનારા છે જેને વહાબી ચળવળની માન્યતા તથા અકીદા સમજવામાં આવે છે. પોતાને અહલે હદીષ તથા સલફ કહેનારા તો વહાબિયતના પુરજોશ હામી તથા મુબલ્લિગ તથા પ્રતીક છે.

વહાબિયતની આ ચળવળ નજ્દના એ ઈલાકાથી શરૂ થઈ જ્યાંથી ઈસ્લામની વિરુદ્ધ પ્રથમ સુર અને પ્રથમ બગાવત મુસૈલમા કઝ્ઝાબના રૂપમાં ઉભરી હતી. એ ઈલાકાના સંબંધે આપનો ઈર્શાદે ગિરામી છે કે, "એ ઈલાકાથી ફિત્ના, ઝલ્ઝલા તથા શૈતાનની શિંગ નીકળશે."

આ ચળવળના બાની મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજ્દીનું ખાનદાન ઈલ્મી ખાનદાન હતું. એના પિતા તથા ભાઈ સહીહુલ અકીદા આલિમ હતા અને તેમણે તેના ખયાલો તથા માન્યતાઓનો વિરોધ પણ કર્યો પરંતુ એની રૂહમાં શરૂથી જ બેચૈની તથા બગાવત હતી. તેને આઠમી સદી હિજરીના આલિમ ઈબ્ને તયમિયા અને તેમના શાગિર્દ ઈબ્ને કૈયિમના ખયાલો તથા માન્યતાઓમાં ઘણી દિલચસ્પી હતી જે પોતાના દૌરમાં તકલીદથી બેઝાર, ખારજિયત પ્રતિ વળેલા અને સામાન્ય મુખ્ય માર્ગથી હટીને ચાલનાર હતા. શયખે નજ્દી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ પણ એના ડગલે ચાલ્યો. એને મુસલમાનોમાં પ્રચલિત ખયાલો તથા અમલોમાં શિર્ક તથા બિદઅત નજર આવી. ખૂદ તેણે તથા તેના અનુયાયીઓએ એ સમયના મુસલમાનોનો હાલ કાંઈક આ પ્રમાણે

વર્ણવ્યો છે કે, ''જાણે સર્વ મુસલમાનો એકદમ ઈસ્લામથી નીકળી ચૂક્યા હતા. બીજી જગાઓનું શું વર્ણન, ખૂદ હરમૈન શરીફૈનમાં મૂર્તિપૂજાના ગઢ અને ફિસ્કો ફુઝૂરના અડ્ડા કયામ થઈ ચૂક્યા હતા. ખુદાએ વાહિદની જગાએ બુઝુર્ગો અને તેમના મઝારોની પૂજા થવા માંડી હતી અને તેમનાથી મુરાદો માંગવામાં આવી રહી હતી......વગેરે.''

સારાંશ કે નજદી ચળવળે તમામ મુસલમાનોને મુશ્રિક ઠરાવીને અને જાતે પોતે હકીકી તૌહીદના ઝંડાધારી બનીને મુસલમાનોને નવેસરથી ઈસ્લામ કબૂલ કરવા અને ચળવળમાં સામેલ થવાની દા'વત આપી, ન માનનારાઓની જાન માલ, ઈજ્જત આબરૂને મુબાહ સમજી અને એના પર સખ્તીથી અમલ કર્યો. આ ચળવળ તથા એના જુલ્મોની દાસ્તાન ઘણી લાંબી તથા ખૂંખાર છે જેને અમે અત્યારે રજૂ નથી કરતા. (વધુ માટે ''રહનુમાએ હક્ક'' મંગાવીને વાંચો.)

વહાબી ચળવળનો શોર સખ્તાઈથી બુલંદ થયો અને તેની અસરો દૂર દૂર સુધી ફેલાઈ. અખંડ ભારતના મશહૂર ઈલ્મી તથા દીની ખાનદાન, ખાનદાને વલીયુલ્લાહના એક ફરઝંદ ઈસ્માઈલ દહેલ્વીને આ ચળવળ પસંદ આવી અને તે પણ તૌહીદ તથા ઈસ્લાહના ઝંડાધારી બનીને ઉભા થયા. તેમણે શયખે નજદી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબની કિતાબ ''કિતાબુત્તૌહીદ'' અને પુસ્તિકા ''રદુલ્ ઈશ્રાક''નો ગહરાઈથી અભ્યાસ કર્યો અને તેનો આઝાદ તર્જુમો ''તક્વિયતુલ ઈમાન''ના નામથી ઉર્દૂમાં પ્રસિદ્ધ કર્યો. તેમના કાકાના પુત્ર મૌલાના મખ્સૂસુલ્લાહ સાહબે એક વાક્યમાં એના પર ભરપુર પ્રતિભાવ આપ્યો. તેમના કથનાનુસાર ''વહાબીની કિતાબ મતન (મૂળ) હતો અને આ શખ્સ એની સ્પષ્ટતા કરનારો છે.'' *(બહવાલા મૌલાના ઈસ્માઈલ દહેલ્વી ઔર તક્વિયતુલ ઈમાન, પેજ–૫૯, અઝ : મૌલાના શાહ અબુલ હસન ઝયદ ફારૂકી)*

તક્વિયતુલ ઈમાન એ ''તક્વિયતુલ ઈમાન''ને બદલે ''તફ્વિયતુલ ઈમાન'' (ઈમાનને મજબૂત કરનાર નહીં ઈમાનને ખતમ કરનાર) સાબિત થઈ અને અધોગતિ તરફ જતા મુસ્લિમ સમાજને વિખવાદ તથા વિભાજનની હદે લઈ ગઈ. મૌલાના ઝયદ ફારૂકી رحمۃ اللہ علیہ લખે છે :–

''આ કિતાબ (તક્વિયતુલ ઈમાન)થી આઝાદ ખયાલીનો દોર શરૂ થયો, કોઈ ગૈર મુકલ્લિદ બન્યો, કોઈ વહાબી બન્યો, કોઈ અહલે હદીષ કહેવાયો, કોઈએ પોતાને સલફી કહ્યો. મુજહિદ ઈમામોનો જે મર્તબો તથા માન મોભો દિલમાં હતો તે ખતમ થયો. મામૂલી ભણેલા, બે ચોપડી વાંચેલા લોકો ઈમામ બનવા લાગ્યા અને અફસોસ એનો છે કે તૌહીદની રક્ષાના નામ પર બારગાહે નબવીની તા'ઝીમ તથા એહતેરામમાં ઉણપ વર્તવાનો ક્રમ શરૂ થયો.'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૯, ૧૦)*

દિલ્હીના સર્વ મહાન ઉલમાએ ''તક્વિયતુલ ઈમાન''ની સખ્તીથી રદ કરી. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના ખાનદાનની અન્ય વ્યક્તિઓ મૌલાના મખ્સૂસુલ્લાહ, મૌલાના મુહમ્મદ મૂસા તથા શાહ અબ્દુલ અઝીઝ દહેલ્વીના શાગિર્દ જેમની કયાદત અલ્લામા ફઝ્લે હક્ક ખયરાબાદી رحمۃ اللہ علیہ કરી રહ્યા હતા તેઓ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી તથા એમની કિતાબના વિરુદ્ધ ઉભા થયા અને તેમની સાથે મુનાઝરો કરવા લાગ્યા. પણ પોતાના મિશનના માટે તેમનો જોશ જઝબો પણ ઓછો ન હતો તે પણ પોતાના હામી તથા સમર્થક પેદા કરવામાં સફળ થઈ રહ્યા હતા. મૌલાના મખ્સૂસુલ્લાહ સાહબ ફરઝંદે શાહ રફીઉદદીન સાહબને એક પ્રશ્નના જવાબમાં ફર્માવ્યું હતું કે, ''એ મજલિસ સુધી સૌ અમારા તરીકા પર હતા પછી એમનું જૂઠ સાંભળીને કાચા પોચા માણસો ક્રમે ક્રમે ફરવા લાગ્યા.'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૦)*

અહીં એ વાત યાદ રાખવાની છે કે આ સર્વ બનાવો આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના જન્મ મુબારકથી કેટલાય પહેલાંના છે. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી અને તેમની તક્વિયતુલ ઈમાની ખયાલો તથા માન્યતાઓના સમર્થક પણ કેટલાયે ખાનાંઓમાં

વહેંચાઈ ગયા. જે લોકોએ તકલીદથી આઝાદી હાંસલ કરીને પોતાને અહલે હદીષ અથવા સલફી વગેરે કહ્યા તેઓ ખયાલો તથા અમલોમાં જ નહીં પણ ઈબાદતના તરીકાઓમાં પણ આમ મુસલમાનોથી અલગ થઈ ગયા અને અહલે સુન્નત તેમને ઓળખીને ખૂદને અલગ કરવા લાગ્યા. પરંતુ દેવબંદ તથા સહારનપુર વગેરેના ઉલમા અને તેમના અનુયાયીઓએ ''તકવિયતુલ ઈમાની તૌહીદ''ના ઝંડાની સાથે સાથે પોતાને હનફી કહેવા અને માનવા પર આગ્રહ કર્યો અને ઈબાદતો તથા મામલાઓમાં અહલે સુન્નતના જેવા રાખ્યા ! (એટલે અકીદા તકવિયતુલ ઈમાની કુફી જ રાખ્યા પણ ઈબાદતના તરીકા વગેરે હનફી જેમ રાખ્યા) પરિણામ એ આવ્યું કે અહલે સુન્નતના ઉલમા તેઓને તેમના બહુરૂપીપણાને કારણે પોતાને તેમનાથી અલગ પુરવાર કરવામાં અધિક કામયાબ ન થઈ શક્યા. (કેમ કે નમાઝ, રોઝા તથા અન્ય બાબતે તેઓ જાહેરી રીતે હનફી જેમ મસ્અલા પર ચાલતા ભલે અકીદા એ જ કુફી વહાબી હતા. તેમના આ ધોકાને કારણે) ભોળી અવામે તેમની આગેવાની, લીડરશીપ તથા ઈમામતને કશાય સંકોચ વિના કબૂલ કરી અને દેવબંદી મસ્લકના અકીદાઓને આલિમોના ઈલ્મી ઝઘડા સમજીને તેમનાથી આંખ આડા કાન કર્યા. દેવબંદી ઉલમાએ ''તબ્લીગી જમાઅત'' બનાવીને જાહેરમાં લાભદાયી જણાતી કાર્ય પદ્ધતિ થકી અજ્ઞાન પબ્લિકની એક મોટી સંખ્યાને પોતાના પ્રભાવ હેઠળ કરી દીધી. એનાથી ઉલ્ટુ અહલે સુન્નતની રિવાજ પામેલ ગફલતવૃત્તિ, સુસ્તી તથા લાપરવાહી તથા પોતાનાંઓને જ ખોવાનો હુન્નર તેનું કામ કરતો રહ્યો. આ તરફ તેઓની મિશનરી સ્પિરિટ, પોતાના અકીદા તથા માન્યતાની તબ્લીગ તથા પ્રચારનો જઝબો અને ગૈરોને પોતાના બનાવવાનો અમલ ચાલુ રહ્યો. પરિણામે આપણે સંકોચાતા તથા સમેટાતા ગયા અને તેઓ વધતા તથા ફેલતા રહ્યા. એના દસ્તાવેજી સાક્ષીઓ પણ મૌજૂદ છે અને અનુભવ તથા તજર્બો પણ. દસ્તાવેજી સાક્ષીઓ આપણા લોકોની નહીં પણ ગૈરોની ! જુઓ ! ગૈર મુકલ્લિદ આલિમ મોલ્વી ષનાઉલ્લાહ અમૃત્સરીએ આજથી લગભગ ૭૩ વરસો પહેલાં ઈ.સ. ૧૯૩૭માં લખ્યું હતું :–

''અમૃત્સરમાં મુસ્લિમ આબાદી શીખ વગેરેની બરાબર છે. ૮૦ વરસો પહેલાં લગભગ સર્વ મુસલમાન એ જ ખયાલના હતા જેમને આજકાલ બરેલ્વી હનફી ગણવામાં આવે છે.'' *(શમ્એ તૌહીદ, પેજ–૪૦, ઈ.સ. ૧૯૩૭)*

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના એક ચાહક તથા વર્ણનકર્તા મોલ્વી મુહમ્મદ જઅફર થાનેસરીએ ''તવારીખે અજીબ મઅરૂફ બિહ કાલાપાની''માં લખે છે :–

''મારી મૌજૂદગીના સમયે (એટલે હિ.સ. ૧૨૭૮માં) કદાચ પૂરા પંજાબમાં દસ પણ વહાબી અકીદાના મુસલમાન મૌજૂદ ન હતા અને હવે (એટલે હિ.સ. ૧૨૯૬માં) જોઉં છું કે કોઈ ગામ તથા શહેર એવું નથી કે જ્યાંના મુસલમાનોમાં કમસે કમ ચોથાઈ હિસ્સો વહાબી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો ચાહક ન હોય.'' *(પેજ–૭૮)*

આ સાક્ષીઓ તો ઘણી પૂરાણી છે, હાલનો અનુભવ છે કે તમે ક્યાંય પણ ચાલ્યા જાવ પાકા મુતસલ્લિબ (વહાબીથી નફરત કરનારા, સંબંધ ન રાખનારા) સુન્ની ઓછા જ મળશે અને તમે સુન્ની મસ્જિદ તથા સુન્ની ઈમામને કેટલીય તલાશ પછી જ પામશો, ખાસ કરીને પશ્ચિમ યુ.પી. તથા દિલ્હીમાં તો એ જ અનુભવ થશે. પબ્લિકની મોટા ભાગની સંખ્યા ભલે પોતાના અકીદા તથા અમલમાં સુન્ની હોય છતાં તે પણ માર્ગદર્શન તો વહાબી દેવબંદી ઉલમાથી જ હાંસલ કરે છે ! અને તેમની જ ઈક્તેદામાં નમાઝ પઢે છે ! મસ્જિદોની શું વાત ! આપણા મકબરા તથા ખાનકાહો પર પણ તેઓનો કબજો જોવા મળે છે. મોટા ભાગના વકફો પર તેઓ જ કબજો જમાવી બેઠા છે. ખૂદ વકફ બોર્ડ, હજ્જ કમિટીઓ તથા અન્ય સંસ્થાઓ તેઓના જ કંટ્રોલમાં છે. આપણે ક્યાંય નથી ! અને જ્યાં છીએ ત્યાં દબાયેલા, ગભરાયેલા ખૂદને છુપાવેલ હાલતમાં અને ખામોશ રહેવાની કોશિશમાં છીએ ! *(ક્રમશઃ)*

# સામાજિક ઝઘડા અને ઈસ્લામી તા'લીમાત

રજૂકર્તા : **મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી** *(હાલ : સેન્ટ્રલ મસ્જિદ, લેસ્ટર, યુ.કે. )*

આજે આપણા સમાજનું નિરીક્ષણ કરવામાં આવે તો અસંખ્ય ઝઘડાઓ જોવા મળે છે, ક્યાંક માલ કે રકમની લેતી દેતીના ઝઘડા તો ક્યાંક હોદ્દાની ખેંચાખેંચના ઝઘડા તો ક્યાંક સ્ત્રીની છેડતીના ઝઘડા, ક્યાંક શક્તિશાળીઓ નબળા વર્ગને દબાવવા ધમાલ મચાવી જુલ્મ કરે છે તો ક્યાંક રાજકરણના નામે તો ક્યાંક ધર્મના નામે, ક્યાંક પ્રાંતવાદ, જાતિવાદના નામે હુલ્લડ થાય છે. વર્તમાન પત્રોનો અભ્યાસ કરો તો જોવા મળશે કે ભાઈના હાથે ભાઈનુ ખૂન, પતિએ પત્નીને જીવતી સળગાવી દીધી, કૌટુંબિક કંકાસથી કંટાળી પત્ની કે પતિનો આપઘાત, સાસુ વહુના ઝઘડાના સમાચાર, સાસરીવાળાઓના ત્રાસથી બાળકો સાથે માતાએ કૂવો પૂર્યો, લેણદારોના ત્રાસથી ઝહેર પીધું વગેરે સમાચારો વાંચવા મળે છે. હાલતાં ચાલતાં નજીવી બાબતે લોકો ઝઘડો ઉભો કરી દે છે અને ક્યારેક તે ખૂનરેજી તથા હુલ્લડો ઉભાં કરી સમાજની શાંતિને જાખમમાં નાખે છે. વળી વિશ્વભરમાં રાજકીય ગંદી પોલીસીઓના કારણે એક દેશ બીજા દેશને કમજોર કરવા તથા અન્ય દેશનું શોષણ કરવા શક્તિશાળી દેશ નબળા દેશો પર જુલ્મો સિતમ કરવા ચઢાઈઓ કરે છે અને લાખો નિર્દોષ પ્રજાજનોની લાશો ઢાળી દે છે. સારાંશ કે દિવસે દિવસે વિશ્વભરમાં વિવિધ દેશો વચ્ચે, સમાજમાં આપસમાં તથા કૌટુંબિક ઝઘડાઓ વધતા જઈ રહ્યા છે જેનાથી ઘરની, સમાજની, દેશોની શાંતિ જોખમાઈ છે અને તેમની પ્રગતિ રુંધાઈ જાય છે.

અમારો દાવો છે અને એ યકીની હકીકત છે તથા ઈતિહાસ પણ એના પર સાક્ષી છે કે, "જો ઈસ્લામી આદેશોને અનુસરવામાં આવે તો વિશ્વમાં, સમાજમાં તથા દરેક ઘરમાં અમ્નો સુકૂન તથા શાંતિ તથા સુખ ચૈનનું સામ્રાજ્ય સ્થાપી શકાય છે." શરત એ છે કે નિખાલસપણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનો આદેશોને માન આપી તેના પ્રમાણે જીવવામાં આવે.

## ગુસ્સાની બુરાઈ તથા તેને ઠંડો કરવાનો ઉપાય

સામાન્યતઃ ઝઘડાની શરૂઆત માણસને ગુસ્સો આવવાથી જ થાય છે. ગુસ્સામાં માણસ દિમાગી સંતુલન તથા સંયમ ગુમાવીને ન બોલવાનાં વેણ સામી વ્યક્તિ માટે બોલી નાખે છે અને બોલાચાલી પછી મારા મારી પર વાત આવે છે જેમાંથી મોટાં મોટાં હુલ્લડો પણ અસ્તિત્વમાં આવે છે જેનાં ભયાનક પરિણામો પૂરા સમાજને વેઠવાં પડે છે.

ગુસ્સાની ખરાબી રજૂ કરતાં અલ્લાહના પ્યારા હબીબ ﷺએ ફર્માવ્યું, "ગુસ્સો ઈમાનને એ રીતે ખરાબ કરે છે જે રીતે ઈલવા (મશ્હૂર કડવી દવા) મધને ખરાબ કરે છે." *(બયહકી)*

અને સાચે જ માણસ જ્યારે ગુસ્સે થાય છે તો ક્યારેક તે શું બોલે છે તેનું તેને ભાન રહેતુ નથી અને ક્યારેક ગુસ્સાના અતિરેકમાં એવી વાણી બોલી નાખે છે કે જે તેના ઈમાનને બર્બાદ કરી નાખે છે ! તો જ્યારે ગુસ્સો આટલી ખતરનાક ચીજ છે એવું માણસ સમજી લે તો જરૂર ગુસ્સા વખતે સાવધાન થઈ જશે, અને તેને કાબૂમાં રાખવા કોશિશ કરશે. ગુસ્સાને કાબૂ કરવાનાં ઈનામો પણ જોઈ લો.

રબ તઆલા કુર્આને પાકમાં ફર્માવે છે : **"ગુસ્સાને પીનાર,** લોકોને **માફ કરનાર** અને તેમના પર **એહસાન કરનાર**થી અલ્લાહ મહોબ્બત કરે છે."

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, માફ કરવાથી ઈજ્જત વધે છે જેથી તમો દરગુઝરની આદત અપનાવો અલ્લાહ તઆલા તમને ઈજ્જત અતા કરશે. તેમજ ફર્માવ્યું, કયામતના દિવસે અલ્લાહ તઆલા માફ કરનારાઓને વિના હિસાબે જન્નતમાં જવાનો હુકમ આપશે. *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૪૧)*

હદીષે પાકમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે હઝરત મૂસા علیہ السلام એ અર્ઝ કરી કે, હે મારા પરવરદિગાર ! કોણ બંદો તારી નજીક વધુ ઈજ્જતવાળો છે ? ફર્માવ્યું, તે બંદો જે શક્તિ હોવા છતાં માફ કરી આપે. *(બયહકી, મિશ્કાત શરીફ)*

જ્યારે માણસ પોતાની સદ્‌બુદ્ધિને કામે લગાડીને વિચારે કે, "અલ્લાહની નજીક ઈજ્જતવાળા બનવું" એ કેટલી મહાન ખુશનસીબી છે, તો એ જરૂર પોતાના ગુસ્સાને કાબૂમાં રાખીને માફી તથા દરગુઝરની વૃત્તિ અપનાવશે અને એ જ મો'મિનની શાન છે.

વળી ઈસ્લામે ગુસ્સાને ઠંડો કરવાનો ઈલાજ પણ દર્શાવ્યો છે. હદીષે પાકમાં છે કે ગુસ્સો શૈતાનના તરફથી છે અને શૈતાન આગથી પેદા થાય છે અને આગ પાણીથી બુઝાવાય છે. પરિણામે જ્યારે કોઈને ગુસ્સો આવે તો વુઝૂ કરી લે. *(અબૂ દાઊદ)*

બીજી હદીષમાં છે કે જ્યારે કોઈને ગુસ્સો આવે તો જો એ ઉભો હોય તો બેસી જાય, જો ગુસ્સો દૂર થઈ જાય તો સારી વાત છે નહિતર સૂઈ જાય. *(અહમદ, તિર્મિઝી)*

હવે જ્યારે તમો ગુસ્સાને જ કંટ્રોલ કરી લેશો તો સ્વભાવિક છે કે વાત આગળ વધશે નહીં અને ઝઘડો ઉભો થતો જ અટકી જશે.

## ઘમંડની બુરાઈ અને તેનો ઈલાજ

લડાઈ ઝઘડાનું એક કારણ ઘમંડ તથા તુંડમિજાઝીપણુ છે. માણસ ઘમંડના કારણે સામી વ્યક્તિને કાંઈ ગણતો નથી અને જેમ ફાવે તેમ વર્તાવ કરીને લડાઈ ઝઘડા ઉભા કરે છે જેનાથી જે ઘરમાં એવી વ્યક્તિ હોય તે ઘરની શાંતિ જોખમાયા કરતી હોય છે અને ધાંધલ ધમાલ, ગાળાગાળી, બોલાચાલી, ક્યારેક મારપીટ વગેરે બનાવ બન્યા કરે છે જેની કુટુંબીજનો તથા બાળકોના કુમળા માનસ પર પણ અસર પડે છે. આમ "હું કાંઈક છું !" અને "હું કહું તે જ થાય !" એવી વૃત્તિ માનવ સમાજમાં ઝઘડાઓને જન્મ આપી અનેક આફતો ઉભી કરે છે અને સમાજની પ્રગતિ પણ એનાથી રૂંધાઈ જાય છે, કેટલીયે તલાકો થાય છે તો ખૂના મરકી પણ થાય છે, અને કેટલાય સંસારમાં આગ લાગી જાય છે. તો આ ઘમંડની બુરાઈ વિશે જાણી લો અને તેનાથી બચવા કોશિશ કરો.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, "જે શખ્સના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઘમંડ હશે તે જન્નતમાં જશે નહીં. અને ઘમંડ એ છે કે હક્કને ન માનવું અને લોકોને હલકા સમજવા." *(મુકાશફતુલ કુલૂબ)*

કુર્આન મજીદમાં છે : اَلَيْسَ فِىْ جَهَنَّمَ مَثْوًى لِّلْمُتَكَبِّرِيْنَ "ઘમંડીઓ (અભિમાનીઓ)નું ઠેકાણુ જહન્નમ છે." રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : હું તમને જન્નતવાળાઓની ખબર ન આપું ? તેઓ ઝઈફ છે જેમને લોકો ઝઈફ તથા હકીર જાણે છે, પરંતુ **હકીકત એ છે કે જો તે અલ્લાહની કસમ ખાય બેસે તો અલ્લાહ એમને સાચા પાડી દે છે.** અને શું જહન્નમવાળાઓની ખબર ન આપું ? તેઓ સખ્ત બોલનાર અને કડકાઈભર્યા સ્વભાવવાળા તેમજ અભિમાની ઘમંડીઓ છે. *(બુખારી, મુસ્લિમ)*

ફર્માવ્યું કે **જે અલ્લાહને ખાતર નમ્રતા કરે છે અલ્લાહ એને બુલંદ કરે છે. તે પોતાના નફસમાં નાનો પરંતુ લોકોની નજરોમાં મોટો છે** અને જે બડાઈ કરે છે અલ્લાહ તઆલા એને પસ્ત કરે છે (નીચો પાડે છે) **તે લોકોની નજરોમાં ઝલીલ અને પોતાના નફસમાં મોટો છે.** તે લોકોની નજીક સુવ્વર અને કૂતરા કરતાં પણ વધારે હકીર છે. *(બયહકી)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જોઈ લીધું તમે કે ઘમંડ કેટલી બુરી ચીજ છે કે હુઝૂર ﷺ એ ઘમંડી તથા તુંડમિજાઝીને જહન્નમી ગણાવ્યા અને આજિઝીવાળા, નમ્રતાવાળાને જન્નતી દર્શાવ્યા. તમે ક્યા લોકોમાં રહેવાનું પસંદ કરો છો ? જહન્નમીઓમાં કે જન્નતીઓમાં ? કોણ બદ્‌બખ્ત હશે જે જહન્નમીઓમાં રહેવાનું પસંદ કરશે ?! તો આટલુ વિચારીને ઘમંડને ત્યજી દો અને નમ્રતાવાળી તથા મૃદુવાણીવાળી જીવન પદ્ધતિ અપનાવો અને અલ્લાહ વ રસૂલની રઝામંદી પ્રાપ્ત કરી લો.

હે લોકો ! તમે કઈ ચીજ પર ઘમંડ કરી શકો એમ છો ? તમારા રૂપ સૌંદર્ય પર, તમારી ઔલાદ પર, ધણીની આવક પર, પુત્રના ફોરેનથી આવતા રૂપિયા

પર, તમારી શારીરિક શક્તિ પર, તમારા મહેલો તથા બંગલા, ગાડી, વાડી પર, તમારી ફેકટરીઓ પર, તમારા સંખ્યાબળ પર ?! તમારા કુટુંબ તથા વંશ પર ?!

સાંભળો ! ઈસ્લામમાં ઘમંડ કોઈ બાબતે જાઈઝ નથી બલ્કે હરામ છે. એ ન ભૂલો કે તમારી પાસે જે કાંઈ છે તે રબ તઆલાની દૈન છે. એ ચાહે તો પળ ઝપકમાં તમારો ભરમ તોડી શકે છે. તમે સુંદર છો તેનો ભરમ છે તો તેને પળમાં ભાંગી શકે છે કે કોઈ બીમારી લાગી ગઈ ને સૌંદર્ય ખતમ ! કોઈ કુદરતી આફત ધરતીકંપ, રેલ કે દુકાળ કે સુનામી જેવી આફત આવી ગઈ કે તમે રોટી રોટી માટે ફાંફાં મારતા થઈ જાવ, રહેવાનું ઘર પણ ન રહે, ખાવા દાણો પણ ન મળે અને કલાકોમાં ભીખ માંગતા કે શરણાર્થી કેમ્પમાં ખાતા થઈ જાવ ! ક્યાંક અકસ્માત થયો કે હૃદય રોગનો હુમ્લો થયો કે ઘરનો મોભી માર્યો ગયો ને પત્ની વિધવા, બાળકો યતીમ થઈ ગયાં ! ફેકટરીઓ પર, દુકાનો પર ક્યાંક આફત આવી, આગ લાગી કે રેલ કે ધરતીકંપમાં સૌ ખત્મ થઈ ગયું અને કુટુંબના સભ્યો કોઈ આફતના અકસ્માતના શિકાર બની ગયા અને કોઈ આધાર કે સહારો બાકી ન રહ્યો ! ખૂબ શક્તિવાન છો ને ઘડીમાં લકવો કે અન્ય બીમારીએ ઘેરી લીધા ! શું હૈસિયત છે તમારી ?! કઈ ચીજ પર તમો ઘમંડ કરી શકો એમ છો ?

આવો ! સબક માટે આ હિકાયત વાંચી લો. એક નેક મર્દનું બયાન છે કે મેં એક શખ્સને કા'બાનો તવાફ કરતાં જોયો. તેની સાથે તેના ખાદિમ હતા જેઓ બીજા લોકોને તવાફ કરવાથી રોકતા હતા. પછી એક દિવસ મેં તેને બગદાદના પુલ પર લોકો પાસે ભીખ માગતો જોયો. મેં ગરીબાઈનો સબબ પૂછયો તો કહેવા લાગ્યો, મેં એવા સ્થળે ઘમંડ કર્યો હતો જ્યાં લોકો આજિઝી, ઈન્કેસારી તથા નમ્રતા અપનાવે છે, એના કારણે અલ્લાહે મારા પર આ બેઈજ્જતી થોપી દીધી. *(નુઝહતુલ મજાલિસ, ૧/૫૫૨)*

માટે એટલું હમેશાં યાદ રાખો કે આપણી પાસે જે કાંઈ પણ છે તે અલ્લાહ તઆલાની દૈન છે જેથી તેનો શુક્ર અદા કરતા રહી આજિઝીવાળી નમ્રતાવાળી જિંદગી જીવો તો બંને જહાનમાં રાહત તથા ઈજ્જત છે.

## ખુદાના બદ્તરીન બંદા કોણ ?!

કેટલાક લોકો એવી વિકૃતવૃત્તિવાળા હોય છે કે બે વ્યક્તિઓમાં ઝઘડો થાય તેનાથી પોતે ખુશી અનુભવે છે જેથી તેઓ એકબીજાની ચાડી ચુગલી કરતા રહે છે અને એકબીજા વિરૂદ્ધ ચઢામણી કરતા હોય છે. પણ ચુગલખોરથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ખૂબ જ નારાજ થાય છે કે જે બે ભાઈઓ કે બહેનો વચ્ચે ઝઘડો કરાવી જુદાઈ કરાવે છે.

ચુગલખોરની બુરાઈ વર્ણવતી હદીષે પાક જુઓ ! હઝરત હુઝૈફા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં હુઝૂર صلی اللہ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે ચુગલખોર જન્નતમાં જશે નહીં. *(બુખારી વ મુસ્લિમ)*

બીજી હદીષે પાકમાં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ગનમ અને અસ્મા બિન્તે યઝીદ رضی اللہ عنہا થી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ખુદા તઆલાના બદ્તરીન બંદાઓ તે છે જે લોકોમાં ચુગલી ખાતા ફરે છે અને મિત્રોની વચ્ચે જુદાઈ પડાવે છે. *(અહમદ, બયહકી)*

આ પરથી ચુગલખોરો તૌબા કરી લે અને અહીંની વાત ત્યાં ને ત્યાંની અહીં કરીને જહન્નમના હક્દાર તથા ખુદાના બદ્તરીન બંદા ઠરવાથી બચે અને સમાજમાં ઉપસ્થિત થતા ઝઘડાઓને ટાળે.

## કીનો રાખનાર મગફેરતથી મેહરૂમ !

મુસલમાનને જેનાથી ઝઘડો થાય તેના હસદમાં તે બળ્યા કરે છે, તેનુ બુરુ થતાં ખુશ થાય છે અને સારું થતાં સળગી મરે છે. તેના પ્રત્યે કીનો તથા અદાવત રાખીને ફરે છે. એના અનુસંધાનમાં આ પ્રમાણે હદીષે પાક છે :–

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે બંદાના અમલો દર અઠવાડિયે બે વાર પેશ કરવામાં આવે છે, પીર અને જુમેરાત. પછી દરેક બંદાની મગફિરત થાય છે સિવાય તે બંદાની કે પોતાના કોઈ મુસલમાન ભાઈના પ્રતિ બુગ્ઝ તથા કીનો રાખે છે. તેના વિશે હુકમ આપવામાં આવ્યો છે કે એ બંનેને રહેવા દો (એટલે કે ફરિશ્તા તેમના ગુનાહોને ન મિટાવે) ત્યાં સુધી કે તેઓની આપસની અદાવતથી દૂર ન થાય. *(મુસ્લિમ શરીફ)*

અને ઈર્ષા કેટલી બુરી ચીજ છે તેના વિશે જુઓ :–

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ઈર્ષાથી પોતાની જાતને બચાવો એટલા માટે કે **ઈર્ષા (અદેખાઈ) નેકીઓને એવી રીતે ખાઈ જાય છે જેવી રીતે આગ લાકડીઓને.** *(અબૂ દાઊદ)*

સારાંશ કે હસદ તથા કીનાથી બચીને માણસ જો જીવે તો ઝઘડા ઉભા થવાને બદલે આપસમાં મેળ મહોબ્બત જાગશે અને ચૈન સૂકનથી ઘર તથા સમાજ ખીલી ઉઠશે.

## પડોશી સાથે કઈ રીતે રહેશો ?

સામાન્યતઃ અડોશ પડોશમાં રહેતા લોકોમાં મોટાભાગે અણ બનાવ હોય છે, નાની નાની બાબતે ઝઘડા થતા રહે છે અને અબોલા ચાલ્યા કરતા હોય છે. પણ ઈસ્લામી તા'લીમ શું છે તે જુઓ અને મુસલમાન છો તો પડોશી સાથે મહોબ્બત પેદા કરો.

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ખુદાની કસમ ! તે મો'મિન નથી, ખુદાની કસમ ! તે મો'મિન નથી, ખુદાની કસમ ! **તે મો'મિન નથી.** અર્ઝ કરવામાં આવી કે કોણ ? યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ફર્માવ્યું કે તે માણસ કે જેનો પાડોશી તેની આફતોથી હિફાઝતમાં ન હોય. એટલે કે **જે પોતાના પાડોશીઓને તકલીફ આપે** છે. *(બુખારી, મુસ્લિમ)*

ફર્માવ્યું કે તે માણસ જન્નતમાં નહીં જાય જેનો પડોશી તેની આફતોથી અમનમાં નહીં હોય. *(મુસ્લિમ)*

ફર્માવ્યું કે જે માણસ અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખતો હોય તે પોતાના પાડોશી પર મહેરબાની કરે. *(હાકિમ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما કહે છે કે એક માણસે હુઝૂરની ખિદમતમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મને કેવી રીતે ખબર પડે કે મેં સારું કર્યું છે કે બુરું ? ફર્માવ્યું, **જ્યારે તમે તમારા પડોશીઓને એવું કહેતાં સાંભળો કે તમે સારું કર્યું છે, તો બેશક ! તમે સારું કર્યું છે, અને જ્યારે એવું કહેતાં સાંભળો કે તમે ખરાબ કર્યું છે તો બેશક ! તમે બુરું કર્યું છે.** *(ઈબ્ને માજા)*

જ્યારે આપણે મુસલમાન છીએ તો આપણે આપણા પડોશી સાથે ઈસ્લામી હુકમો પ્રમાણે વર્તાવ કરીશું તો ઝઘડાઓને બદલે જરૂર મહોબ્બતનું વાતાવરણ છવાય જશે.

## સ્ત્રીઓ ખાસ આ હદીષ ધ્યાનપૂર્વક વાંચે

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક માણસે અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ફલાણી ઓરત માટે કહેવાય છે કે તેણી નમાઝ, રોઝા અને વધારે પ્રમાણમાં સદકો કરે છે પરંતુ એક વાત એવી છે કે તેણી પોતાના પાડોશીઓને ઝબાનથી તકલીફ આપે છે. ફર્માવ્યું કે તે જહન્નમમાં છે. તેણે કહ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એમ કહેવાય છે કે ફલાણી ઓરત પાસે નમાઝ, રોઝા વગેરેની કમી છે (એટલે કે નફ્લ નમાઝ, રોઝા) તે પનીરના ટુકડાનો સદકો કરે છે અને જીભથી બોલીને પોતાના પાડોશીઓને તકલીફ આપતી નથી. ફર્માવ્યું કે તે જન્નતમાં છે. *(બયહકી, અહમદ)*

જેથી બહેનોએ પણ જોઈએ કે નાની નાની વાતોમાં કચ કચ ઝઘડા ઉભા ન કરે અને જહન્નમમાં પડવાથી બચે. વળી જ્યારે પડોશી સાથે સદ્વર્તાવનો આવો હુકમ છે તો ઘરના સભ્યો સાથે તો એથી વિશેષ સારો વર્તાવ કરવો અનિવાર્ય બને છે.

## ભાઈ, વડીલ તથા નાના–મોટાના હક્કો

વળી સમાજમાં ઘણેખરે અંશે ભાઈ ભાઈમાં, કુટુંબમાં કાકા મોટા સાથે અનબન ચાલ્યા કરતી હોય છે અને મિલ્કત સંબંધે તેમજ અન્ય બાબતે ઝઘડા થતા રહેતા હોય છે. પણ આપણે મુસલમાન છીએ તો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ નાં ફર્માનોને સમજીને રહીએ તો ભાઈ ભાઈ પર જાન કુર્બાન કરવા તત્પર રહેશે, પોતે કુટુંબીઓ માટે રાહતનો સામાન બનશે અને વડીલોના દિલનું સુકૂન બની જશે.

હઝરત સઈદ ઈબ્ને આસ رضی اللہ عنہ એ કહ્યું કે, હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે, **મોટાભાઈનો હક્ક નાના ભાઈ ભાઈ પર એવો છે જેવો કે બાપનો હક્ક બેટા પર.** *(બયહકી)*

સારાંશ કે નાનો ભાઈ મોટા ભાઈની બાપ જેટલી ઈજ્જત તથા કાળજી રાખે અને મોટો ભાઈ નાના ભાઈને પોતાના પુત્ર જેમ સમજી તેની લાગણી રાખે તો ભાઈ ભાઈમાં ઝઘડાને સ્થાન જ નથી રહેતું.

વળી હદીષે પાક છે :–

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે **જે અમારા નાનાઓ પર રહમ ન કરે, અમારા મોટાઓની ઈજ્જત ન કરે, નેકીનો હુકમ ન આપે અને બુરાઈથી મના ન કરે તે અમારામાંથી નથી.** *(તિર્મિઝી શરીફ)*

હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે, હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે, **કસમ છે તે જાતની જેની કુદરતના કબજામાં મારી જાન છે ! કે બંદો ત્યાં સુધી મો'મિન નથી થતો જ્યાં સુધી પોતાના ભાઈના માટે પણ તે જ પસંદ કરે જેને તે ખૂદ પોતાના માટે પસંદ કરે છે.** *(બુખારી, મુસ્લિમ)*

જો ખરેખર તમે રસૂલે પાક ﷺના ચાહનાર છો તો આ ફર્માનોને ગળે લગાડી દો તો ભાઈ ભાઈમાં તથા કુટુંબમાં કદી અનબન થશે નહીં. ઈન્શાઅલ્લાહ !

## અલ્લાહને રાજી કરવાના નુસ્ખા

રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું કે, જુવાન જો ઘરડા માણસની ઈજ્જત તેની ઉંમરના કારણે કરશે તો એના ઘડપણ વખતે અલ્લાહ તઆલા એવાને મુકર્રર કરશે જે એની ઈજ્જત કરશે. *(તિર્મિઝી)*

વધુમાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં જે બીજાની હાજત પૂરી કરી દે, જેનો મકસદ એને ખુશ કરવા માટેનો હોય તો એણે મને ખુશ કર્યો અને જેણે મને ખુશ કર્યો તેણે ખુદાને રાજી કર્યો અને જેણે અલ્લાહને ખુશ કર્યો અલ્લાહ એને જન્નતમાં દાખલ કરશે. *(બયહકી)*

કુર્આને પાકમાં છે : اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ "સર્વ મુસલમાન આપસમાં ભાઈ ભાઈ છે." અને હદીષે પાકમાં છે, "સર્વ મુસલમાન એક માણસની જેમ છે, જો એની આંખ બીમાર થઈ તો આખુ શરીર બીમાર થાય છે (ઢીલુ પડે છે) અને માથામાં બીમારી થઈ તો કુલ બીમાર છે." *(મુસ્લિમ)*

બીજી હદીષમાં છે :–

"એક મો'મિન બીજા મો'મિન માટે ઈમારતની જેમ છે કે એના અમુક ભાગ અમુક ભાગને શક્તિ પહોંચાડે છે. પછી હુઝૂર ﷺએ એક હાથની આંગળીઓ બીજા હાથની આંગળીઓમાં પરોવી એટલે કે જે રીતે આ મળેલી છે, એ રીતે મુસલમાનોએ રહેવું જોઈએ. *(બુખારી, મુસ્લિમ)*

મુસલમાન મુસલમાનનો ભાઈ છે, ન એના પર જુલ્મ કરો, ન એની મદદ છોડો અને **જે માણસ પોતાના ભાઈની હાજતમાં હોય અલ્લાહ એની હાજતમાં છે,** અને **જે માણસ મુસલમાનની કોઈ એક તકલીફ દૂર કરશે અલ્લાહ તઆલા કયામતની તકલીફોમાંથી એની એક તકલીફ દૂર કરશે.** અને **જે માણસ મુસલમાનની પર્દાપોશી કરશે અલ્લાહ તઆલા કયામતના દિવસે એની પર્દાપોશી કરશે.** *(બુખારી, મુસ્લિમ)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! મુસલમાનની મદદ કરવાનાં કેટલાં મોટાં ઈનામોનું એલાન રબ્બે કરીમ ﷺ ફર્માવી રહેલ છે, તો આપણે વેર ઝેર ઝઘડા બાજુ પર રાખી આપસમાં ઈમાનવાળાઓ સાથે સદ્વર્તાવથી રહેવું જોઈએ. જો આ વાતો પર અમલ થવા લાગે તો સમાજમાં અમ્નો શાંતિનો મેળ મહોબ્બતનો ખુશનુમા માહોલ પેદા થઈ શકે છે.

## સુલેહ કરાવવી સદકો છે !

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું કે, "માણસના શરીરમાં જેટલાં અંગો છે દરેક અંગના તરફથી માણસના માથે દરરોજ એક સદકો કરવો વાજિબ છે, એટલા માટે કે દરેક અંગ એક સંપૂર્ણ નેઅમત છે અને દરેક નેઅમત પર શુક્ર અદા કરવો વાજિબ છે." અને એક માણસના શરીરમાં ત્રણસો સાઈઠ અંગો છે જેથી રોજના ૩૬૦ સદકા વાજિબ છે. હવે રબ તઆલાએ સદકાને આસાન પણ એટલો જ કર્યો છે : બે માણસો વચ્ચે ઝઘડો અને ખટાશ હોય તેમને સમાધાન કરાવી દેવું પણ સદકો છે,

કોઈ મુસલમાન તરફ સ્મિત કરવું સદકો છે તથા મુસલમાનની વિવિધ નાની મોટી સહાય કરી આપવી સદકો છે, કોઈને રસ્તો પસાર કરાવી આપવો, કોઈના માથે સામાન ચઢાવવામાં મદદ કરવી......વગેરે સદકો છે.

હદીષે પાકમાં એ પણ છે કે, હુઝૂરે અક્દસ ﷺએ સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین ને સંબોધતાં ફર્માવ્યું કે, શું હું તમને તે ચીજ ન બતાવું જે (નફલ) **નમાઝ, રોઝા તથા સદકા કરતાંય અફઝલ છે ?** પછી ફર્માવ્યું, **"તે એ છે કે લોકોની દરમ્યાન સુલહ કરાવવી."** *(અબૂ દાઊદ)* તો આપણે જોઈએ કે મુસલમાનોમાં આપસમાં ઝઘડો હોય તો ગમે તે રીતે સમાધાન કરાવવું જોઈએ.

## ગાળાગાળી તથા જુલમ કરવાથી બચો

રસૂલે પાક ﷺએ મુનાફિકની ત્રણ નિશાનીઓ દર્શાવી : "વાત કરે તો જૂઠ બોલે, વાયદો કરે તો વાયદા ખિલાફી કરે અને ઝઘડો કરે ત્યારે ગાળો બોલે." બીજી જગાએ હદીષે પાકમાં છે કે મુસલમાનને ગાળ આપવી ફિસ્ક તથા ગુનો છે. *(બુખારી તથા મુસ્લિમ)*

તથા જુલ્મ વિશે ફર્માવ્યું કે, "જુલ્મ કયામતના દિવસે અંધકાર હશે. હુઝૂર ﷺએ વધુમાં ફર્માવ્યું, "જે શખ્સ એક વેંત બરાબર જમીન જુલ્મ વડે મેળવી લે છે તેના ગળામાં અલ્લાહ તઆલા સાતેવ જમીનોનો હાર (તોક) નાખશે.

જેથી મુસલમાનોએ જોઈએ કે જીભની હિફાઝત કરે તથા કોઈના પર જુલ્મ કરવાથી બચે, કોઈની સાથે નાઈન્સાફી થઈ ગઈ હોય તો તેને તેનો હક્ક પહોંચાડી આપે અને પછી તેની માફી માંગી લઈ પોતાની આખેરતને સંવારી લે.

સારાંશ કે માણસે જોઈએ કે આપસી માહોલ શાંતિમય તથા પ્રેમાળ બનાવી રાખવા માટે સબ્રથી કામ લે અને હુસ્ને અખ્લાક (સદ્વર્તાવ)થી જીવન જીવે.

## હુસ્ને અખ્લાકની ફઝીલત

અંતમાં હુસ્ને અખ્લાક વિશે સરકારે દો આલમ ﷺનાં થોડાંક ફર્માનો જોઈ લો :–

★ "તમારામાં સૌથી સારો તે છે જેના અખ્લાક, સૌથી સારા હોય." *(બુખારી શરીફ, ૧/૫૦૩)*

★ "બેશક ! તમારામાં તે શખ્સ મારી નજીક અધિક પ્યારો બનશે જે તમારામાં અખ્લાકના એતબારથી સૌથી સારો હોય." *(બુખારી શરીફ, ૧/૫૩૧)*

★ તમે હુસ્ને અખ્લાક (સદ્વર્તાવ)ને અનિવાર્યપણે પકડી લો એટલા માટે કે હુસ્ને અખ્લાક જરૂર જન્નતમાં જશે, અને બુરા અખ્લાકથી બચો એટલા માટે કે બદ્અખ્લાકી જરૂર જહન્નમમાં જશે. એટલે કે હુસ્ને અખ્લાકવાળો જરૂર જન્નતમાં જશે અને બદ્અખ્લાકવાળો જરૂર જહન્નમમાં જશે.

★ કેટલીકવાર માણસ હુસ્ને અખ્લાકના કારણે રાત્રે જાગી ઈબાદત કરનાર તથા દિવસે પાબંદીથી રોઝા રાખનારના દરજ્જે પહોંચી જાય છે. *(સુનને અબૂ દાઊદ)*

★ બેશક ! દરેક દીનનો એક ખાસ ખુલ્ક (આદત) હોય છે અને ઈસ્લામનો ખાસ ખુલ્ક "હયા" (શરમ) છે, જેથી બેશરમ થવું બદ્અખ્લાકી છે.

★ કોઈ ચીજ મો'મિનના મીઝાને અમલમાં કયામતના દિવસે સારા અખ્લાકથી વધુ વજનદાર નથી અને બેશક ! અલ્લાહ તઆલા કટુવાણીવાળાને પસંદ નથી કરતો અને જે બેહુદા બકવાસ કરનારો છે." *(તિર્મિઝી)*

આ સિવાય અસંખ્ય હદીષો સદ્વર્તાવ વિશે છે, તેમજ હુઝૂરે અન્વર ﷺએ પોતાના જીવનમાં સદાય સદ્વર્તાવનું પ્રદર્શન કર્યું છે. ફતહે મક્કાના પ્રસંગે જીવનભર આપને સતાવનાર, આપના લોહીના તરસ્યા તથા આપના જાની દુશ્મનોને પણ નબી કરીમ ﷺએ માફ કરી આપ્યા હતા. એવા હુસ્ને અખ્લાકનું દષ્ટાંત પૂરુ પાડવા દુનિયા લાચાર છે. જો આપણે આશિકે રસૂલ છીએ તો આપણે પણ હુસ્ને અખ્લાકવાળી જીવન પદ્ધતિ અપનાવવી જોઈએ.

અને સાચે જ જગતભરમાં આ નિયમો પર અમલ થાય તો જગતભરમાં અમ્નો શાંતિનું સામ્રાજ્ય સ્થાપી શકાય છે.

# ઈસ્લામી તલબામાં
## રચનાત્મકવૃત્તિ કેવી રીતે પેદા કરવામાં આવે ?

★ અઝ ★
**અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી**
*(બાની દારુલ કલમ–દિલ્હી)*

★ અનુવાદક ★
**મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી**
*(સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સામાન્ય રીતે ઈસ્લામી મદરસાઓ તથા મક્તબોની સ્થાપ્ના આમ મુસ્લિમોની સહાય તથા મદદ દ્વારા જ થાય છે અને તેમની આર્થિક મદદ દ્વારા જ તેનું સંચાલન પણ ચાલે છે. તે મદરસાઓમાંથી ફારિગ થનાર ઉલમા સમાજની ધાર્મિક આગેવાની કરે છે તથા ઈસ્લામી તેહઝીબ (સંસ્કૃતિ) સાથે મુસ્લિમ પ્રજાને જોડી રાખવામાં આ આલિમોનો કેન્દ્રિય રોલ રહે છે, ત્યાં સુધી કે આપણા હિંદુસ્તાનની અંદર ઉર્દૂ ભાષાની સુરક્ષા તથા તેના અસ્તિત્વને બાકી રાખવામાં આ ઉલમા તથા દીની મદરસાઓનું જ એક મહત્વનું યોગદાન રહ્યું છે. મદરસાઓ દીન તથા મઝહબની સુરક્ષા માટેના મજબૂત કિલ્લા છે એ ઉપરાંત પણ મદરસાઓ દ્વારા લોકોની કેટલીયે પાયાની જરૂરતો પૂરી થાય છે. જેથી મદરસાઓનું સંચાલન ચાહે વ્યવસ્થા બાબતે હોય કે દર્સ તથા તા'લીમ બાબતે હોય અતિ ઉચ્ચ હોવું સખત જરૂરી છે. અને મદરસાઓના તા'લીમી સંચાલન અંગે તેનો નિસાબે તા'લીમ (કોર્સ) યોગ્યતાવાળો તથા લાભદાયક જેટલો વધારે હશે એટલી જ માત્રામાં સારા તલબાની પેદાવાર પણ જોવા મળશે. એટલા માટે જ નિસાબે તા'લીમ (કોર્સ) બાબતે દરેક યુગમાં તે યુગની જરૂરત મુજબ ફેરફારો થતા રહ્યા છે. જેમ કે આજથી સો વરસો પહેલાં જે કોર્સ દર્સે નિઝામીમાં હતો, આજે તેના અંદર કેટલાયે ફેરફારો થઈ ગયા છે. જેનું ઉદાહરણ જોવું હોય તો અલ્ જામિઅતુલ્ અશરફિયા–મુબારકપુરનો વર્તમાન નિસાબે તા'લીમ (કોર્સ) જુઓ જે હિંદુસ્તાનના લગભગ મદરસાઓમાં કોર્સરૂપે ચાલી રહ્યો છે.

મદરસાઓના તલબામાં માયૂસી તથા શિથિલતા કેમ જોવા મળે છે ? તેના જવાબમાં અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી સાહબે જણાવ્યું કે મદરસાઓથી ફારિગ થનાર તલબા અથવા મદરસાઓમાં તા'લીમ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓ લગભગ ન તો નિરાશ થાય છે અને ન તો તેઓ વ્યાકૂળતાના શિકાર બને છે, કેમ કે દીની દષ્ટિએ તેઓ સો ટકા પોતાના ભવિષ્યથી સંતુષ્ઠ હોય છે, અને દુનિયાવી દષ્ટિએ જ્યાં સુધી રોજી રોટીની સમસ્યા છે તો આ સમસ્યા માત્ર તેમની સાથે જ વિશેષ નથી બલ્કે દુનિયવી તા'લીમથી સુસજ્જ કેટલાયે વિદ્યાર્થીઓ કરતાં તેઓ આ સમસ્યામાં મહદ અંશે સુખી હોય છે. દીની ખિદમતો તથા ધાર્મિક સેવાઓના સદકા વ તુફૈલમાં તેમના (દીની તલ્બાના) કેટલાયે દુનિયવી મામલાઓ સરળ થઈ જાય છે. ઉસ્તાઝુલ ઉલમા, જલાલતુલ્ ઈલ્મ સરકાર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ પોતાના શાગિર્દોને નસીહત કરતાં ફર્માવતા હતા કે :–

"દીનની ખિદમત કરતા રહો, તેના સદકામાં તમારી દુનિયા આપોઆપ બની જશે."

અલ્લાહ તઆલાનો ફઝ્લ છે કે બી.એ., એમ.એ. કરનાર તલબા કરતાં મદરસાના તલબાનું ભવિષ્ય અધિક સુરક્ષિત છે જેનું પરિણામ હિંદુસ્તાનના કોઈપણ રાજ્યમાં સર્વે કરાવીને કાઢી શકાય છે. હવે રહી વાત એ કે મદરસાના કેટલાયે વિદ્યાર્થીઓ દુનિયાની કેટલીયે આધુનિક વસ્તુઓથી અજાણ તથા બેખબર હોય છે. તો આ બાબતના ઉકેલમાં તેમને માર્ગદર્શન આપી જરૂરી માલૂમાત પહોંચાડવી જોઈએ તથા નવા માધ્યમોની વ્યવસ્થા કરવી જોઈએ, ન કે આ બાબતને ઉછાડીને મદરસાઓ તથા તેમના તલબાને બદ્નામ કરવા જોઈએ. આ બાબતને મુદ્દો બનાવનાર લોકોએ એ હકીકત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે દુનિયવી શિક્ષણ કેન્દ્રોથી જોડાયેલા લાખો મુસ્લિમ વિદ્યાર્થીઓ દીનની

બેઝીક (પાયારૂપી) જરૂરતોથી પણ અજાણ તથા અજ્ઞાન હોય છે અને આ (હકીકત) દુનિયાની અમુક વસ્તુઓથી અજ્ઞાન રહેવા કરતાં પણ વધારે ખતરનાક તથા ભયંકર છે. ન્યાયની વાત એ છે કે દરેક મુસ્લિમ વિદ્યાર્થીઓએ દીન તથા દુનિયાની એ તમામ જરૂરતોથી આવશ્યક્તા અનુસાર માહિતગાર રહેવું જોઈએ જે જરૂરી વાતો તથા વસ્તુઓ સાથે આજે અને ભવિષ્યમાં તેમનો ભેટો થવાનો છે. અત્યારે કેટલાયે વરસોથી વિશેષરૂપે યુ.પી., બિહાર જેવા રાજ્યોમાં જે એક લહેર તથા ઉમંગ પેદા થઈ છે તે ઈસ્લામિક વિદ્યાર્થીઓના જોશ તથા ઉત્સાહ અને સફળ ભવિષ્યની ખબર આપે છે, અને મદરસાઓમાં પણ ઝડપથી અસરકારક ફેરફારો જોવા મળે છે.

થોડીક કમીઓ તથા ખામીઓ ક્યાં નથી હોતી ?! જેને ઉછાડવાની નહીં પરંતુ તેની ઈસ્લાહ તથા સુધારવાની કોશિશ કરવી જોઈએ. મદરસાના તલબામાં રચનાત્મક વિચારસરણી તથા રચનાત્મકવૃત્તિ પેદા કરવા માટે સૌ પ્રથમ તો મદરસાઓના વ્યવસ્થાપકો તથા સંચાલકોએ પોતાના "જાગીરદારાના સ્વભાવ"ને બદલવો પડશે. આ ઉપરાંત તલબામાં રચનાત્મક વિચારસરણી તથા રચનાત્મક વૃત્તિ પેદા કરવા માટે ન કેવળ વ્યવસ્થા બદલવી પડશે બલ્કે દર્સો તદરીસની (દર્સ આપવાની) પદ્ધતિ તથા સમજવા તથા સમજાવવાના ઢંગમાં પણ ફેરફારો કરવા પડશે. **એવા મુદર્રિસોને સ્થાન આપવું પડશે જેઓ તાલિબે ઈલ્મની માનસિકતાને સમજતા હોય તથા તેમની માનસિક ક્ષમતા અનુસાર તા'લીમ આપવાની ક્ષમતા ધરાવતા હોય, જે મદરસાઓનું સંચાલન તથા દર્સો તદરીસ અંગેની વ્યવસ્થા બાશઊર (હોશિયાર) તથા ખુદા તરસ (અલ્લાહથી ડરનાર) લોકોના હાથમાં હશે તો તે મદરસાના તલબાની વિચારશૈલી પણ સકારાત્મક તથા સર્વ વ્યાપી અને તેમનો મિજાઝ પણ ક઼ૌમ તથા મિલ્લત માટે તા'મીરી (રચનાત્મક) બનશે.**

આ અંગે સંચાલકો તથા વ્યવસ્થાપકો સમક્ષ ફાયદાકારક સલાહો તથા સૂચનો રજૂ કરવામાં આવે, અને તેની ઉપર અમલ કરવાની તાકીદ કરવામાં આવે. દર્સો તદરીસની સાથે સાથે તર્બિયત તરફ પણ ધ્યાન આપવામાં આવે. મુદર્રિસો ક઼ાનૂન તથા સમય વગેરેની પાબંદી કરે અને થોડા થોડા સમયે તલબા સામે એવી વાતો તથા હિદાયતો કરવામાં આવે જેથી તેમની ચિંતન શક્તિ તથા બુદ્ધિનું નિર્માણ થતુ રહે. નક્કી કરેલ કોર્સ સિવાય બહારની અન્ય વાતો પણ તલબાને બતાવતા રહે. દરેક મદરસામાં એક લાયબ્રેરી હોવી આવશ્યક છે જેમાં દરેક વિષયની નહીં તો મહત્વની કિતાબો ઉપસ્થિત હોય જેના દ્વારા ઉસ્તાદો તથા તલબા ફાયદો ઉઠાવતા રહે. તલબાનું મૂળ ધ્યાન તો દર્સી કિતાબો તરફ જ હોવું જોઈએ, પરંતુ કમસે કમ દિવસમાં એક કલાક દર્સ સિવાયની ફાયદાકારક કિતાબો તથા માસિકો, મેગેઝિનોનો પણ અભ્યાસ કરતા રહેવું જોઈએ. આ ઉપરાંત અગત્યની વાત એ છે કે ઉસ્તાદો પોતાના ઈલ્મ તથા અખ્લાક઼ તેમજ પોતાની વિચારસરણી તથા દષ્ટિની સાથે પોતાને તલબાઓ સમક્ષ એક આઈડિલ (આદર્શ) રૂપે રજૂ કરે જેથી તલબા તેમને જોઈને તેમનાથી લાભ ઉઠાવીને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ કરી શકે તથા દીનો દુનિયાની જરૂરી માલૂમાતથી પોતાને સુસજ્જ કરી શકે.

તલબાની ભીડમાં જાહેર છે કે દરેક તાલિબે ઈલ્મ ક઼ાઈદ (લીડર) તથા માર્ગદર્શક નથી બની શકતો, અમુક જ તલબા એવા હોય છે જે નેતૃત્વ તથા સાચી રહનુમાઈ કરવાની ક્ષમતા ધરાવતા હોય છે. સચ્ચાઈ પણ એ જ છે કે સંગિન પરિસ્થિતિઓમાં તથા મહત્વના અવસરો ઉપર ક઼ૌમને જ્યારે જ્યારે પણ નેતૃત્વની જરૂરત પડી છે તો મદરસાના આલિમોએ જ ક઼યાદત (નેતૃત્વ) તથા રહનુમાઈની ફરજો અંજામ આપી છે. વીસમી સદીમાં હિંદુસ્તાનની અંદર ઉઠનાર આંદોલન તથા પ્રસ્તાવોનો જો અભ્યાસ કરવામાં આવે તો આ હક઼ીકત પ્રકાશિત દિવસની જેમ સ્પષ્ટ થઈ જશે.

ઉલમાથી એ જ આશા રાખવી તથા તેમની સામે જ દરેક પ્રકારના પ્રસ્તાવો કરવા કે તેઓ જ બધું કરે, તો આ તેમની સાથે જબરદસ્તી તથા જુલ્મ છે. આજે દુનિયાના દરેક વર્ગ તથા વિભાગમાં એટલી ચિત્ર વિચિત્રતા તથા આધુનિક્તા આવી ગઈ છે કે જીવનના કોઈ એક વિભાગને સમેટીને તેને ક઼ાબૂમાં રાખવું ઘણુ મુશ્કેલ છે. આવી પરિસ્થિતિઓમાં ઉલમાથી જ એ આગ્રહ રાખવો કે દરેક વિભાગ તથા મેદાનની આગેવાની તથા ઈમામત ઉલમા જ કરે તે એક એવી

ઈચ્છા છે જેને અમલમાં લાવવા માટેનાં ચિન્હો દૂર દૂર સુધી દેખાતાં નથી. નિશ્ચિત રીતે મદરસાના તલ્બા દરેક વિભાગની કયાદત તથા ઈમામત કરી શકે છે પરંતુ એ સ્થિતિમાં કે જ્યારે તેમની સામે મદરસાઓની તા'લીમ તથા તેના હેતુઓ સ્પષ્ટ રીતે મૌજૂદ હોય, તલબાને પોતાની પ્રાપ્ત કરેલ તા'લીમની હક્કાનિયત તથા સભ્યતા ઉપર પૂરેપૂરો વિશ્વાસ હોય, તલબાને આ તા'લીમ આધુનિક જરૂરતો સાથે સંબંધિત કરીને આપવામાં આવી હોય, મકસદો તથા હેતુઓના લેહાઝથી તેઓને એ રીતે તૈયાર કરવામાં આવ્યા હોય કે દરેક પ્રકારના મેદાને અમલમાં મજબૂતી તથા અડગતાની સાથે પોતાના કદમ જમાવી શકે અને તેમને પેટની આગ સતાવતી ન હોય. અને સૌથી મહત્વની વાત એ કે જ્યારે અમલના મેદાનમાં તલબા ઉતરે તો પોતાની તમામ જિમ્મેદારીઓ ખુલૂસ તથા લિલ્લાહિયત (નિખાલસતા)ના જઝબાથી ભરપૂર થઈને, દોષ ગુણોની પરખ તથા હિકમતે નબવીના આધારે નિભાવે, તો આ તલબા કૌમની સાચી રહનુમાઈ તથા તેનુ સાચુ નેતૃત્વ કરી શકે છે.

મદરસાના તલબાની ફિક્હી તથા બૌદ્ધિક વિકાસની એક રીત એ પણ હોય છે કે અલગ અલગ વિષયોના નિષ્ણાતો તથા વિદ્વાનો જેઓ દીની તથા ફિક્રી મિજાઝ (ચિંતનમય દિમાગ) ધરાવતા હોય તેવા મુફક્કિરો (ચિંતકો)ને આમંત્રણ આપી થોડા થોડા સમયે તલબા સમક્ષ તેમની તકરીર તથા પ્રવચનો કરાવવામાં આવે. એક રીત એ પણ હોય શકે છે કે સામાન્ય જ્ઞાન (જનરલ નોલેજ) અથવા કોર્સ સંબંધિત કોઈ વિશેષ ફન (ઈલ્મ, વિષય) જેમકે નહ્વ, સરફ, ફિકહ, અરબી અદબ, ફારસી અદબ .... વગેરે જેવા અગત્યના વિષયો પર આધારિત જિલ્લા ક્ષેત્રે અથવા રાજ્ય ક્ષેત્રે મદરસાઓના તલબાની હરીફાઈ અથવા પરીક્ષાઓ આયોજિત કરવામાં આવે, અને સારા નંબરો પ્રાપ્ત કરનાર તાલિબે ઈલ્મને વિશેષ ઈનામથી નવાઝવામાં આવે, આ કામ દરેક મદરસાઓ પોત પોતાની રીતે પણ કેવળ પોતાના તલબા દરમિયાન પણ કરી શકે છે અને કરવું જ જોઈએ.

મદરસાઓના નિસાબે તા'લીમ (કોર્સ) અંગે એ હકીકત ક્યારે પણ અદશ્ય ન થવી જોઈએ કે કુર્આન, હદીષ, ફિકહે ઈસ્લામી, અરબી સાહિત્ય પોતાના નિયમોની સાથે તેને ડિસ્ટર્બ કરવામાં ન આવે. આ બધા એવા વિષયો છે જે દર્સે નિઝામી (આલિમિયત)ની જાન છે, જેમાં કમી અથવા ફેરફાર કરવાનો મતલબ એ થશે કે મદરસાઓનો મૂળ હેતુ જ સમાપ્ત થઈ જાય. એટલા માટે નિસાબમાં આ વિષયોને વિદ્યાઓને તો કોઈપણ સંજોગોમાં યથાવત રાખવા અતિ અનિવાર્ય છે, ત્યારબાદ અન્ય વિષયો તથા વિદ્યાઓને અને ભાષાઓને જરૂરત અનુસાર કોર્સમાં સામેલ કરી શકાય છે.

મદરસાઓના ઉસ્તાદો તથા મુદર્રિસો, સંચાલકો, વ્યવસ્થાપકો તથા સહાયકર્તાઓ દરેકની એ જ ઈચ્છા તથા તમન્ના હોય છે કે આપણા મદરસાના તલબા વધુથી વધુ ઈલ્મ તથા વિદ્યાઓ પ્રાપ્ત કરી સારા તથા ઉચ્ચ કોટીના આલિમ બને અને આપણી દીની તથા સામાજિક રહનુમાઈ કરે. એટલા માટે તલબાની પણ એ જવાબદારી બને છે કે તેઓ પોતાનો કિંમતી સમય તા'લીમમાં વ્યસ્ત કરે અને પોતાની અંદર દીની તથા ઈલ્મી જાગૃતિ પેદા કરે તથા પોતાના અભ્યાસને વધુથી વધુ વિસ્તૃત બનાવવાની કોશિશ કરે. તેઓ આ મદરસાઓથી ઈસ્લામના દાઈ તથા પ્રતિનિધિ બનીને નીકળે જે ઈસ્લામ દીન તથા દુનિયાનો પવિત્ર સંગમ છે એટલા માટે તેમની વિચારશૈલી સીમિત નહીં બલ્કે અસીમિત વિશ્વવ્યાપી હોવી જોઈએ. આ નૌજવાન તલબા કૌમ તથા ધર્મની આશાઓનું કેન્દ્ર હોય છે, આ જ તલબા ભવિષ્યના નિર્માણકર્તા હોય છે. તેમના જ હાથમાં ધર્મ તથા દેશની લગામ હોય છે એટલા માટે તેમણે દરેક સ્થિતિમાં બાશઉર (હોશિયાર) ક્ષમતાવાળા, દૂરંદેશ તથા આત્મવિશ્વાસથી ભરપૂર હોવું જોઈએ, આ વિશિષ્ટતાઓ ધરાવતા તલબા પોતાનું ભવિષ્ય પોતે બનાવી લે છે, તે કોઈના ઉપર બોજ નથી હોતા બલ્કે બીજાનો બોજ ઉઠાવનાર હોય છે. તેઓ તંગદિલ તથા સંકૂચિત દષ્ટિવાળા નથી હોતા બલ્કે ઉદાર દિલ તથા ઉચ્ચ તથા વિશાળ દષ્ટિના માલિક હોય છે અને તેમની ઉચ્ચ વિચારશૈલી તથા ઉત્તમ દષ્ટિ વાદળોના અંદર છુપાયેલ પોતાના ભવિષ્યના સૂરજને નિહારી લે છે.

***ઉકાબી રૂહ જબ બેદાર હોતી હૈ જવાનોં મેં***
***નઝર આતી હૈ ઉનકો અપની મંઝિલ આસ્માનોં મેં***

## બરકાતે ખ્વાજાની ટપાલ...... કાર્યાલય

### ★ ભાવનગરમાં સુન્ની ઈજતેમા યોજાયો ★

તા. ૧૩–૧૪ ફેબ્રુ. ૨૦૧૦ શનિ–રવિ બે દિવસ માટે આલમી તેહરીક ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા કામયાબી સાથે યોજાઈ ગયો. પ્રથમ દિવસે ૩ વાગ્યાથી ઈશા સુધી બહેનો માટેના ઈજતેમામાં મુબલ્લિગો જનાબ હાફેઝ અબ્દુર્રહીમ તથા હઝરત મૌલાના સૈયદ અમીનુદ્દીન માલેગાંવી તથા અલ્હાજ કારી રિઝાવન સાહબ વગેરે નઅત, મન્કબત, બયાન, દુઆ તથા જરૂરી મસાઈલ વગેરે રજૂ કરી ઔરતોની ઈસ્લાહ માટે ઈમાન અફરોઝ અસરકારક રજૂઆતો કરી હતી. બીજા દિવસે મર્દો માટેનો ઈજતેમા બપોરના ૩ વાગ્યાથી રાતના સાડા દસ સુધીના અરસામાં મકામી ઉલમા ઉપરાંત ઉપરોક્ત મુબલ્લિગોએ મર્દોની દીની તર્બિયત કરતા પ્રોગ્રામો રજૂ કર્યા. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવીએ નબી કરીમ ﷺના હુસ્ને અખ્લાક પર અતિ અસરકારક બયાન કરી મજમાને ફૈઝયાબ કર્યો હતો. અંતમાં ઝિક્ર દુઆ સલાતો સલામ બાદ ઘણા લોકો હઝરત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીથી બયઅત થઈ કાદરી રઝવી સિલસિલામાં દાખલ થયા હતા. અંતમાં સૌ હાજરજનોને ન્યાઝ જમાડવામાં આવી હતી.

### ★ દારુલ ઉલૂમ ગુલશને અજમેરમાં દસ્તારબંદી ★

ભરૂચ મુકામે દારુલ ઉલૂમ ગુલશને અજમેર ખાતે હઝરત બાવા રયહાન رحمۃ اللہ علیہ દરગાહ પાસે જનાબ હાફિઝ ઈબ્રાહીમ કાપોદ્રવીની સદારતમાં તા. ૨૨–૨–૨૦૧૦ના રોજ હાફિઝ થનાર ૧૩ તલબાની દસ્તારબંદીનો શાનદાર પ્રોગ્રામ થયો હતો જેમાં હઝરત મૌલાના હબીબુલ્લાહ વસોવાળા સાહબે મીલાદે પાક સંબંધે મુદલ્લલ બયાન કર્યું હતું, સાથોસાથ શાને આ'લા હઝરત પણ ઉજાગર કરી હતી. ઉપરાંત શરૂમાં મક્તબના નાના નાના તલબા–તાલિબાતે નઅત, બયાન, મુકાલેમા રજૂ કરી અવામને ખુશ કરી આપ્યા હતા. નિઝામત હઝરત મૌલાના કલીમુલ્લાહ નિઝામી (સુદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ ગુલશને અજમેર)એ સુંદર રીતે સંભાળી હતી.

**શેરપુરા :** વસીમ વીલા–શેરપૂરા બાયપાસ રોડ, પેટ્રોલ પંપની બાજુમાં ''મસ્જિદે ઈમામ અહમદ રઝા''નું શાનદાર બાંધકામ પૂર્ણ થતાં તા. ૪–૩–૨૦૧૦ના રોજ પીરે તરીકત શેરે સૌરાષ્ટ્ર હઝરત અલ્લામા મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (ખલીફા તાજુશ્શરીઅહ) તથા અન્ય સાદાતે કિરામ, ઉલમાએ ઝીશાનના મુબારક હાથોએ જશ્ને ઈફતેતાહનો શાનદાર જશ્ન મનાવાયો. અસર બાદ હઝરતે વલવલા અંગેઝ બયાન ફર્માવ્યું. મગરિબની નમાઝ હઝરત સૈયદ સલીમબાવાએ પઢાવી અંતમાં સલાતો સલામ દુઆ બાદ સૌ હાજરજનોને આમ ન્યાઝ જમાડવામાં આવી હતી. મસ્જિદનું કામકાજ પૂર્ણ કરવામાં હજી મોટો કરજાનો બોજ ઉભો રહી ગયેલો છે તો જેમણે પોતાના મર્હૂમોને કબરોમાં આરામ પહોંચાડવો હોય તેઓ જરૂરથી મસ્જિદને મદદ કરે એવી વિનંતિ. (સંપર્ક કરો : રફીકભાઈ પટેલ, મો. ૯૪૨૬૮ ૯૪૬૪૭, તથા પટેલ શબ્બીર અલી રઝવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

### ★ દીવમાં જશ્ને રઝા મનાવાયો ★

૨૫ સફરના રોજ ''રઝાએ મુસ્તફા કમિટી–દીવ'' થકી તકીયા મસ્જિદ સીદી કોલોની પાસે ઘણા જ શાનો શૌકતથી ''જશ્ને રઝા'' મનાવાયો જેમાં શયખુલ હદીષ હઝરત અલ્લામા મૌલાના શોએબઅલી (લુણી શરીફ) સાહબે ''મસ્લકે આ'લા હઝરતની જરૂરત શા માટે ?'' એ વિષય પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

*(રજૂકર્તા : અબ્દુલ્લાહભાઈ–દીવ)*

**વાગરા :** ફૈઝે નૂરાની જલ્સા કમિટી થકી રબીઉલ અવ્વલ શરીફના ચાંદ ૧ થી ૧૫ સુધી રોજ રાત્રે કુર્આન–ખ્વાની અને મેહફિલે મીલાદનું આયોજન કરવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં પબ્લિક હાજર રહી ફૈઝયાબ થઈ હતી. *(–રજૂકર્તા : મુહમ્મદ હનીફ રાજ)*

**જાંબિઆ :** લુસાકાથી અમારા મુહિબ્બ વડીલ જનાબ યુસુફભાઈ રાવલ્યા જામનગરી લખી જણાવે છે અહીં ફેબ્રુ. ૨૦૧૦માં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી તશરીફ લાવ્યા હતા. જનાબ અબ્દુલ્લાહભાઈ મીમ સેગવાવાળાને ત્યાં કયામ હતો. ત્રણ મર્દોના ત્રણ ઔરતોના શાનદાર ઈજતેમા થયા હતા. દયાદરા થતા અન્ય ગામના યુવાનો વડીલોએ અનેરો ઉત્સાહ દર્શાવ્યો હતો.

### ★ શાદી મુબારક ! ★

**ઝંઘાર :** (જિ. ભરૂચ) જનાબ મૌલાના મૂસા સુલેમાન

મંત્રીના નેક ફરઝંદ હાફેઝ મક઼બૂલ હુસૈનની શાદી કંબોલીના જનાબ હાજી મુહમ્મદ મતાદારની નેક દુખ્તર શમીમબાનુ સાથે કંબોલી મુકામે તા ૧૪–૨–૨૦૧૦ના રોજ રાખવામાં આવી. આ મુબારક અવસર નિમિત્તે તા. ૧૧–૨–૨૦૧૦ના રોજ ઈશા બાદ ઝંઘારમાં ''મેહફિલે સમાએ નઅત''નો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સૈયદ અહમદ રઝા સાહબે (મુંબઈ) પોતાના અનોખા અંદાઝમાં નઅત–મન્ક઼બતો પેશ કરી હતી.

### ★ ઈન્તેકાલપુરમલાલ ! ★

**દયાદરા** : તા. ૧૦–૩–૨૦૧૦ના રોજ મેહમૂદા અ. મજીદ અહમદ વલી કીડીવાળાનો અચાનક બીમાર થતાં ઈન્તેક઼ાલ થયો છે.

**સીતપોણ** : મુક઼ામે અમારા મિત્ર બાબુભાઈ નેરીવાળા (બોલ્ટન)ના વાલિદ સાહબ હાજી આદમ મૂસા નેરીવાળાનો તા. ૧૧–૩–૨૦૧૦ના રોજ લાંબી માંદગી બાદ ઈન્તેકાલ થયો છે. મર્હૂમ નેક સુન્ની, હઝરત નૂરાનીબાવા પેટલાદવાળાના મુરીદ હતા. તેમના સવાબ અર્થે રૂા. ૫૦૦૦/– બાબુભાઈ તરફથી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને મળ્યા છે.

**ગોંડલ** : મુક઼ામે જનાબ હાજી મુહમ્મદ સુલેમાન જે. ઈસાણી (પ્રમુખ : સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલ)ના મોટાભાઈ જેઓ સુમો સલાતના પાબંદ, સુમરા સમાજના અજોડ ખાદિમ, પ્રમાણિક વેપારી હતા જેમનો ઈન્તેકાલ તા. ૭–૧૦–૨૦૧૦ના રોજ ૭૬ વર્ષની વયે થયો છે.

**મોટીખાવડી** : જિ. જામનગરથી કાચવાલા ઈમ્તિયાઝ એચ. તરફથી હજીયાણી હમીદાબાઈ હાજી હનીફભાઈ ચામડીયાનો ઈન્તેકાલ તા. ૧૦–૨–૨૦૧૦ના રોજ થયો હતો તે મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૧૦૦/– લિલ્લાહ મળ્યા છે.

**વલણ** : જનાબ હાજી રૂસ્તમભાઈ વક઼ા (વલણ) તરફથી તેમનાં વાલિદા મર્હૂમા બીબીબેનના ઈસાલે સવાબ અર્થે રૂા. ૩૦૦૦/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને મળ્યા છે.

રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમ મોમિનોની મગફેરત ફર્માવે તથા જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરાવી સર્વ મર્હૂમો માટે દુઆ ગુજારાઈ હતી. *–તંત્રી*

### લેખ હરીફ઼ાઈમાં ભાગ લેશો !

વિષય : **એલાને હક્ક઼ સંબંધે બુઝુર્ગોનો કિરદાર અને આપણે**

દારુલ ઉલૂમના તલબાને વિનંતિ કે મહેરબાની કરીને **તા. ૧૦–૪–૨૦૧૦** સુધી આ સંબંધે લેખ મોકલી આપશો. ઉસ્તાઝોને વિનંતિ કે તલબાને માર્ગદર્શન કરીને લેખ લખાવે. અલ્લાહ તઆલા જઝાએ ખૈર આપે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## કિતાબો મંગાવો

(કિતાબ) : **સ્વપ્નની તા'બીર**

*(પેજીસ : ૧૬૮, કિંમત : રૂા. ૫૦/–)*

**અઝ** : હાફિઝુલ હદીષ હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીં رحمۃ اللہ علیہ **અનુવાદક** : ફરજાના સાજિદ પટેલ–દયાદરા

પ્રકાશક : રઝવી કિતાબ ઘર,
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦,
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

સ્વપ્ન વિશે સંપૂર્ણ માહિતી સાથે વિવિધ સ્વપ્નોની તા'બીર જાણવા માટે સ્ટાન્ડર્ડ કક્ષાની આ કિતાબ જાણકારી માટે એક ઉમદા પ્રકાશન છે, જરૂરથી મંગાવશો.

### અલ્ વઝીફ઼તુલ કરીમા
### (તથા મસ્નૂન–મક઼બૂલ દુઆઓ)

(પેજીસ :૧૧૨, હદિયો : રૂા. ૧૫/–)

પ્રકાશક : **અબ્દુલગની મિયાં અહમદ રાજેભાઈ**

સરનામુ : ૫/૨૦૨૫, આસિફ સોસાયટી,
પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર,
મો. ૯૯૨૪૭૮૦૧૯૧

### કાળા મુસલમાન

*(પેજીસ : ૧૦૪, કિંમત રૂા. ૪૦/–)*

સંપાદક : **મર્હૂમ હાજી અબ્દુલગફ્ફાર ચોલા**

પ્રકાશક : મુહમ્મદ અમીન એ. ચોલા નૂરી
ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ,
જામનગર–૩૬૧ ૦૦૧,
મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

### રૂા. ૫/-ની ટપાલ ટિકીટ મોકલી મંગાવો

(કિતાબ) **ઈલ્મે દીન** (ભાગ–૫)

(પેજીસ : ૪૮, પ્રકાશન નં. ૫૧)

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની, ક્વાટર્સ, નં. ૯૧/ડી, મુ. **હાપા**,
પિન. ૩૬૧૧૨૦, જિ. જામનગર,
મો. ૯૩૨૮૦ ૮૮૩૭૮

## ઈદે મીલાદુન્નબી ﷺની ધૂમ !

**દયાદરા** : જગતભરમાં મુસલમાનોએ નબી કરીમ ﷺની વિલાદતે પાકના મુબારક દિવસની યાદ મનાવવામાં આ વરસે દર વરસ કરતાં અનેરો ઉત્સાહ તથા ખુશી દર્શાવી. યૂરોપ, અમેરિકા તથા આફ્રિકા, એશિયા સર્વ દેશોનાં શહેરોમાં, ઈદે મીલાદુન્નબી ﷺના મોકા પર ખૂબ જ રોશનીથી ઘરો, મહોલ્લાઓ, મસ્જિદો સજાવાઈ, જુલૂસો ઠેરઠેર નીકળ્યાં. ભરૂચમાં પણ સવારના મોના પાર્કથી મુહમ્મદપુરા સુધી સલાતો સલામ સાથે હજારો લોકો તેમાં જોડાયાં તેમજ શહેરમાં પણ બપોર પછી ભવ્ય જુલૂસ નીકળ્યું હતું, ન્યાઝના પ્રોગ્રામો થયા. દયાદરા ખાતે રાબેતા મુજબ ૧૧મીની રાત્રે ''નઅતિયા ઈનામી મુકાબલો'' અને ૧૨મીની રાત્રે મૌલાના સાદિક઼ સાબરીની શાનદાર તક઼રીર તથા સવારે જુલૂસ બાદ મસ્જિદમાં મૌલાના શાહજહાં મિસ્બાહીની તક઼રીર બાદ બાલ મુબારકની ઝિયારત પછી આમ ન્યાઝ થઈ હતી. તદ્ ઉપરાંત તા. ૫–૩–૨૦૧૦ના રોજ ''મેહફિલે નઅત''નો શાનદાર પ્રોગ્રામ મોટા ફળીયામાં જનાબ ઈલ્યાસ દરબાર તરફથી રાખવામાં આવ્યો હતો.

**વાગરા** : મુક઼ામે તા. ૭–૩–૨૦૧૦ના રોજ ''મેહફિલે સમાઅતે નઅત''નો શાનદાર જશ્ન મનાવાયો જેમાં હઝરત સૈયદ શૌકતઅલી બાવા જંબુસરવાળા તથા હઝરત ગુલામરસૂલ બાવા (ચાંચવેલ) તથા દારુલ ઉલૂમ બુખારીયા ચાંચવેલના ઉલમા વગેરેની હાજરીમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબે શાનદાર નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા, સાથે સાથે ઈસ્લાહી બયાનમાં કેટલાય નવયુવાનોએ દાઢી રાખવા, નમાઝના પાબંદ થવા તથા બાઅખ્લાક઼ જીવન જીવવા, ફિલ્મી ગીતો, નાચગાનનો ત્યાગ કરવાનો વાયદો કર્યો હતો. દૂર દૂરથી આશિક઼ાને મુસ્તફા ઉત્સાહપૂર્વક હાજરી આપી ફયઝ્યાબ થયા હતા.

**આમોદ** : દારુલ ઉલૂમ ''બરકાતે ખ્વાજા–આમોદ''ના વિશાળ ચોગાનમાં જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ નિમિત્તે ''મેહફિલે સમાએ નઅત''નો શાનદાર જશ્ન મનાવાયો જેમાં શરૂમાં મૌલાના ઝહીર દહેગામી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ)એ શાનદાર બયાન કર્યું હતું પછી હઝરત સૈયદ અહમદ રઝા સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના અનોખા પ્યારા અંદાઝમાં નઅત–મન્ક઼બતો પેશ કરી હતી તથા સાથોસાથ હુસ્ને અખ્લાક઼થી જીવવા અને સુન્નતે મુસ્તફા અપનાવવા સુંદર અંદાજમાં નસીહતો કરી હતી.

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લાહરખા ફુટવાળા જણાવે છે કે જંબુસર–ડાભામાં ઘણા જ શાનો શૌકતથી ''જશ્ને ઈદે મીલાદુન્નબી'' ﷺનું જુલૂસ કાઢવામાં આવેલ, નઅતોના ગુલદસ્તા સાથે હઝરત સૈયદ જલાલ અહમદ ઉર્ફે ગંજશહીદબાબાના આસ્તાના પર મૂએ મુબારકની ઝિયારત કરાવવામાં આવી. તથા **ડાભા** મુકામે હઝરત મૌલાના સાદિક઼ સાબરી દહેગામીએ નૂરાની બયાન કર્યું હતું તથા **જંબુસર** મુક઼ામે સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામની સદારતમાં મૌલાના ઈસ્માઈલ અમજદી સાહબ તથા હાફિઝો ક઼ારી જનાબ મહબૂબ સરનારવીનાં શાનદાર બયાનો થયાં હતાં.




# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

3 X 2 લક્ઝરી બસ

**આયોજિત જમવા રહેવા સાથે**

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ સાથે, કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, પાણીપત, દિલ્હી, આગ્રા, ફતેહપુર સીક્રી, જયપુર, મીરાદાતાર પરત ધોળકા.**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/– | રૂા. ૩,૫૦૧/– | ૧૮ |

**બસ ઉપાડવાનું સ્થળ** : તાલુકા પંચાયત, સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા, જિ. અમદાવાદ

**બસ ઉપડવાની તારીખ : ૧૬/૦૫/૧૦, રાત્રે ૧૦.૦૦ કલાકે**

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૫૦૯૫૨૫૪, ૯૭૨૪૬૫૯૮૫૩**

**નોંધ** : ૧. ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી પેસેન્જરના શીરે રહેશે.
૨. તા. ૨૨/૫/૨૦૧૦ અને ૨૮/૫/૨૦૧૦ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે.

## બરકાતે ખ્વાજા (માસિક)ની નોંધણી માટે સંપર્ક કરો

| શહેરનું નામ | નોંધનારનું નામ | કોન્ટેક નંબર |
|---|---|---|
| આમોદ | હાફેઝ અબ્દુર્રહીમ | ૯૪૨૬૮૪૦૨૭૭ |
| ભરૂચ | તારીક઼ભાઈ (મદની ઈલેક્ટીકલસ) | ૯૮૨૪૭૭૪૮૩૭૭ |
| ભરૂચ | હાફેઝ ઈબ્રાહીમ કહાનવી | ૯૪૨૭૧૩૦૨૭૩ |
| ભરૂચ | હેપ્પી ગારમેન્ટ (કતોપોર બજાર) | ૯૯૦૪૩૪૯૯૫૦ |
| ભરૂચ | ઈન્ડિયન ફૂટવેર | ૯૮૯૮૪૧૭૨૯૦ |
| અમદાવાદ | સલીમભાઈ (જમાલપુરવાળા) | ૯૭૨૩૮૨૩૦૬૫ |
| વડોદરા | ઉષ્માનભાઈ | ૯૦૧૬૮૨૨૪૬૧ |
| ભાવનગર | ઈરફાનભાઈ (M.R.) | ૯૩૭૬૯૪૮૨૫૨ |
| સુરત | અઝીઝભાઈ મછાસરવી (અડાજણ દરગાહ) | ૯૮૯૮૭૦૯૨૪૧ |
| સુરત | મકસુદભાઈ રાજવાની | ૯૩૭૪૭૧૧૮૦૬ |
| સુરત | અલ્તાફભાઈ (૯૦ અમન–૧) | ૯૩૭૭૪૪૩૫૭૫ |
| સુરત | મક્તબે રઝા | ૯૩૭૬૬૭૦૩૧૦ |
| સુરત | અકબર પેન્ટર રઝવી | ૯૮૨૪૧૮૨૨૬૩ |
| ચીખલી | ડો. મકસૂદ આઝાદ દયાદરવી | ૯૮૨૪૬૪૩૩૯ |
| ભૂજ | ઈમ્તિયાઝભાઈ લુહાર | ૯૯૭૯૯૬૫૧૧૫ |
| જામનગર | અબ્દુર્રઝઝાક કાસમાણી | ૯૭૨૩૩૫૨૧૫૪ |
| વાંકાનેર | ક઼ારી શાહિદ રઝા | ૯૯૨૫૬૫૫૨૬૬ |
| પીપળીયા રાજ | મૌલાના ઝયનુલ આબિદીન | ૯૭૩૭૦૯૪૩૧૪ |
| જૂનાગઢ | રઝા પેન સેન્ટર | ૯૪૨૬૯૬૯૨૯૫ |
| નડિયાદ | રઝા લાયબ્રેરી | ૯૨૨૮૧૫૦૧૬૬ |
| નડિયાદ | અબ્દુલ ક઼ાદરભાઈ | ૯૯૨૪૫ ૨૬૯૭૮ |
| ભાલેજ | હાફેઝ સઈદ સાહબ | ૯૮૨૪૫૬૪૭૯૧ |
| બીલીમોરા | મુલ્લા એગ્ઝ માર્ટ | ૦૨૬૩૪–૨૮૫૪૪૪ |
| વિરમગામ | મૌલાના મુલતાની રઝવી | ૯૬૦૧૦૭૦૬૩૧ |
| ધોરાજી | બરકાતી બુર્ખા સેન્ટર | ૯૮૨૫૮૮૦૯૯૫ |
| અંજાર | રોશન અલી નક્શબંદી | ૯૦૩૩૧૯૧૩૭૩<br>૯૭૨૩૧૫૬૭૮૬ |
| મુંબઈ | ઈરફાનભાઈ નમકવાળા | ૯૨૨૩૩૨૯૫૭૩ |
| જંબુસર | સૈયદ હશ્મતબાપુ બરકાતી | ૯૯૯૮૨૧૩૮૯૭ |
| જંબુસર | અલ્લારખાભાઈ ફ્રુટવાળા | ૯૪૨૮૦૨૭૦૯૨ |
| પોરબંદર | ઈમરાનભાઈ પાંચા | ૯૨૭૫૧૪૯૨૪૯ |
| પ્રભાસ પાટણ | ખલીલભાઈ સાબરી | ૯૯૨૪૮૩૮૦૧૪ |
| મોડાસા | આરિફ હુક્કાવાળા | ૯૮૯૮૮૪૦૧૪૪ |
| મોડાસા | હાફેઝ યાકુબ ભરૂચી | ૯૯૯૮૩૬૧૩૭૧ |
| વણાકબોરી | મૌલાના અ. ક઼ાદર સાધીવાળા | ૯૮૨૪૪૮૩૪૨૬ |

## સઊદીની યહૂદીના પંથ પર આગેકૂચ !

–::::: કાર્યાલય :::::–

વર્તમાન પત્રોમાં સમાચારો છે કે સઊદી અરબના ઈતિહાસમાં પ્રથમવાર સ્ત્રીઓને અદાલતોમાં વકીલ તરીકે કેસો લડવાની પરવાનગી આપી દેવામાં આવી. *(સહાફત, ૨૩–૯–૨૦૧૦, મુંબઈ)* અત્યાર સુધી સ્ત્રીઓને કેવળ સરકારી ઓફીસોમાં પર્દા સાથે કામ કરવાની ઈજાઝત હાંસલ હતી. અત્યાર સુધી સઊદી અરબમાં સ્ત્રીઓને કોઈ નામહરમ (પર પુરૂષ જેનાથી પર્દો જરૂરી) સાથે અથવા કોઈ મેહરમ વિના અદાલતોમાં હાજરીની રજા ન હતી. સર્વ સઊદી સ્ત્રીઓને નકાબ વિના નીકળવાની રજા નથી અને કાર ચલાવવાની પણ મનાઈ છે તથા ૪૫ વરસની વયની સઊદી સ્ત્રીના માટે એ પણ જરૂરી છે કે કોઈ પુરૂષની રજા વિના સફર ન કરે. તા'લીમ તથા રોજગાર હાંસલ કરવા પણ પુરૂષની રજા જરૂરી છે. પરંતુ હવે એ પાબંદીઓને ક્રમે ક્રમે ખત્મ કરવાના માટે કેટલાંય પગલાં ઉઠાવવામાં આવી રહ્યાં છે. દા.ત. હવે સઊદી સ્ત્રીઓને કોઈ પુરૂષના સાથ વિના હોટલોમાં રોકવાની ઈજાઝત આપી દેવામાં આવી છે. ગયા વર્ષે એક ધાર્મિક આલિમને કેવળ એટલા માટે તેના હોદ્દેથી હાંકી કઢાયો હતો કે તેણે ''સાયન્સ એન્ડ ટેક્નોલોજી યુનિવર્સિટી''માં છોકરા છોકરીઓની મિશ્ર તા'લીમની ટીકા કરી હતી. વળી ''બ્યૂટી હરીફાઈ'' પણ સઊદીમાં કાંઈક અલગ ઢંગથી પણ શરૂ થઈ ગઈ છે ! તો આ બધું શું કુર્આન હદીષથી સાબિત છે ? વહાબીઓના વહાલા બતાવે કે વાત વાતમાં કુર્આન હદીષની દલીલ માંગનાર તથા અસંખ્ય દીની કામોને બિદઅત બિદઅત કહેનારા આ બિદઅત કેમ હજમ કરી રહ્યા છે ?! વાત અસલમાં એ છે કે સઊદી તથા યહૂદીમાં સાંઠ ગાંઠ થઈ ચૂકી છે અને કોને ખબર કે આવનારા વરસોમાં હજી શું શું તમાશા જોવા મળશે ?

## શફાઅત હૈ તુમ્હારી વાહ વાહ !

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

ક્યા હી ઝૌક઼ અફ઼ઝા શફ઼ાઅત હૈ તુમ્હારી વાહ વાહ
ક઼ર્ઝ લેતી હૈ ગુનહ પરહેઝગારી વાહ વાહ

ઉંગ્લિયાં હૈં ફૈઝ પર ટૂટે હૈં પ્યાસે ઝુમ કર
નદિયાં પંજાબે રહ્‌મત કી હૈ જારી વાહ વાહ

નફ઼્સ યે ક્યા ઝુલ્મ હૈ જબ દેખો તાઝા જુર્મ
નાતવાં કે સર પર ઈતના બોઝ ભારી વાહ વાહ

મુજરિમોં કો ઢુંઢતી ફિરતી હૈ રહ્‌મત કી નિગાહ
તાલેએ બરગશ્તા તેરી સાઝગારી વાહ વાહ

ક્યા મદીનેસે સબા આઈ કિ ફૂલોંમેં હૈ આજ
કુછ નઈ બૂ ભીની ભીની પ્યારી પ્યારી વાહ વાહ

ઈસ તરફ રૌઝે કા નૂર ઉસ સમ્ત મિમ્બર કી બહાર
બીચમેં જન્નત કી પ્યારી પ્યારી ક્યારી વાહ વાહ

સદકે઼ ઉસ ઈન્આમ કે કુર્બાન ઉસ ઈકરામ કે
હો રહી હૈ દોનોં આલમમેં તુમ્હારી વાહ વાહ

પારએ દિલ ભી ન નિકલા દિલ સે તોહફેમેં **'રઝા'**
ઉસ સગાને કૂસે ઈતની જાન પ્યારી વાહ વાહ

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. મન્સૂરી યુવતી** : જ. તા. ૧૭–૧–૧૯૮૮, ઊંચાઈ : ૫.૪૫', એજ્યુ. એસ.એસ.સી., મેંદી કલાસ, સીલાઈ કામની જાણકારી, નોકરીયાત–ધંધાદારી એવો નેક સુન્ની યુવાન પસંદગીને પાત્ર (વલસાડ તરફ)

**૨. મન્સૂરી યુવતી** : જ. તા. ૨–૮–૧૯૮૯, એજ્યુ. એસ.એસ.સી., ઊંચાઈ : ૫.૩', હાલ સિલાઈકામ, ઘરકામ, નોકરીયાત ધંધાદારી એવો નેક સુન્ની યુવાન પસંદગીને પાત્ર (વલસાડ તરફ)

**૩. કુરૈશી યુવતી** : ઉમર : ૨૨ વર્ષ, એજ્યુ. **T.Y.B.A.**, રંગ–ગોરો, ઊંચાઈ : ૫.૫' (નવસારી તરફ)

**૪. મોમિન યુવતી** : જ. તા. ૧૨–૧૧–૧૯૮૧, ઊંચાઈ : ૫–ફૂટ, એજ્યુ. **B.B.A.**, માર્કેટિંગ, ભાષા : ગુજરાતી, હિંદી, અંગ્રેજી જાણનાર, ટેલરિંગ, કુકીંગ જાણનાર (સંપર્ક માટે મો. ૯૮૨૪૩ ૬૭૨૨૩, આણંદ તરફ)

**૫. ઘાંચી યુવાન** : ઉંમર : ૪૦ વર્ષ, ૨–છોકરા, (૧૧ તથા ૧૨ વર્ષના) તથા ૧–છોકરી (૮ વર્ષની), પત્ની ગુજરી ગયાં છે. માસિક આવક : રૂા. ૧૦,૦૦૦/–, ઉંમર : ૪૦ વર્ષની આસપાસની નેક, ઘરરખુ, સ્ત્રી પસંદગીને પાત્ર. સંપર્ક મોબાઈલ નંબર : ૯૮૨૫૭ ૯૩૩૬૮ *(ડભોઈ તરફ)*

**૬. ધલ યુવાન** : ઉંમર : ૪૨ વર્ષ, પત્ની ગુજરી ગયાં, બે પુત્રો સ્વતંત્ર અલગ રહે છે, પોતે કેબીન ધરાવે છે અન્ય કામ કરે છે. માસિક આવક રૂા. ૭૫૦૦/–, ઘર સંભાળી શકે તેવી યુવતી પસંદગીને પાત્ર. (કચ્છ ભૂજ તરફ)

**નોંધ** : વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧